Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૧
તા.૨૭-૦૯-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૧ સૂર્યાસ્ત : ૦૬:૩૦

તાપમાન
ડીસા ૩૫.૦ | વડોદરા ૩૩.૮
અમદાવાદ ૩૪.૨ | સુરત ૩૩.૦
ગાંધીનગર ૩૫.૦ | નલિયા ૩૧.૮

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાલ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંચાલક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૩૬૪ ફેક્સ : (૦૨૩૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૩ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

પાટીદારોને આર્થિક મદદ માટે આયોગ રચાશે

સમાજની છ મહત્વની સંસ્થાઓ સાથે ત્રણ કલાક વાતચીત : દોષિતો સામે પગલા લેવા હાઈકોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વમાં પંચ રચાશે : શહીદોના પરિવારને સહાય

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા પાટીદાર આંદોલન સંદર્ભે પાટીદાર સમાજની ૬ જેટલી મહત્વની સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ આંદોલનકારી સંસ્થા પાસ અને એસપીજીના કન્વીનરો હાર્દિક પટેલ સહિત તમામ સભ્યો સાથે આજે ગાંધીનગર ખાતે ચર્ચા વિચારણા માટે બેઠક મળી હતી. જેમાં અત્યંત સૌહાર્દપૂર્ણ

વાતાવરણમાં તેઓ દ્વારા જે ચાર મુદ્દાઓ રજુ કરાયા હતા તે માટે ખુબ જ ઉડાણપૂર્વક ચર્ચા થઈ હતી. ચર્ચાના અંતે પાટીદાર સમાજને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે આયોગની રચના કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે ઉમેર્યું હતું કે, પાટીદાર સમાજની ઉમિયા માતાજી મંદિર-ઉંઝા, ઉમિયા માતાજી મંદિર સીદસર, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ, ખોડલધામ-કાગવડ, સમસ્ત પાટીદાર સુરત અને સરદારધામ-અમદાવાદ મળી કુલ-૬ જેટલી સંસ્થાના હોદ્દેદારો સાથે થયેલ ચર્ચા વિચારણાના અંતે પાટીદાર સમાજ દ્વારા મુખ્યત્વે શહીદ પરિવારના સ્વજનોને આર્થિક સહાય-નોકરી, પાટીદાર આયોગ, દમનના કેસો પરત ખેંચવા તથા દોષિતો સામે પગલા લેવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

મીટીંગમાં કોણ કોણ ઉપસ્થિત રહ્યું

રાજ્ય સરકાર અને પાટીદાર સમાજની મીટીંગમાં ઉમિયાધામ-સિદ્દશર, પાટીદાર સમાજ સુરત, કાગવડ ખોડલ ધામ, નિવૃત ઉમિયા ફાઉન્ડેશન, સરદાર ધામ અમદાવાદ, ઊંઝા ઉમિયા ધામ ટ્રસ્ટી મંડળી વગેરે સંસ્થાઓ તેમજ હાર્દિક પટેલ, લાલજી પટેલ, નલીન કોટડીયા, લવજી બાદશાહ, મુકેશ સવાણી, મહેશ પટેલ, રેશમા પટેલ, બાબુનાથ પટેલ, પુર્વીન પટેલ, જયરામ પટેલ, વાસુદેવ પટેલ, જસુ પટેલ તથા કિરીટ પટેલ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અનામત આંદોલન ચલાવત રહેશે : હાર્દિક પટેલ

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, સરકારે અમારી કેટલીક માંગો સ્વીકારી છે જે આવકાર્ય છે. પરંતુ અમારી મુખ્ય માંગ એવી અનામત વિશે કોઈ ચર્ચા વિચારણા ન થતાં અનામત આંદોલન યથાવત રહેશે.

ડીસા, થરાદ અને ધાનેરાની ખાનગી હોસ્પીટલમાં આઈ.ટી.ના સર્ચ ઓપરેશનથી ખળભળાટ

ડીસા

અમદાવાદ અને પાલનપુર ઈન્કમટેક્ષ વિભાગની ટીમ દ્વારા ગઈકાલે બનાસકાંઠા જિલ્લાના ડીસા, થરાદ અને ધાનેરા ખાતે જાણીતા તબીબોના ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરાતાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

અમદાવાદ અને પાલનપુર ઈન્કમટેક્ષ વિભાગની ટીમ દ્વારા ગઈકાલે વેપારી મથક ડીસા ખાતે બે જાણીતા તબીબોની હોસ્પિટલમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયુ છે. જેમાં એક ઓર્થોપેડીક અને એક ગાયનેક તબીબને ત્યાં આઈટી વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમાં હોસ્પિટલના હિસાબો અને અન્ય આર્થિક લેવડ દેવડ વગેરેની તપાસ કરી હતી. આઈટીની ટીમે બપોરથી લઈ મોડી સાંજ સુધી સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યુ હતું. જેના પગલે શહેરના અન્ય તબીબોમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી.

થરાદ શહેરમાં મંગળવારની સાંજના સુમારે આઈ.ટી.વિભાગની ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.જેમાં શહેરની ત્રણ હોસ્પીટલમાં સરકારી અને ખાનગી વાહનોમાં અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે આ બાબતની સ્થાનિક મિડીયા કર્મીઓને જાણ થતાં તેઓ પહોંચી જતાં અધિકારીઓએ તેમના મોબાઈલ પણ લઈ લીધા હતા.જોકે માહિતી ગુમાની શરતે પાછા આપ્યા હતા.ત્યાર બાદ હોસ્પીટલના સ્ટાફના મોબાઈલ પણ લઈ લીધા હતા. જોકે અધિકારીઓએ કામગીરી પુર્ણ થયા બાદ માહીતી આપવાનું જણાવ્યું હતું.બીજી બાજુ શહેરમાં આઈ.ટી.ના દરોડાની વાત વાયુવેગે પ્રસરતાં અન્ય સ્થળોએ પણ અફરાતફરી સાથે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.

ધાનેરા ના બે તબીબોને ત્યા મોડી સાંજે આઈ.ટી. વિભાગનુ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ

અનુસંધાન પાના નં.૬

બનાસ ડેરીને એન.ડી.ડી.બી. દ્વારા રાષ્ટ્રીય ડેરી એક્સલેન્સ એવોર્ડ

રાજ્યમંત્રી બનાસડેરીના સફળ સુકાની પુરવાર

પાલનપુર

ગતરોજ ૨૬ સપ્ટેમ્બર એન.ડી.ડી.બી.ના સ્થાપના દિવસે ડેરીઓને પ્રોત્સહીત કરવા માટે ડેરી એક્સેલન્ટ એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભારત સરકારના કેબીનેટ મંત્રી રાધામોહનસિંહ, મંત્રી પુરષોત્તમ રૂપાલા અને મંત્રી શંકરભાઈ ચૌધરી તેમજ એન.ડી.ડી.બી.ના દીલીપ રથ સાથે ભારતભરની અંદાજે ૨૦૦ ડેરીઓના ચેરમેન અને

અધિકારી ગણની ઉપસ્થિતિમાં બનાસડેરીને પ્રથમ ક્રમાંકે એવોર્ડ, ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂા.૫ લાખનું ઈનામ એનાયત કરવામાં આવેલ. જેથી એશિયાભરમાં નંબર વન બનેલી બનાસડેરીની ઝળહ ળતી વિકાસ ગાથા અને યશ કલગીમાં વધુ એક સુવર્ણ પિંછ ઉમેરાયું છે. જેનાથી બનાસવાસીઓની છાતી ગજગજ ફૂલી છે. જેના કારણે રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી બનાસડેરીના સફળ સુકાની પુરવાર થયા છે.તેમની દૂરંદેશી અને આગવી સુઝબુઝથી બનાસડેરીએ વિકાસની હરણફાળ ભરી છે. જેનો જિલ્લાના પશુપાલકોને ભરપુર લાભ મળી રહ્યો છે. તેથી ડેરી સાચા અર્થમાં પશુપાલકોની જીવાદોરી પુરવાર થઈ છે. આ રાષ્ટ્રીય એવોર્ડ તેનું જીવંત પ્રમાણ છે. અનુસંધાન પાના નં.૬

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • ખેંચ-વાઇ • લકવો-પક્ષાઘાત • મગજનો ટીબી • થાઇરૂ • ગરદન અને કમરના મણકાની તકલીફો • વાદ-સાન્નિત ઓછી થવી • હાથપગની ધ્રુજારી • નસોની નબળાઇ • હાથપગમાં ઝણઝણાટી • સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન મો.૯૪૨૩૮૫૫૭૦૭
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડૉક્ટર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે મળશે.
પાટણ જનતા હોસ્પિટલ
સરદાર રોડ, પહેલા રેલવે નાળા પાસે, પાટણ - ૩૮૪૨૬૫
ફોન : ૦૨૬૬૬-૨૩૪૨૦૦, ૨૩૦૪૦૧
સમય : સવારે ૧૦-૦૦ થી ૬પછી ૨-૦૦ કલાક સુધી
દર શુક્રવારે મળશે.
ડીસા રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા.ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી પેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને સુકાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

ડીસામાં ખાદી-પ્રદર્શન સહ - વેચાણ

પંડિત દિનદયાલ ઉપાધ્યાય જન્મ શતાબ્દી તથા પૂ. મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે તા.૨૫-૦૯-૧૭ થી તા.૦૨-૧૦-૧૭ સુધી ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવેલ છે.

-: સ્થળ :-
સાંઈબાબા મંદિર બગીચા પાસે, ડીસા
મો.૯૯૨૫૦૦૮૦૪૭

ડીસા પાલિકાના પ્રમુખશ્રી પ્રવિણ ગોરધનજી માળીના વરદ્હસ્તે પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

-: આયોજક :-
જય હિન્દ ખાદી ગ્રામોદ્યોગ સંઘ - પાલનપુર
ખાદી અને ગ્રામોદ્યોગ કમીશન (ભારત સરકાર)
શિક્ષણ વિભાગ - (ગુજરાત સરકાર)

સૂર્યોદય - ૬.૩૧ સૂર્યાસ્ત - ૬.૩૦

તિથિદર્શન આસો સુદ-૭ બુધવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :સાતમ બુધવાર નવરાત્રી નક્ષત્ર : જ્યેષ્ઠા સવારે ૯.૫૮ પછી મુળ યોગ :સાધુમમાં કરણ : વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

જીર્ણમન્નં પ્રશંસીયાદ્ ભાર્યા ચ
ગત યૌ વનામ્ રણાત્પત્યાગતં શૂરં
સસ્યં ગૃહ માગતમ્

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ' સામાન્ય નીતિ' નો આ શ્લોક છેઃ-

'અન્નની પ્રશંસા તે ખાધા પછી પણ સંપૂર્ણપણે પતી જાય પછી જ કરવી અર્થાત્ તે અન્ન નવું- જૂનું પચવામાં હલકું- ભારે કેવું છે તે પછી જ પ્રશંસા કરી શકાય.

સ્ત્રીની પ્રશંસા તેનો યૌવનકાળ જયારે પૂર્ણ થાય અને પ્રૌઢત્વ પ્રાપ્ત કરે અર્થાત્ 'મનોપોઝ' સમય આવ્યા પછી તેણીએ યૌવનાળ કેવી રીતે શુદ્ધ ચારિત્ર્યથી પસાર કર્યું તે જાણ્યા પછી જ જાય. અર્થાત્ યૌવનકાળમાં શુદ્ધ ચારિત્ર્ય હોવું જોઈએ.

શૂરવીર યોદ્ધા- સૈનિકની પ્રશંસા જયારે તે યુદ્ધમાંથી વિજય પ્રાપ્ત કરી ઘરે પાછો આવે પછી જ થઈ શકે.

અને ખેતરમાં ઊભેલો પાક દેખાય તો છે સારો પણ લણ્યા પછી ખળામાંથી કોથળા ભરી ઘરના કોઠાર સુધી પહોંચ્યા પછી જ સારા પાકની પ્રશંસા થાય કારણ કે કઈ ઘડીએ કુદરતનો પ્રકોપ વધારે વરસાદ- કરાં- વાવાઝોડાં ત્રાટકે અને સરસ ઊભેલા મોલનો સોથ વળી જાય એ શકય છે. એટલે કે, જેનો અંત સારો હોય ત્યારે જ તે પ્રશંસાને પાત્ર બને છે.

આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં મૂંઝવણ રહે.
વૃષભ : (બ.વ.ઉ.) જીવનસાથી સાથે મતભેદ સર્જાય. નાણાંકીય બાબતે સંભાળવું.
મિથુન :(ક.છ.ઘ.) માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક : (ડ.હ.) નોકરીયાત વર્ગને લાભ થાય. મન પ્રફુલિત રહે.
સિંહ : (મ.ટ.) ચિંતાનો ઉકેલ મળે. કૌટુંબિક અશાંતિ દૂર થાય.
કન્યા : (પ.ઠ.ણ.) અગત્યના પ્રશ્નો હલ થાય. લાભની તક સાંપડે.
તુલા : (ર.ત.) માનસિક બોજરેશન દૂર થાય. તમારા પ્રયત્નો ફળદાયી નીવડે.
વૃશ્ચિક :(ન.ય.) અકસ્માતથી સંભાળવું. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
ધન : (ભ.ફ.ધ.) મનની મુરાદ મનમાં રહે. સંતાનવર્ગથી લાભ થાય.
મકર : (ખ.જ.) ગૃહજીવનમાં સમસ્યાનો ઉકેલ મળે. વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે.
કુંભ : (ગ.શ.સ.) આર્થિક સમસ્યા હળવી બને. ઘીરજની કસોટી થાય.
મીન : (દ.ચ.જ.ઝ.)વિરોધીઓથી સાવધ રહેવું. શત્રુ પક્ષ પ્રબળ બને.

આજનો દિન મહાન - યશવંત કડીકર

એક સફળ ગ્રંથપાલ તરીકે પુસ્તક વર્ગીકરણ 'કોલન પધ્ધતિ' નું નિર્માણ કરનાર અને પાછળથી સંશોધન કરીને ડોખ્ય કલાસીફિકેશન (વિસ્તૃત વર્ગીકરણ) ની આગવી પધ્ધતિના યોજક ડો. શિપાલી રામામૃત રંગનાથની પુણ્યતિથિ છે.

અમેનો જન્મ ૯-૮-૧૮૯૨ ના રોજ તામિલનાડુના તામેર જિલ્લાના શિયાલી ગામે થયો હતો.

ભારત સરકારે ૧૯૫૭માં એમને 'પદ્મશ્રી' નો ખિતાબ આપ્યો હતો.

૨૭-૯-૧૯૭૨ ના રોજ એમનું અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રમેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ-૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થની કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
શ્રીજી ઈન્વેસ્ટમેન્ટ માર્કેટ
Black Market Trend
Reg. No. : GUJGSU / 2010 / 35414
www.Investmentpoint.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૯૮૦૮ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

તા.૨૬.૦૯.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૮૫૭) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૯૭૦૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંભવે ૯૯૯૮ પોઈન્ટ થી ૯૯૦૦ પોઈન્ટ, ૯૯૧૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના દાખવે છે. ૯૦૦૮ પોઈન્ટ આસપાસ સાવચાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

૧) HDFC લિમિટેડ (૧૭૪૧) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાંરૂ.૧૭૨૨ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૧૨ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળેરૂ.૧૭૬૪ થી રૂ.૧૭૭૭ નો ભાવ નોંધાવે તેવી શકયતા છે....!! રૂ.૧૭૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) લ્યુપિન લિમિટેડ (૧૦૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૯૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!!રૂ.૯૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૧૯ થી રૂ.૧૦૨૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવનાછે...!!

૩) સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૨૫૮) :- રૂ.૧૨૪૦ પ્રથમ તેજર રૂ.૧૨૨૭ ના બીજા સપોર્ટથી સિમેન્ટસેકટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૭૯ થી રૂ.૧૨૮૮ સુધીની તેજી તરફી રુખનોધાવશે....!!

૪) લાર્સેન (૧૧૫૭) :- કન્સ્ટ્રકશન સેકટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૭૪ થી રૂ.૧૧૮૧ નાભાવની સંભાવના દાખવે છે.!! રૂ.૧૧૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો.....!!

૫) ઓરબિન્દો ફાર્મા (૩૦૬) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૮૬ નાસ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૨૬ થી૨.૩૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ક્રિત્મ.....!!

મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો

૧) HDFC બેન્ક (૧૭૯૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૧૭૦૮ આસપાસનફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૭૬ થી રૂ.૧૭૬૧ ના ટાર્ગેટ ભાવની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૧૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) ડીવીઝ લેબ (૮૬૧) :- રૂ.૯૭૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૯૩ નાસ્ટોપલોસે વેચવાલાયક ....!! તળકડાવાર રૂ.૯૪૪ થી રૂ.૯૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) સિલાઝન્સ ઇન્ડ. (૮૧૯) :- રીફાઇનરી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૩૮ નાસ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાદી ઘટાડે રૂ.૮૦૮ થી રૂ.૭૯૬ ના ભાવની આસપાસ નફો બુકકરવો....!!

૪) TCS લિમિટેડ (૨૪૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક રૂ.૨૪૦૦આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૪૫૧ થી રૂ.૨૪૩૩ ના ટાર્ગેટ ભાવની શકયતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષીરૂ.૨૪૯૪ સ્ટોપલોસ ધ્યાને લેવો.....!!

૫) મારુતી ઉદ્યોગ (૭૮૯૫) :- રૂ.૭૯૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોકરૂ.૭૯૭૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તળકડાવાર રૂ.૭૮૭૦ થી રૂ.૭૮૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૯૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

કાંકરેજ બક્ષી મોરચાની કારોબારી બેઠક યોજાઈ

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના બક્ષી મોરચાની કારોબારી બેઠક ડુંગરાસણ ગામે યોજાઈ હતી. આગામી ચૂંટણીને અનુલક્ષીને કાંકરેજ તાલુકામાં યુવા સંમેલન, મહિલા સંમેલન, કિશાન મોરચા કારોબારી બાદ બક્ષી મોરચાની કારોબારી બેઠકનું આયોજન કરાયું જેમાં તા.૩૦ મીના રોજ કાંકરેજ તાલુકા બક્ષી મોરચાનું સંમેલન યોજવાનું હોઈ. આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, પ્રદેશ કિશાન મોરચા ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલાએ આગામી ચુંટણીમાં કાંકરેજમાં ભાજપના ઉમેદવારોને બહુમતિથી વિજય બનાવવા હાંકલ કરી હતી. આ કાર્યક્રમમાં તા.ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, બક્ષી મોરચા ઉપપ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, સુખદેવસિંહ સોઢા, મફાજી સોલંકી, કરણસિંહ વાઘેલા, બાભુભાઈ દેસાઈ, બક્ષી મોરચાના પ્રમુખ કપુરસિંહ પરમાર, મહામંત્રી જશવંતભાઈ રાવળ, થરા શહેર બક્ષી મોરચાના પ્રમુખ જેઠાભાઈ જગાણી, મહામંત્રી દિનેશભા ઘાંઘોસ, યુવા પ્રમુખ ઝોણભા વાઘેલા, અનુજાતિ મહામંત્રી કરશનભાઈ વેલસિંહ પરમાર બક્ષી મોરચા મંત્રી વિનોદપુરી ગોસ્વામી વગેરે હાજર રહ્યા હતા.

કાંકરેજ તાલુકાના આઠ ગામોમાં સર્વે માટે નવીદિલ્હીની ટીમના ધામા

નવીદિલ્હીના ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડીયા દ્વારા સર્વે કરાયું


વિજય ત્રિવેદી

પ્રતિનિધિ શિહોરી

કાંકરજ તાલુકાના આઠ ગામોમાં ભારત મિશન યોજના અંતર્ગત બનાવવામાં આવેલ શૌચાલયોનું નવી દિલ્હીની ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા સર્વે હાથ ધરાયું હતું. જેમાં નાથપુરા - ૩૦, તાણા ૩૦, ઉંબરી - ૩૦, અરણીવાડા - ૩૦, ઝાલમોરા - ૩૦, આકોલીમા વાસ - ૩૦, ચેખલા -૬૦, વડા - ૧૦૦ આમ કુલ આઠ ગામોમાં ૩૪૦ જેટલા લાભાર્થીઓના શૌચાલયોનું સર્વે ઓફ એક વેરિફીકેશન કરાયું. જેમાં નવી દિલ્હીના વિશાલરાય (એસ.એસ. એલ.) ક્વોલીટી એસોસીએટ (ક્યુ.સી.આઈ.) અને કાંકરેજ તાલુકાના પંચાયતના વિપુલ કાપડી (બ્લોક કો.ઓર્ડીનેટર કાંકરેજ) તેમજ જેતે ગ્રામ પંચાયતના સરપંચ અને લાભાર્થીને સાથે રાખી શૌચાલયનું ૧૦૦% નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જોકે નવી દિલ્હી ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા સર્વે તપાસ હાથ ધરાતાં લોકો જાગૃતતા સાથે સત્યથી વાકેફ થયા હતા અને આ સર્વેથી કેટલા લોકો શૌચાલયનો ઉપયોગ કરે છે કે કેમ ? તે પણ ખ્યાલ આવે સાથે - સાથે કાંકરેજના કેટલા ગામો ઓડિએફ છે તેની પણ ખબર લોકો સુધી પહોંચે તેવા ઉમદા હેતુથી સર્વે કામગીરી કાંકરેજ તાલુકાના વિકાસ અધિકારી એ.એમ.પટેલની રાહબારી હેઠળ દિલ્હીના વિશાલરાય (એસ.એસ. એલ.) ક્વોલીટી એસોસીએટ અને કાંકરેજ બ્લોક કો-ઓર્ડિનેટર વિપુલ કાપડી દ્વારા કરાઈ હતી. જે તા.૨૮/૯/૨૦૧૭ સુધી ચાલશે તેવું ન્યુ દિલ્હીના વિશાલરાય દ્વારા જાણવા મળ્યું હતું.

દાંતા તાલુકામાં ગેરેજ સંચાલકો દ્વારા ગ્રાહકોની સરેઆમ લૂંટ

દાંતા

દાંતામાં અને તાલુકામાં ઠેર ઠેર જગ્યાઓ ઉપરગેરેજો વગર લાયસન્સે ધમધમી રહી છે અને ખુલ્લેઆમ ઉઘાડી રીતે ગ્રાહકોને લૂંટી રહ્યા છે. ગેરેજોના નિયમો અનુસાર ગ્રાહકોમાં આઈડી પ્રુફ લીધા વગર અને રજીસ્ટર વગર પોતાની મનમાનીથી કાચા બીલ બનાવી મનફાવે તેવી રીતે રૂપિયા ખંખેરી રહ્યા છે. આવીજ એક ઘટના દાંતા મુકામે જોવા મળેલ છે. અન્ય ઈસમના બાઈકો અન્ય લઈને આવે છે અને ગેરેજોવાળા પોતાના સ્વાર્થ ખાતર રજીસ્ટ્રેશન કરાવ્યા વગર વાહનોને રીપેર કરી મન ફાવે તેમ કાચા કાગળમાં બીલ બનાવી ગ્રાહકોને સરેઆમ લૂંટી રહ્યા છે. જેમાં લાગતાવળતા અધિકારી તાત્કાલિક તપાસ હાથ ધરી યોગ્ય કાર્યવાહી કરે તેવી ગ્રાહકની માંગ છે.

ડીસામાં બે ભાઈઓ પર બુટલેગરોનો હુમલો

ગઇરાત્રે દારૂ પકડાતા બાતમી આપી હોવાનો વહેમ : સંત અન્ના હાઈસ્કૂલ પાસે બોલાવી હુમલો કર્યો : એક ભાઈ પર ચપ્પા વડે હુમલો

ડીસા

ડીસામાં સોમવારે રાત્રે એલસીબી પોલીસે રેડ કરી દારૂ ઝડપી લેતા ત્રણ બુટલેગરોએ બે ભાઈઓ પર પોલીસને બાતમી આપી હોવાનો વહેમ રાખી ચપ્પા વડે હુમલો કરી ઈજા પહોંચાડતા બંનેને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

ડીસામાં એલસીબી પોલીસ દ્વારા સોમવારે મોડી રાત્રે ડીસામાં વિદેશી દારૂની રેડ કરી હતી જે અનુસંધાને આ રેડની બાતમી પોલીસને ડીસાના રીસાલા બજાર ગાંધીચોક ખાતે રહેતા દિલીપ નવીનભાઈ મોદીએ આપી હોવાનો વહેમ રાખી ડીસામાં દારૂનો ધંધો કરતા નીકો મોદી, વિપુલ મોદી અને જીગ્નેશ ઉર્ફે જીગો મોદી દ્વારા મંગળવારે બપોરે દિલીપને ફોન કરી સંત અન્ના હાઈસ્કૂલ હાઈસ્કૂલ પાસે બોલાવ્યો હતો. દિલીપ ત્યાં આવતાં ત્રણેય બુટલેગરો દિલીપને 'તું કેમ પોલીસને બાતમી આપે છે' તેમ કહી તેની ઉપર ચપ્પા વડે હુમલો કર્યો હતો. દિલીપને હાથ ઉપર છાપાના ઘા માર્યા હતા અને તેની સોનાની ચેન ખેંચી લીધી હતી. જ્યારે દિલીપ લોહી લુહાણ થઈ જતા ની સાથે આવેલા તેના ભાઈ જયેશ નવીન ભાઈ મોદી તેને ડીસા સિવિલ હોસ્પિટલ લઈ જતા ત્રણેય બુટલેગરોએ એ તેમનો પીછો કરી જયેશને સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં હુમલો કરી ગડદાપાટુનો મા૨ મારતા કાનના વાગેથી લોહી નીકળવા માંડ્યુ હતું. આ બનાવની જાણ તાત્કાલિક પાલનપુર જિલ્લા પોલીસ કંટ્રોલમાં કરાતા કંટ્રોલ દ્વારા મેસેજ અપાતા ડીસા દક્ષિણ પોલીસ નો સ્ટાફ દોડી આવ્યો હતો અને દિલીપ મોદીની ફરિયાદના આધારે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે એલસીબી પોલીસે ગઈરાત્રે ડીસામાં રેડ કરી ૮.૪૩ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો જેની અદાવત રાખી બાતમી દિલીપે આપી હોવાનું જણાતાં ત્રણેય બુટલેગરોએ હુમલો કર્યો હતો.

ડીસા ખોડીયાર પાર્ક ખાતે ધારાસભ્યએ માતાજીની આરતી ઉતારી

ડીસા

ડીસાના ખોડીયાર પાર્ક ખાતે નવરાત્રિ ગરબાનું આયોજન કરાયું છે. જ્યાં શેરી ગરબાની પરંપરા જીવંત જોવા મળી રહી છે. ગતરોજ ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ખોડીયાર પાર્ક ખાતે માં અંબાના દર્શન કરી માતાજીની આરતી ઉતારી હતી. તેઓએ પિતાંબરભાઈ મહેશ્વરી, રાજુભાઈ મહેશ્વરી, ઓમભાઈ માળી, સુરેશભાઈ પટેલ, લલીતભાઈ દોશી, વિપુલભાઈ શાહ, રાજુભાઈ અગ્રવાલ, બીપીનભાઈ ઠક્કર તેના આયોજનને ભિરદાવ્યું હતું. આ પ્રસંગે પ્રકાશભાઈ ભરતીયા તથા દિપકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં જશ્ને શહીદે આઝમ નિમિત્તે તકરીર યોજાઈ

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા હુસૈની ચોક ખાતે ગત રાત્રિના સુમારે શહીદે આઝમ નિમિત્તે ભવ્ય તકરીરનો પ્રોગ્રામ ડોલીવાસ યુવા કમિટી દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે માલેગાંવ (મહારાષ્ટ્ર) થી પધારેલા સૈયદ અમીનુલ કાદરી સાહેબે જણાવ્યું કે હઝરત ઈમામ હુસૈને પોતાના ૭૨ સાથીદારો સાથે સત્યની લડાઈ માટે કરબલાના મેદાનમાં હજરૂરો યઝીદો સામે લડાઈ કરી શહીદી વહોરી લીધી હતી તેની યાદ અપાવી હતી. છ મહિનાના બાળકને યઝીદોએ ૩ દિવસ પાણી ન આપતા હઝરત અબ્બાસ ઘોડા પર પાણી લેવા જતા યઝીદો તલવારના ઝાટકા મારી તમને શહીદ કરી નાંખતા જીવંત દફેાંત રજુ કરતા ઉપસ્થિત સૌ કોઈની આંખમાં આંસુ આવી ગયા હતા.

આ પ્રસંગે સૈયદ મહંમદઅલી બાવા તથા સૈયદ હસનઅલીબાવાએ કરબલાના મેદાનનાં દફેાંતો આપી હુસૈનની કુરબાનીને જીવંત રાખવા જણાવ્યું હતું. આ પ્રસંગે સૈયદ અજરઅલીબાવા તથા તનવીર રઝા (કૈઝી) (દિવગઢ), હઝરત મૌલાના અ.હકીઝ (અમદાવાદ), મૌલાના સિર્કદર હયાત, ખલીફાયે રૌખુલ ઈસ્લામ, મૌલાના મંહમદ સુલતાન અસગરી તથા મૌલાના શૌકતઅલી અકબરી સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવવા ડોલીવાસ યુવા કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી.

મુડેઠા ગ્રામ પંચાયત કચેરી જર્જરીત હાલતમાં

પ્રતિ. મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ખાતે આવેલ ગ્રામ પંચાયત કચેરી છેલ્લા કેટલાક સમયથી ખુબજ જર્જરીત થઈ ગઈ છે. કચેરીમાં આવેલ સિમેન્ટના ખોપડા ઉખડી રહ્યા છે. તો બીજી તરફ કચેરીમાં પીવાના પાણીની, પંખાની કે કોમ્પ્યુટરની સુવિધા નથી જેથી પંચાયતના કામે આવતા ખેડૂતોને પરેશાની વેઠવી પડે છે. આ બાબતે તલાટી અવિનાશભાઈ રાવે વારંવાર ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતાં કચેરીનું મરામત થતું નથી કે સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી. જર્જરીત મકાનના કારણે પંચાયતના તલાટી કે અરજદારોને માથે જોખમ રહે છે ત્યારે આ બાબતે જિલ્લા કક્ષાએથી માંગણી કરવામાં આવે તેવી માંગ છે.

કલીકુંડ તીર્થે ઉપધાનતપનું આયોજન

ડીસા

સરસ્વતી લબ્ધપ્રસાદ પૂજ્ય આ.ભં.વિ.રત્નસુંદરસૂરીશ્વર જી મ.સાહેબની શુભ નિશ્રામાં પ્રભાવક તીર્થધામ કલીકુંડતીર્થ પોળકા મધ્યે સંવત ૨૦૭૪ ના પોષ સુદ-૨ તા.૨૦-૧૨-૨૦૧૭ થી મહાવદી-૧ તા.૯-૨-૨૦૧૮ સુધી ઉપધાનતપનું આયોજન થશે. ઉપધાનતપ પાંત્રીસુ, અઠ્ઠાવીસુ, અઠારીયાનો તપ કરવાની ભાવનાવાળા પોતાના નામ કલીકુંડ તીર્થમાં નોંધાવી શકશે તેમના ફોર્મ હસમુખભાઈ વેદલીયા પાસેથી મેળવી શકાશે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાશે.

જગાણા મુકામે અમૃતપેય કેન્દ્ર દ્વારા આયુર્વેદ ઉકાળો અપાયો

સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા ખાતે ગુરૂમહારાજની મંદિરની જગ્યામાં આયુષ-કચેરી તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજયવતી અમૃતપેય કેન્દ્ર આયુર્વેદ ઉકાળા વિતરણ કરાયું હતું. જેમાં રોગચાળાથી બચવા અકસીર ઔષધિ ઉકાળો તમામ શાળાઓના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ઉકાળો આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય અધિકારી ડો.નિલમબેન જેગોડા, પ્રહલાદભાઈ પરમાર, મોતીભાઈ જુંઝા, રતીભાઈ લોહ, અજિત જુંઝા વગેરે ગ્રામજનો મુખ્ય હાજર રહ્યા હતા. જગાણા ગ્રામ પંચાયતના સાથ- સહકારથી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

પાંથાવાડામાં પથ સંચલન યોજાયુ

દિનેશ ત્રિવેદી

પ્રતિ. પાંથાવાડા

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા પાંથાવાડામાં રવિવારે વહેલી સવારે પથ સંચલન યોજાયું હતુ.જેમાં મેઈન બજાર, મક્તપુર થઈ પરત ફર્યું હતું.જ્યાં વિજયા દશમીનું વિધિવત રીતે શસ્ત્ર પુજન કરવામાં આવ્યું હતું.ગંગેશ્વર મહાદેવ મંદીરના મહંતશ્રી ૧૦૦૮ સદાગીરી મહારાજે આશીર્વચન આપ્યા હતા.જેમાં તાલુકા કાર્યવાહ ભરતભાઈ ચૌધરી,મુખ્ય વક્તા પારસભાઈ પઢીયાર,માવજીભાઈ પટેલ અને દિનેશભાઈ મેવાડા ઉપસ્થિત રહ્યા હતા.

લવાણા ગામે પર્યાવરણ જીવનશૈલી કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ લવાણા

આપણા જીવનમાં પર્યાવરણનુ ખુબજ મહત્વ રહેલ છે પર્યાવરણ અને આપણી જીવન શૈલી વચ્ચે કેવો તાલ મેળ છે જે લોકો જાણી શકે જેના ભાગ રૂપે ગત રોજ લાખણી તાલુકા ના લવાણા ગામે પર્યાવરણ જીવનશૈલી ને અનુરૂપ કાર્યક્રમ યોજાયો હતો.

લાખણી તાલુકાના લવાણા ગામે આવેલ રાજીવ ગાંધી ભવનમાં ઓર્ગેનાઈજ ટ્રસ્ટ ના ઉપક્રમે ગુજરાત ઈંદોલોજી કમિશન ગાંધીનગર ડો. અશોક-કુમાર સક્સેના જનરલ મેનેજર નિશચલભાઈ જોશી તેમજ ડાયરેક્ટર સંપતની પ્રેરણાથી પર્યાવરણ જીવનશૈલી કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉપસ્થિત લોકોને ઉર્જા પાણી વૃક્ષ જૈવિક ખોરાક ઘનકચરો નિકાલ તેમજ જાહેર પરિવહન ઉપર સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તો ઓર્ગેનાઈજ ટ્રસ્ટ ના સદસ્ય ચંદ્રિકા બહેન અને પ્રવીણભાઈ દ્વારા પર્યાવરણ ના પોસ્ટરોનું પ્રદર્શન કરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે લવાણા ગામના સરપંચ દેમાંબહેન રાજપુત ઉપ સરપંચ નારાંબહેન ચૌહાણ સામાજિક કાર્યકર બી.ડી. ગોલેતર લવાણા ગામના રેવન્યુ તલાટી ડી.વી.વાઘેલા પ્રાથમિક શાળા ના આચાર્ય એસ. ડી.ગોલેતર સી. આર.સી વિજયસિંહ વાઘેલા વકીલ સેષાભાઈ મજીરાણા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

ભાભરમાં રોહિત સમાજની મીટીંગ યોજાશે

તા.પ્રતિ. ભાભર

ભાભર ખાતે રોહિત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા.૧-૧૦-૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પરમાર વાસ ભાભર નવામાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. રોહિત સમાજની મીટીંગમાં શ્રી રોહિત સમાજ સેવા ટ્રસ્ટ ભાભરનું બંધારણ નક્કી કરવામાં આવશે. તેમજ કારોબારી કમિટી અને હોદ્દેદારોની નિમણુંક પણ કરવામાં આવશે. આ ઉપરાંત ટ્રસ્ટની નોંધણી બાબતે ઠરાવ કરવામાં આવનાર ઠોઠ સમાજના તમામ અગ્રણીઓ, કાર્યકરોને મોટી સંખ્યામાં મીટીંગમાં હાજર રહેવા ભાભર પાલિકાના નગર સેવક સુરેશભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

ડીસા ખાતે આજે તાલુકા કિસાન મોરચાની કારોબારી બેઠક મળશે

(પ્રતિ.) મુડેઠા

ડીસા માર્કેટયાર્ડ ખાતે આજે તા.૨૭/૯/૨૦૧૭ ના રોજ સવારે ૧૦ કલાકે ડીસા તાલુકા ભાજપ કિસાન મોરચાની કારોબારી બેઠક યોજાશે. જે પ્રસંગે ઉપસ્થિત રહેવા કિસાન મોરચાના પદાધિકારીઓ તથા સદસ્યોને તાલુકા વિકાસ મોરચાના મીડીયા કન્વીનર સાદુલસિંહ રાઠોડે જણાવ્યું છે.

ભીલડી કોલેજમાં સંચાલકો ન મળતા વિદ્યાર્થીઓમાં રોષ

પોલીસે વિદ્યાર્થીઓને સમજાવી મામલો માંડ થાળે પાડ્યો

કંચનજી ઠાકોર

તા.પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાની નવી ભીલડી બી.એમ. મહેશ્વરી આર્ટસ કોલેજમાં ફી મુદ્દે સામસામી ફરિયાદો બાદ વિદ્યાર્થીઓએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના નેજા હેઠળ આવેદનપત્ર આપ્યું હતું. જેથી પ્રિન્સીપાલે ચાર દિવસમાં થતા પગલા ભરવાની ખાત્રી ઉચ્ચારી હતી. પરંતુ ગઈકાલે પાંચમા દિવસે કોલેજમાં પ્રિન્સીપાલ કે સંચાલકો હાજર ન મળતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

આ બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયોજક ધવલ જોષીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ આવેદનપત્રમાં સમય મર્યાદા આપેલ હતી. તેમ છતાં કોલેજના કોઈ જવાબદારો હાજર નથી. તેથી વિદ્યાર્થીઓ સાથે ખોટું થતુ હોવાનું જણાઈ આવે છે પરંતુ આ બાબતે અમો ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં રજૂઆત કરી આંદોલન છેડીશું. જ્યારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના જિલ્લાની પાંખના શૈલેષદાન ગઢવીએ પણ કોલેજ યુનિવર્સિટીના નિયમો કરતા બમણી ફી વસુલ કરે છે. તે શરમજનક છે. તેથી કોલેજને તાળાબંધીની ચિમકી ઉચ્ચારી હતી. જો કે કોલેજમાં પ્રિન્સીપાલ કે સંચાલકો હાજર ન મળતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ છવાયો હતો. પરંતુ ઢોડી આવેલા ઈન્ચાર્જ પી.એસ. આઈ. ગોધેએ સમય સૂચકતા વાપરી વિદ્યાર્થીઓને સમજાવી મામલો માંડ થાળે પાડ્યો હતો.

ધાનેરાના ખેડૂત ખાતેદારો દ્વારા રેલવે ફાટક પરના રસ્તા બાબતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયુ

એન.કે. મોદી

ધાનેરા

ધાનેરા શહેરના રેલવે લાઈન બાજુના સર્વે નંબરના ખેડૂત ખાતેદારો ને શહેરમાં આવવા માટે રેલવે ના ફાટક નંબર ૧૩૪ અને ફાટક નંબર ૧૩૫ ના રસ્તે થઈ ને આવતું હતું પરંતુ ધાનેરા રેલવે લાઈન જેતે સમયે મીટર ગેજમાંથી બ્રોડ ગેજ થતા આ ખેડૂતોના ફાટક નંબર ૧૩૪ અને ૧૩૫ ને રેલવે અધિકારીઓ દ્વારા બંધ કરવનું કહેવાયું હતું જે રસ્તાઓ હવે રેલવે તંત્ર દ્વારા બંધ કરવામાં આવતા રેલવેની લાઈન ની બાજુમાં આવેલા ખેડૂત ખાતેદારો ને ખેતરમાં જવામાટે રસ્તાનો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે ત્યારે અહીંના ખેતરોમાં રહેતા ખેડૂતોના બાળકો પણ અહીથી જ પસાર થતા હોય છે ત્યારે આ રસ્તો બંધ થતા બાળકોના શિક્ષણ પર પણ અસર થાય છે ત્યારે આ તમામ ખાતેદારો દ્વારા આજે ભેગા થઈ પપ ખાતેદારોની શહી સાથેનું આવેદન પત્ર પ્રાંત અધિકારી ને આપવામાં આવ્યું હતું અને ખેડૂતોને ખેતરમાં આવવા જવાના રસ્તાની તાત્કાલિક ધોરણે યોગ્ય વ્યવસ્થા કરાય તેવી માંગણી કરવામાં આવી હતી

ડીસાના ઉમિયાનગર માંથી વિદેશી દારૂ ઝડપાયો

પોલીસે રૂ.૮.૪૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લા પોલીસની એલસીબીની ટીમ દ્વારા સોમવારે મોડી રાત્રે ડીસા શહેરના ઉમિયાનાગર ખાતે ઓચિતી રેડ કરી રૂ. ના વિદેશી દારૂ સાથે કુલ રૂ.૮.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ ભુટલેગરોની અટકાયત કરી હતી જ્યારે પાંચ શખ્સ નાસી છૂટ્યા હતા.

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર દ્વારા જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી. આઈ.જે. એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના ગણપતલાલ, ડાહયાભાઈ,બિલાલ,ભરત,પ્રકાશચંદ્ર,દિગ્વિજયસિંહ,ભરતજી અને જયસિંહની ટીમ ડીસામાં પેટ્રોલિંગમાં હતી.ત્યારે ડીસા શહેર માં સોમવારે મોડી રાત્રે ઉમિયાનાગર સોસાયટીમાં અંકુર મોટી અને અન્ય માણસો દારૂની સ્વીફટ ગાડી નંબર જ્ત ૨૭ છછ ૧૪૯૯ તથા મોપેડ-૩(એકટીવા,ઈંટરનો,મેસ્ટ્રો) અને મોટર સાઈકલ-૨ એમ કુલ મળી છ વાહનોમા વિદેશી દારૂની હેરાફેરી કરે છે તેવી બાતમી મળતા પોલીસે રેડ કરી હતી.

જેમાં સ્વીફટ ગાડીમાંથી તેમજ પાંચ દ્વિ ચક્રીય વાહનોમાંથી વિદેશી દારૂ અને બિયરની બોટલ નંગ-૬૪૦ કિ.રૂ.૮૨૦૦૦, સ્વિફટ ગાડી કી.રૂ.૬ લાખ તથા પાંચ દ્વિ ચક્રીય વાહનો કિ.રૂ.૧.૬૦ લાખ તેમજ મોબાઈલ ત્રણ કિંમત રૂ.૧૫૦૦ એમ કુલ રૂ.૮.૪૩.૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ગંગારસિંહ છેલસિંહ દેવડા (રહે-પાલડી, તા-સંચોર, જી.જાલોર,રાજ.),

અનુસંધાન પાના નં.૬

થરાદના નાગલામાંથી લગ્નના ઈરાદે સગીરાનું અપહરણ કરાતાં ચકચાર

બાજુમાં ખેતર ધરાવતો યુવક ઉપાડી ગયાની આશંકાની ફરીયાદ

થરાદ

થરાદના નાગલા ગામમાંથી એક ખેતરના ભાગીયાની સગીરપુત્રીનું લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરતાં ચકચાર મચવા પામી હતી.સગીરાના પિતાએ આશંકાની બાજુમાં ખેતર ધરાવતા યુવક અને તેને મદદગારી કરનારા સામે થરાદ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

થરાદ તાલુકાના ઉંદરાણા ગામનો એક શ્રમજીવી પરિવારે તાલુકાના નાગલા ગામમાં પટેલ કરમશીભાઈ સવદાસભાઈના ખેતરમાં છાપરૂ બનાવી ભાગથી વાવેતર કર્યું હતું.ગત તારીખ ૦૪/૦૯/૨૦૧૭ના સવારના સુમારે પરિવારની ૧૪ વર્ષની પુત્રી અચાનક ગુમ થઈ જતાં તેની આજ સુધી તપાસ કરવા છતાં પણ તે મળી આવી ન હતી. બીજી બાજુ તેમના ખેતરની નજીકમાં ખેતર ધરાવતો ધનજીભાઈ વાઘાભાઈ પટેલ નામનો યુવક અવારનવાર તેમના છાપરે આવતો હોઈ તેના પર તેણીને ભગાડી ગયાની આશંકાની તેમજ ભગાડવામાં બીજા માણસોનો પણ હાથ હોઈ તેમની સામે પોલીસ ફરીયાદ સગીરાના પિતાએ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

કાંકરેજ તાલુકાના મોટા જામપુર ખાતે પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરાતાં લોકોમાં આનંદ...

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

ગુજરાત સરકાર દ્વારા લોકોને આરોગ્યલક્ષી સેવાઓ ઘર આંગણે ઝડપી મળી રહે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી છેવાડાના ગામડાની પ્રજાને ૧૦૮ ઈમરજન્સી વા-અભયમ- માં અમૃતમ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જ્યાં નથી ત્યાં નવા શુભારંભ કરાઈ રહ્યા છે.

કાંકરેજ તાલુકાના મોટા જામપુર ખાતે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુખદેવસિંહ સોઢાના હસ્તે પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખુલ્લુ મુકવામાં આવ્યું. જેનાથી મોટા જામપુર અને આજુબાજુના ૧૨ જેટલા ગામોને આરોગ્યની સુવિધા મળશે. મંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૧૨ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રસંગે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બાબુભાઈ દેસાઈ, રાઠોડ વાસના સરપંચ રંગુજી ઠાકોર, ભેમાભાઈ ચૌધરી, અમૃતભાઈ જોષી, રમેશભાઈ જોષી, સોમાજી રાઠોડ, પ્રેમજીભાઈ ચૌધરી ઉપરાંત આજુબાજુના ગામોના સરપંચો, આંગણવાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર તથા સ્ટાફ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પેટા આરોગ્યકેન્દ્ર શરૂ થતાં મોટા જામપુર ગ્રામજનોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

બનાસકાંઠા મહાકાલ સેનાની વાર્ષિક બેઠક મળી નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં મહાકાલ સેના એક બિન રાજકીય મોટું સંગઠન છે. જે માનવતા અને સમાજ માટે કામ કરે છે. આ મહાકાલ સેના ની ડીસા ખાતે વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં સંગઠન ના નવીન હોદેદારો નિમાયા હતા.

ગુજરાત મહાકાલ સેના ના સ્થાપક સંજયસિંહ રાઠોડ ની પ્રેરણા અને કિપાલસિંહ ચાવડા ના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા મહાકાલ સેના જિલ્લામાં અનેક માનવતા વાદી, જનસેવા અને સામાજિક કાર્યો કરી રહી છે. ત્યારે મહાકાલ સેના ને બનાસકાંઠા જિલ્લામાં એક વર્ષ પૂર્ણ થતાં ડીસા ખાતે મહાકાલ સેનાની વાર્ષિક સાધારણ સભા ગુજરાત ઉપાધ્યક્ષ બળવંતસિંહ રાઠોડ ની અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા અધ્યક્ષ તરીકે સર્વાનુમતે આઈ. ડી.રાજપૂત અને મહામંત્રી પદે પ્રદીપસિંહ ચૌહાણ ને કાર્યરત રખાયા હતા. જ્યારે જિલ્લા ઉપપ્રમુખ પદે ભરતસિંહ ગોહિલ વાવ, શૈલેશસિંહ વાઘેલા કાંકરેજ, સંજયસિંહ રાજપૂત થરાદ, મંત્રી પદે ભગવાનસિંહ સોલંકી વડગામ, ધનભા ચૌહાણ ડાભેલા જિલ્લા સંગઠન મંત્રી પદે રમેશસિંહ પરમાર થરાદ, ડો. જગદીશસિંહ ચૌહાણ પાલનપુર, જિલ્લા સલાહકાર સમિતિમાં કિરીટસિંહ પરમાર વાસણા, અશોકસિંહ વાઘેલા ભડથ, મુકેશસિંહ વાઘેલા લાખણી, ગોવુભા દલપતસિંહ કાંકરેજ સહિત વિવિધ તાલુકા પ્રમુખ અને તાલુકાના હોદેદારો પણ નિમાયા હતા.

અખબારી અહેવાલનો પડઘો

થરાદના લેડાઉ ગામે મામલતદાર અને ટીડીઓ દ્વારા સર્વે હાથ ધરાયું

સંજય જોષી

પાલનપુર

થરાદ તાલુકાના લેડાઉ ગામે વરસાદના ૬૦ દિવસ થઈ ગયા હોવા છતાં ગામ અને ખેતરમાં હજુ સુધી પાણીમાં ગરકાવ છે અને ગામના તમામ રસ્તાઓ બ્લોક છે ગામલોકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ નિકાલ ના આવતાં છેવટે મીડીયાનો સહારો લેતા આ સમાચારમાં છપાયેલ અહેવાલના પગલે થરાદના મામલતદાર, ટી.ડી.ઓ તેમજ રેવન્યુ તલાટી દ્વારા ગામનું સર્વે કરી પાણીના નિકાલની કામગીરી હાથ ધરાઈ છે. થરાદ લેડાઉ ગામની પાણીની સમસ્યા માટે તાત્કાલીક સર્વે કરી લેડાઉ ગામે મશીન મુકી પાઈપ

અનુસંધાન પાના નં.૬

શિહોરી-દિયોદર રોડ ઉપર બાઈક અને કાર વચ્ચે અકસ્માતમાં ત્રણ ઘાયલ

પ્રતિ. શિહોરી

કાંકરેજના મુખ્ય મથક શિહોરીથી દિયોદર રોડ ઉપર ટેલીફોન એક્સચેન્જ ઓફીસ પાસે બપોરે એક બાઈક ચાલક પોતાના બે સંબંધીઓ સાથે દિયોદર તરફ જઈ રહ્યા હતા. તેમની આગળ અલ્ટો ગાડી જતી હતી ત્યારે બાઈક ચાલકને અચાનક બીપીની તકલીફ થતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં બાઈક ગાડીની પાછળ ટકરાતાં જમીન ઉપર ત્રણેય પટકાયા હતા.

આથી બાઈક ચાલક સહિત પાછળ બેઠેલા વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થતાં શિહોરી ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

અનુસંધાન પાના નં.૬

શિકરીયા ગામે પંચાયતના બોર ના કેબલ ની ચોરી...

દાંતીવાડા

દાંતીવાડા તાલુકા માં આવેલ શિકરીયા ગામે ગામ પંચાયત દ્વારા નવા શિકરીયાં ગામે પંચાયત ના બોર નો કેબલ કોઈ અજાણ્યા ઉસમો દ્વારા રાત્રી ના સમયે અંધારા નો લાભ કઈ ને અંદાજિત રૂપિયા ૩, હજાર ની કિંમત કેબલ ચોરી ગઈ હોઈલ ત્યારે આજ રોજ સોમવાર ના સરપંચ શ્રી કમુબેન દ્વારા ડીસા પોલીસ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપવામાં આવી હતી ત્યારે હાલ પોલીસે ચોર ને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મગફળીના ટેકાના ભાવ પણ ખેડૂતોના પ્રાણ પ્રશ્નો યથાવત

પ્રતિનિધિ ગેળા

રાજય સરકારે ચૂંટણી ટાંણે ખેડુતોને યાદ કરી મગફળીના ટેકાના ભાવ જાહેર કર્યા છે. તેવા આક્ષેપો કરી ભારતીય કિસાન સંઘના કાર્યકર પટેલ જગતાભાઈ (પેપરાલ) એ ખેડુતોના પ્રાણ પ્રશ્નો યથાવત હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતુ કે લાખણી અને થરાદ તાલુકાના ૨૦ ગામોમાંથી નદી પસાર થાય તે ગામોના ખેતરોમાં આડબંધ કે પાણી રોકવા સહાય ચુકવવી જોઈએ, ખેતરોમાં પશુઓ

અનુસંધાન પાના નં.૬

દીઓદરમાં રૂ.૧૪૮.૫૯ લાખના ખર્ચે આધુનિક બસ સ્ટેન્ડ બનશે

તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર પંથકની પ્રજાને સુવિધા યુક્ત નવિન બસ સ્ટેશનની ભેટ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ધરી છે.આ બસ સ્ટેશન ૨૦,૦૦૦/- ચો.મી.ના જમીન વિસ્તારમાં બનાવવામાં આવશે.જેમાં પ્લેટફોર્મ, વેઈટીંગ હોલ,સ્ટેન્ડ ઈન્ચાર્જ રૂમ,એ.ટી.આઈ.રૂમ,વિદ્યાર્થી પાસ રૂમ,બુકીંગ રૂમ,

અનુસંધાન પાના નં.૬

ડીસા નગરપાલિકા
ટેન્ડર નોટીસ

આથી જેહિકેશનનું કામ કરતાં તમામ વેપારી ભાઇઓને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં જાહેર રસ્તાઓની સફાઈ ૧૦૨૧૭ ના તથા ૧૦૨૨૭ ના ઠોડીંગની ફ્રેમો બનાવી નગરપાલિકા સુધવે તે સ્થળે ઉભી કરવા માલ સામાન, મજૂરી, ટેક્ષ સહીના ભાવો તા.૧-૧૦-૨૦૧૭ સુધી ડીસા નગરપાલિકાને મળી તે રીતે સારપીએઝેડીથી ભાવો મંગાવવામાં આવે છે.

(૧) ૧૦૨૧૭ ના ઠોડીંગ ફ્રેમ ૧૦૦૨૫૦ એમએમ(૧૯.૫ ફુટ) સેનલ નંગ-૨, ૪૦૨૪૦ એમએમ પાઇપ, ૩.૨૫૩.૨૫ ફુટનો ગાળો ૨૦૦૨૦૦ એમએમ/૮ એમએમ પ્લેટ ફીટીંગ સાથે નંગ-૧ ના ભાવ

(૨) ૨૦૨૧૭ ના ઠોડીંગ ફ્રેમ ૧૦૦૨૫૦ એમએમ(૧૯.૫ ફુટ) સેનલ નંગ-૩, ૪૦૨૪૦ એમએમપાઇપ, ૩.૨૫૩.૨૫ ફુટનો ગાળો ૨૦૦૨૦૦ એમએમ/૮એમએમપ્લેટ ફીટીંગ નંગ-૧ ના ભાવ

શરતો :

(૧) ભાવ સાથે રૂા.૫૦૦૦/- નગરપાલિકામાં ભરેલ ડીપોઝીટની પાવતી/એફડીમાર ખાનાની ૨૬મ મોકલવાની રહેશે.

(૨) સેનલ જમીનમાં ૨'' થી ૩' ફુટ ઉંડામાં કાઉન્ડેશન ભરી ઉભી કરવાની રહેશે.

(૩) ભાવ મંજૂર/નામંજૂર કરવાની સત્તા મુખ્ય અધિકારી ડીસા નગરપાલિકાની રહેશે.

(૪) કોઇપણ પ્રકારનું શરતી ભાવ માન્ય ગણાશે નહી.

(૫) વર્ક ઓર્ડર મળ્યે દિન-૫ માં કામગીરી શરૂ કરવાની રહેશે.

નં.ન.પા./સેની/વસી સને ૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા.૨૬-૦૯-૨૦૧૭

ડીસા નગરપાલિકા

ભાજપના રાજમાં વિકાસ ગાંડો થયો છે : ગોવાભાઈ દેસાઈ

ધારાસભ્યના લોક સંપર્ક કાર્યક્રમમાં સરકારી સહાય - વિકાસથી વંચિત વૃધ્ધ પેન્શન, વિધવા સહાય તથા મફત મકાન સહાયથી વંચિત લોકોની દર્દભરી રજુઆત

ડીસા

ડીસા વિભાગના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ દ્વારા દર સોમવારે યોજાતા લોક સંપર્ક કાર્યક્રમમાં સરકારી સહાયથી હજુ પણ વંચિત વિધવા સહાય, વૃધ્ધ પેન્શન યોજના, વયવંદના સહાય યોજનાથી વંચિત બહેનોએ તથા ગામડાઓમાં ગરીબ લોકોને મફત પ્લોટ તથા મકાન સહાય મળેલ નથી. તેમને સહાય આપવામાં વિકાસની વાતો કરતી સરકારની નિષ્ફળતા સામે આક્રોશ વ્યક્ત કરી તેમને સહાય અપાવવા ધારાસભ્ય સમક્ષ દર્દભરી રજુઆત કરી હતી. સરકારના કેટલાક અવરોધરૂપ નિયમો બતાવી સાચા લાભાર્થીઓને સહાય આપવામાં આવતી નથી તેવી રજુઆત થતાં ધારાસભ્યે સરકારનું ધ્યાન દોરી જરૂરીયાત મંદોને લાભો આપવા હૈયા ધારણા આપી હતી.

આજના કાર્યક્રમમાં લોકોએ ખાસ કરીને વિજળીથી વંચિત વિસ્તારમાં લાઈટ આપવી, શૌચાલયો માટે સહાય આપવી, જુનાડીસામાં માળી સમાજના સાત ખેડૂતોની ખેતીની જમીન તથા બીજા અન્ય ગામોના ખેડૂતોની બીન ઉપયોગી થઈ ગયેલ હોઈ જમીનની ફેર બદલી કરી આપવા, લેબોરેટરી એસાસિએશનના પ્રશ્નો, નગરપાલિકાને લગતા ગટર - પાણી - સફાઈ - રસ્તાના પ્રશ્નો, વિદ્યુત બોર્ડના પુરતા પ્રમાણમાં વોલ્ટેજ આપવા તથા લોડ વધારા અંગેના પ્રશ્નો, પીવાના પાણીના બોર બનાવવા અંગેના પ્રશ્નો, ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના વિકાસના કામો જેવા કે, રોડ, રસ્તા, શિક્ષણ આરોગ્યને લગતા પ્રશ્નોની રજૂઆત ગામ આગેવાનો સરપંચ તથા ડેલીગેટો દ્વારા કરવામાં આવી હતી, ધારાસભ્યે આ અંગે સંબંધિત તંત્રને રજૂઆત કરી ઉકેલ લાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

આજના લોક સંપર્ક કાર્યક્રમમાં ડીસા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના વિવિધ સમાજના આગેવનો, વિવિધ સંગઠનોના હોદેદારો, કાર્યકરો ઉપરાંત ડીસા નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રકાશચંદ્ર ભરતીયા, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

ભારત સરકારના સ્વચ્છતા મિશન હેઠળ ડીસા નગરપાલિકાના ઉપક્રમે સ્વચ્છતા સ્પર્ધા

ડીસા નગરપાલિકાના ઉપક્રમે સ્વચ્છતા સર્વેક્ષણ - ૨૦૧૮ ને મહદંડીબી અનુલક્ષીને શહેરની હોસ્પિટલો, હોટલો, રહેણાંક સોસાયટીઓ વિગેરેની વિવિધ કેટેગરીઓમાં સ્વચ્છતા માટેની હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. સ્વચ્છતાના વિવિધ પેરામીટરમાં બાયો મેડીકલ/સોલીડ વેસ્ટના નિકાલની વ્યવસ્થા ફાઝબુનીક ઘોરણ, રૂમોની સ્વચ્છતા, વ્યક્તિગત તથા કોમન ટોઇલેટની સ્વચ્છતા, પાર્કીંગ વ્યવસ્થા, બાગ બગીચાના ઘન કચરાનું વર્ગીકરણ, સ્ટાફની પોષક સુધ્કતા તેમજ સંતુલના આરપાસની ઓવરફલોવ સફાઈની તારીખ ૨૯-૦૯-૨૦૧૭ ના રોજ સુધીની વ્યવસ્થા ધ્યાને લઇ ઘરાસણી હાથ ધરવામાં આવનાર છે. ઘરાસણીના અંતે શ્રેષ્ઠ કામગીરી કરનાર હોસ્પિટલો, હોટલો, રહેણાંક સોસાયટીઓ, વ્યવસાયિક, ઔદ્યોગિક, સ્વૈચ્છીક સંસ્થાઓને ઇનામ વિતરણ કરવામાં આવશે.

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ માં ડીસા શહેરને ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત થાય તે માટે શહેરની તમામ વ્યવસાયિક, ઔદ્યોગિક, સ્વૈચ્છીક સંસ્થાઓ અને રહેણાંક સોસાયટીઓ, જાહેર સ્વચ્છતા થકી સ્વચ્છતા પ્રાપ્ત કરે તે માટે અભાવ વૃધ્ધ સહુને સ્વચ્છતાના આ મહાયજ્ઞમાં જોડાઇ પોતાનું યોગદાન આપવા તેમજ ડીસા નગરપાલિકાને સહકાર આપવા જાહેર વિનંતી કરવામાં આવે છે.

નવરાત્રી નિમિત્તે માં અંબે ના આર્શીવાદ સાથે શુભેચ્છાઓ...

રૂા.૫/-થી ૫ કિલો સુધી
એક સાફ અને ખુશબુદાર કાલ માટે...
એજન્સી લેવા માટે સંપર્ક કરો : 9925758226, 9327393275

તંત્રી સ્થાનેથી ...

જીવનમાં શિક્ષણ કરતાં ચારિત્ર્યની કિંમત વધુ છે.

યુનોની સભામાં પાકિસ્તાનની ટીકા કરતાં મુસ્લિમ રાષ્ટ્રો!

અમેરિકી કોંગ્રેસના એક વાર્ષિક રિપોર્ટમાં કહેવાયું છે કે આતંકવાદ બાબતે પાકિસ્તાન બે મોઢાની વાતો કરે છે. પાકિસ્તાન લશ્કર એ તૌયબા અને જૈશ- એ- મોહંમદ જેવા આતંકી સંગઠનોને સુરક્ષા પુરી પાડે છે. તેમજ આર્થિક મદદ કરે છે. વળી પાકિસ્તાન આતંકવાદ સામે લડવા અમેરિકા પાસેથી અઢળક સહાય લે છે આ એક પ્રકારની છેતરપીંડી જ કહી શકાય. ભારતના વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે યુનોની સભામાં પાકિસ્તાનને આડે હાથ લઈ આતંકવાદનું ઉદ્‌ગમ સ્થાન ગણાવ્યું છે, આમ બધા જ દેશોની હાજરીમાં સ્વરાજે આવું કહ્યું ત્યારે પાકિસ્તાન ચોંકી ઉઠ્યું હતું. બીજા દેશો પણ વિચારવા લાગ્યા કે જો પાકિસ્તાન અમેરિકા પાસેથી નાણાં લઈને ત્રાસવાદને મદદ કરતું હોય તો અમેરિકાએ પાક.ને ફુટી કોડી પણ આપવી જોઈએ નહિં.

પાકિસ્તાનમાં અમેરિકી રાજદૂત રહી ચુકેલા વિલિયમ મિલાપ અને ઓબામા સરકારમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં દક્ષિણ એશિયા વિભાગના ડાયરેક્ટર ફિલીપ રિનરે પણ પાક.ની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ પર આતંકી સંગઠનો સાથે સાટગાંઠ રાખવાનો આરોપ લગાવ્યો છે, હકીકતમાં આઈ.એસ.આઈ.ના ઈશારે પાકિસ્તાનમાં સ્થિર થયેલા તમામ આતંકી સંગઠનો જયા ત્યાં વિસ્ફોટો આચરવાના પ્લાનો ઘડે છે.

પાકિસ્તાન આતંકીઓને મદદ કરે છે તે બાબતે ભારત પાસે હાલના તબક્કે મજબુત પુરાવાઓ પણ છે. પાકિસ્તાન આતંકીઓનું શરણ સ્થળ કહેવાય છે. જ્યાં તેમને કોઈ જાતની રોકટોક પણ નથી. પાક.ની જનતા પાક.ના આવા શાસનથી ત્રાસી ઉઠી છે. અમેરિકાએ જેને વોન્ટેડ જાહેર કર્યા છે. તેવા મસુદ અઝહર અને દાઉદ જેવા વોન્ટેડને સાચવીને પાકિસ્તાન દુનિયામાં શું પુરવાર કરવા માગે છે? યુનોની સંખ્યામાં મુસ્લિમ રાષ્ટ્રોએ પાકિસ્તાનની પ્રવૃત્તિઓની ભારે ટીકા કરી છે.

જયારે પાકિસ્તાનની રચના થઈ ત્યારે એવી ધારણા હતી કે આ ધરતી પર મુસ્લિમોને અમન, ચેન અને પોતાનો મજહબ (ધર્મ) પામવા માટે સુકુન રહેશે. પરંતુ આજે પાકિસ્તાનની મસ્જીદોમાં નમાઝ પઢવા જતાં નમાઝીઓ ઉપર બોમ્બ ઝીંકાય છે. કેટલી શરમજનક બાબત કહેવાય! મુસ્લિમ- આતંકીઓ મુસ્લિમોને જ નિશાન બનાવી રહ્યા છે. શાળાઓમાં ભણતાં માસુમ બાળકોને પણ છોડતા નથી.

ત્રાસવાદી સંગઠન જૈશ એ મોહંમ્મદનો ઉદેશ કાશ્મીરને ભારતમાંથી અલગ કરાવીને પાકિસ્તાનમાં ભેળવી દેવાનો છે, ૧૯૯૯ માં ભારતમાંથી વિમાનનું હાઈજેક, ૨૦૦૧ માં ભારતીય સંસદ પર હુમલો, અને ૨૦૧૬ માં પઠાણકોટ પર થયેલો હુમલો મસૂદના ઈશારે કરવામાં આવ્યો હતો. જયારે ૧૯૯૪ માં આતંકી સંગઠન તાલિબાન અસ્તિત્વમાં આવ્યું હતું. જેમાં ૬૦,૦૦૦ આતંકીઓ કાર્યરત છે. અફઘાનિસ્તાનમાં જયારે અમેરિકી લશ્કરે હુમલો કર્યો ત્યારે તાલિબાનના આતંકીઓએ ત્યાંથી ભાગીને પાકિસ્તાનનમાં આશરો લીધો હતો. હાલ પાકિસ્તાન તેનું મુખ્ય હેડક્વાટ-'ર બની ચુક્યું છે. કહેવાય છે કે ૧૯૮૮ માં આતંકી ઓસામા બિનલાદેનની આગેવાની હેઠળ તાલિબાન સંગઠન સક્રિય બન્યું હતું. જેના ૯૨ હજારથી વધુ સભ્યો પાકિસ્તાન અફઘાનિસ્તાન તેમજ અન્ય દેશોમાં પથરાયેલાં છે. આતંકીઓને ટ્રેનિંગ આપવાનો કેમ્પ પાકિસ્તાનમાં કાર્યરત છે. વર્તમાન સ્થિતિ એવી છે કે પાકિસ્તાનની જનતાએ ભારતના સિધ્ધાંતોની ક્યારેય અવગણના કરી નથી. કેમ કે ભારતમાં રહેતા મુસ્લિમ ભાઈઓ- બહેનો જે શાંતિનો અહેસાસ કરી રહ્યા છે. તેવી શાંતિ પાકિસ્તાનમાં નથી..

<u>આસો નવરાત્રિ પર્વ વિશેષ</u>

સંયમિત જીવન સુખી જીવન-૪

૪.સંયમજીવન : ઈશ્વરે મનુષ્યને સમય અને વિવેક બે સૌથી મોટી સંપદા આપીને પૃથ્વી પર મોકલ્યો છે, જેનાથી તે આ સર્વશ્રેષ્ઠ મનુષ્ય જીવનમાં યોગ્ય કાર્યોને સમય મર્યાદામાં પુરા કરી પાછો ફરે છે, જો આપણે આખા દિવસ કરેલા કાર્યોની ઈમાનદારી પૂર્વક સમીક્ષા કરીએ તો આપણને આશ્ચર્ય થશે કે વિવેકને એક બાજુ હટાવી આપણે વ્યર્થ કાર્યોમાં અથવા આળસ પ્રમાદમાં એટલો બધો સમય ગુમાવીએ દઈએ છીએ કે, જાણે આપણી પાસે સમયનો અખૂટ ભંડાર છે. ઈશ્વર દ્વારા આપવામાં આવેલી આ બે મોટી સંપત્તિનો આપણે ઉપયોગ કરી રહ્યા નથી, જેની આપણી પાસે આશા રાખવામાં આવી હતી.

મનુષ્યનું આયુષ્ય લાંબુ હોતું નથી. જીવવા માટે તેને માત્ર ૬૦ થી ૭૦ વર્ષનો નાનકડો સમય મળ્યો છે. વહી ગયેલો સમય પાછો મળવાનો નથી. જે વ્યક્તિ મળેલા સમયનું મહત્વ સમજે છે તેઓ ૬૦-૭૦ વર્ષની ઓછી ઉંમરના સમયમાં એટલું બધું કામ કરી જાય છે. જે અનેક વ્યક્તિ મળીને પણ કરી શકતી નથી. સ્વામી વિવેકાનંદ, શ્રીરામ શર્મા આચાર્ય વગેરે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. સમયનો સાચો ખર્ચ કરો, નહીતર બિનજરૂરી કાર્યોમાંથી બચાવેલો સમય બેકાર ચાલ્યો જશે. એટલું સમજી લેવું જોઈએ કે, "જીવનનો અર્થ છે. સમય જેઓ જીવનને પ્રેમ કરે છે, તેઓ સમયને આળસમાં ન ગુમાવે, કારણ કે, આળસથી વધુ ઘાતકી અને વધારે નજીકનો બીજો કોઈ શત્રુ નથી."

ગાયત્રી શક્તિપીઠ, ડીસા.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ઈ વઉવારુનું શું થતું હશે?

ગતાંકથી ચાલુ

જખમને કારણે એમના શરીરમાં ઘારાં પડી ગયેલાં ને એ ઘારામાં કીડા પડ્યા. ખદબદતા કીડામાંથી જો કોઈ કીડો નીચે પડી જાય ને તરફડવા માંડે તો હઝરત બાબાજાન બેબાળકાં બની જાય. કીડાંનું આદર્શ રહેઠાણ તો પોતાનો પાકી ગયેલો ઘા. એટલે એ કીડાને ધીમેથી પાન ઉપર ઊઠાવીને ફરી પાછો પોતાના શરીરના ઘારા ઉપર મૂકીને કહે- 'અરે... અરે... આ ઘારાનું જન્નત છોડીને ક્યાં જઈશ? નીચે પડી જઈશ તો ખાઈશ શું? અલ્લાહે તને અહીં મોક્લ્યો છે. તો જીવાય ત્યાં સુધી જીવ!'

ભક્ત જલારામને ત્યાં એક રાત્રે ઘોડા ઉપર બેસીને એક મુસાફર આવ્યો. જલો ભગત દોડીને બહાર આવ્યા. પેલા મુસાફરને અંદર લઈ આવ્યા. એણે કહ્યું- 'ભગત, વિશ્રામ કરવા આવ્યો છું; મને પથારી આપો.'

'પણ ભાઈ, પરસાદ તિયાર છે. પરસાદ લઈને...?' જલાબાપાએ એને સમજાવ્યો.

'ના બાપા... મારાથી બોલાતું નથી. એવો થાકોડો ભરાઈ ગયો છે. બે દાડાથી ભાગું છું. પચાસ કોસ કાપી નાખ્યા. મને વિશ્રામ લેવા દયો... બાપા...!'

જલાબાપાએ તાબડતોબ પથારી કરાવી. પેલા મુસાફરે તો પથારીમાં લંબાવ્યું. જલાબાપા દોડ્યા. ભંડારમાંથી લાડવો લઈ આવ્યા અને મુસાફરને માથે પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું- 'ભાઈ, આજ દીતવારની રાત છે. ભૂખ્યા પેટે ના સુવાય. એમ કહીને લાડવો ભાંગીને તેમણે સૂતેલા મુસાફરના મોઢામાં બટકું મૂક્યું. પેલાએ પરાણે બીડાઈ જતી આંખને માંડ- માંડ ખોલીને બટકું લીધું. થોડુંક ચાવ્યું ને ત્યાં પાછી આંખ બંધ થઈ ગઈ. મા જેમ નાના બાળકને પંપાળીને, સમજાવીને ખવડાવે તેમ જલાબાપાએ તેને પંપાળી- પંપાળીને માંડ લાડવો ખવડાવ્યો. પછી પાણી પાઈને કહ્યું- 'લ્યો, મારા રામ! હવે સૂઈ રહો.'

મુસાફર સૂતા પછી જલાબાપાને જે વિચાર આવ્યો તે ડાહીબા જેવો જ વિચાર હતો. ઘોડાની પીઠ માથે બેસીને આ માણસ જો આટલો થાકી ગયો હોય તો પેલા અબોલ જીવનું શું થતું હશે? જલાબાપાનું હૈયું એ વિચાર માત્રથી ખળભળી ઊઠ્યું. એ દોડીને ઘોડો જ્યાં બાંધેલો હતો ત્યાં આવ્યા. ઘોડાના મોંઢામાંથી ફીણના ગોટા હજુય નીકળતા હતા. હાંફતા ઘોડાના નાકમાંથી લોહીની સુકાયેલી રેખાઓ સ્પષ્ટ ઊભરી આવી હતી. એની આંખમાંથી આંસુની ધારા વહીને સુકાઈ ગઈ હતી. જલાબાપાએ જોયું ને તેમનું અંતર ચિરાઈ ગયું.

'અરે રામ... રામ...!' કહીને તેમણે ઘોડા માથેથી જીન ઉતાર્યું. ચોકડું કાઢ્યું ને ઘોડાને પંપાળવા લાગ્યા. ઘોડો એ હેતાળ હાથના અમીને મૌન રહીને પીતો હતો. પણ એ સાથે જ જાણે એની લાગણીઓ ઊભરાઈ ગઈ હોય એમ એની આંખમાંથી અશ્રુની ધારા નીકળી. ઘોડાની આંખનાં આંસુ લૂછતાં જલાબાપાએ દીવડો હાથમાં ઝાલીને ઊભેલા સેવકને કહ્યું- 'ભાઈ, ભંડારીને કોકે ઊનું પાણી મૂકે. આ મારા દેવને પગ ઝારી દઈએ.'

સેવકે દીવડાને એક બાજુ ટેકવ્યો ને ઊનું પાણી કરવા ગયો. જલાબાપાએ ઘોડાને હાથ જોડ્યા ને કહ્યું- 'મારા રામ! મારા પ્રભુ...! તમારો અસવાર જો આટલો થાકી ગયો છે, તો દેવ! તમે કેટલા બધા થાકી ગયા હશો? અને તમે તો મારા ધણીનો ભાર ખેંચ્યો છે. માટે દેવ! મારા રામ, ઉતાવળ કરતા નહીં. આ ખડ તમારી પાસે નાખ્યું છે. એ ખાઓ, ત્યાં હમણાં ઉના પાણીનું ઠામ આવી પૂગશે. એટલે તમારા પગ ઉના પાણીથી ઝારી દઉં; એટલે તમારો થાકોડો ઉતરી જાય... મારા પ્રભુ...!'

ઘોડો એજ ઘડીએ નીચે બેસી ગયો. પણ એણે ખડ સામે નજરે ય કરી નહીં. જલાબાપા પણ ભોંય માથે બેસી ગયા. ઘોડાને માથે પંપાળતાં- પંપાળતાં ઘાસના તરણાં લઈને ઘોડાના મોંઢામાં મૂકવા લાગ્યા. ધીમે ધીમે ઘોડાએ મોં ખોલ્યું ને થોડુંક ઘાસ લીધું. જલાબાપા એક હાથે ઘોડાના પગ દાબે ને બીજે હાથે એને ઘાસ ખવડાવે છે. ત્યાં ઊના પાણીનું ઠામડું લઈને સેવક આવ્યો. સાથે ભંડારી ય આવ્યાં. ભગત જલાની ધરમ ધજાનાં આ ભંડારી એટલે વીરબાઈ માતા! જલાબાપાએ અને વીરબાઈ માતાએ ગરમ પાણીથી ઘોડાના પગ ઝાર્યા... અડધી રાત સુધી એ સેવામાં રોકાયાં.

બસ ડાહીબાને પણ એમ થાય કે પેલી વઉને શું થતું હશે...?

બીજે દિવસે સવારે વારાહીથી સરવીસ આવી ત્યારે હરિભાઈ ત્યાં પહોંચી ગયેલા. ચતુરભાઈને પૂછ્યું- ટંકના કાંઈ સોજ-સમાચાર...? ચતુરભાઈએ કહ્યું. વારાહી સુધી તો કોઈએ ટંક વિશે પૂછ્યું નથી. પણ ચણિયાળાથી હારીજ વચ્ચે ક્યાંક ઉતરી ગયો હોવો જોઈએ.

'ચતુરભાઈ, ગમે એમ કરીને હોધી આપો. મારી બુન તો અપૈયો લઈને બેઠી છે.'

'તે એમાં એટલી બધી કિંમતી વસ્તુ હતી.'

'તો એમાં અપૈયો લેવાની જરૂર કેમ પડી? અપૈયો લે સામેવાળો.' કહીને ચતુરભાઈ હસી પડ્યા. ચતુરભાઈને આ ગણિત ના સમજાયું. લાગણીશીલ હૈયાની વાત આમે ય તર્કથી નથી સમજાતી હોતી...!

હવે બનેલું એવું કે દૂદખા ગામનો એક વાણિયો. પોતાની વહુનું આણું લઈને આવે, તેની આ બેગ હતી. એમણે ઘેર જઈને તપાસ કરી તો ખબર પડી કે બેગ બદલાઈ છે. ડાહીબાની કલ્પના મુજબ વઉ માથે છાણાં થાપ્યાં કે કેમ એ તો ખબર નથી, પણ જેવી સરવીસ દૂદખે પહોંચી કે પેલો વણિક એના દીકરા સાથે ત્યાં ઊભેલો. ચતુરભાઈને તેમણે પૂછ્યું કે, અમારો ટંક રઈ ગયો છે. ચતુરભાઈ બોલવાના જબરા. કહે- 'તમારો ટંક રઈ નથી ગયો. તમે દૂદખે ટંક ઉતારી લીધો. પછી સરવઈ ચણિયાળે પોંચી. ત્યાં શિવરામભાઈ ભારમલભાઈ ઠક્કરની દીકરી ડાહીબેને આ ટંક ઉતાર્યો છે. જલ્દી જાઓ, નહીં તો એ બઈ, પ્રાણ ત્યાગી દેશે...'

'હેં...?' વણિક શેઠનું અહિંસક હૈયું ય ચિરાયું. જલ્દી જલ્દી બળદ ગાડી જોડીને એ ચણિયાળે શિવરામભાઈ ઠક્કરને ત્યાં પહોંચ્યા ત્યારે ડાહીબા એક પગ માથે ઊભા રહીને 'ઓમ નમઃ શિવાય... ઓમ નમઃ શિવાય' નો જાપ જપે... જ્યારે ટંક પોતાને હાથે દૂદખાના વણિક શેઠને સોંપ્યો ત્યારે ડાહીબાએ બે દિવસે અનાજનો દાણો પેટમાં નાખ્યો.

- કનુ આચાર્ય

આ ઉત્સવોની મોસમમાં સેન્ટ્રલ ખાતે અદ્યત્તન ફેશન સ્ટાઈલ્સ સાથે પરિધાનો, ફૂટવેર અને એક્સેસરીઝથી તમારા વોર્ડરોબને ભરપૂર કરો

ફયુચર લાઈફસ્ટાઈલ ફેશન્સના ફેશન ડિપાર્ટમેન્ટલ સ્ટોર સેન્ટ્રલ દ્વારા આ વખતની તહેવારોની મોસમમાં એન્ડલેસ ફેશન રજૂ કરવામાં આવી છે. કામકાજનું સ્થળ હોય કે પારિવારીક મેળાવડો હોય અથવા તો પછી મિત્રોની સાથે હો કે કોઈ ઉજવણીમાં સામેલ હો તમે સ્ટાઈલમાં વસ્ત્રો ધારણ કરો અને સૌથી ઉત્તમ અલગ દેખાઓ. સેન્ટ્રલ તમારી સમક્ષ અદ્યત્તન મેન્સ વેર, વુમન્સ વેર, યુથ વેર, કિડ્સ વેર, ફૂટ વેર, હેન્ડબેગ્સ, લિન્ગરી, કોસ્મેટીક્સ, પર્ફયુમ્સ, ઘડિયાળો, આઈ વેર, સ્પોર્ટ્સ વેર જેવી ૫૦૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સાથે ઉપસ્થિત છે.

મહિલાઓ ફેશન માટેની ઉત્તમ ચીજો વેસ્ટર્ન વેર, એથનિક વેર વગેરેમાંથી પસંદ કરી શકે છે. રફલ સ્ટાઈલ સાથે ટોપ્સ અને ડ્રેસીસ સામેલ છે. જેમાં નેક, શોલ્ડર, હેમલાઈન, કફ્સ વગેરે પર રફલ્સ સાથે એક સ્ટેટમેન્ટ બનાવવાની તમને ખાતરી મળશે. વિવિધ સ્લિવ સ્ટાઈલ્સ જેમકે બેલ સ્લિવ, બિશપ સ્લિવ, સ્લીટ સ્લિવ, રફલ સ્લિવ, બલૂન સ્લિવ, કિમોનો સ્લિવ, કેપ સ્લિવ, પફ સ્લિવ અને કેપ સ્લિવ સાથે તમે પસંદગી કરી શકો છો. વેસ્ટર્ન વેર કે જેમાં ફલોરલ અને ટ્રોપિકલ એમ્બ્રોઈડર્ડ ટોપ્સ, ડ્રેસ, સ્કર્ટસ, શોર્ટસ, જેકેટ્સ, શ્રગ્સ, ક્રોપ શર્ટ અને ડેનિમ્સ સાથે નવું ટ્વિસ્ટ સામેલ છે.

અમેરિકાની કંપની બ્રેડફોર્ડ વ્હાઈટે ગુજરાતમાં વોટર હીટર ઓફર કરવા માટે ભારતની માર્કેટીંગ કંપની બેન્ચમાર્ક સાથે સહયોગના કરાર કર્યા

અમદાવાદ

અમેરિકાની વોટરહીટર ઉત્પાદક કંપની બ્રેડફોર્ડ વ્હાઈટ અને ભારતની માર્કેટીંગ અને સર્વિસીગ કંપની બેન્ચમાર્ક દ્વારા ભારતમાં વોટરહીટર ઓફર કરવા માટે વ્યુહાત્મક કરાર કરાયા છે.

બ્રેડફોર્ડ વ્હાઈટનાં વોટર હીટરનું બેન્ચમાર્ક એજન્સીઝ પ્રા. લિમિટેડ દ્વારા માર્કેટિંગ કરવામાં આવશે, બેસાડી આપવામાં આવશે તથા સર્વિસ કરવામાં આવશે. આ વોટર હીટર્સને શિપીંગ ડેમેજ સહિત માત્ર ૦.૧ ટકાથી ઓછા પ્રમાણમાં ખોટકાવાની ક્રેડીટ મળેલી છે. બેન્ચમાર્ક વોટર હીટર, વોટર ટ્રીટમેન્ટ અને સોલર ફોટો વોલ્ટેઈક ક્ષેત્રે છેલ્લા એક દાયકા કરતાં પણ વધુ સમયથી કામગીરી કરી રહી છે અને બજારનું ઉંડુ જ્ઞાન ધરાવતા નિષ્ણાતો દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. ગેસ, ઈલેક્ટ્રિક, સોલર હીટ પંપ અને હવે કસ્ટમાઈઝ હાઈબ્રીડ વોટર હીટીંગ સોલ્યુશન્સના ક્ષેત્રે બેન્ચમાર્ક વોટર હીટીંગ સોલ્યુશન પ્રોવાઈડર કંપની તરીકે નં.૧ નું સ્થાન ધરાવે છે.

એક સંપૂર્ણ ઓટોમેટીક ગેસ વોટર હીટર - ધ બ્રેડફોર્ડ વ્હાઈટ આઈકોન સિસ્ટમ અને ઈલેક્ટ્રિક વોટર હિટર સિસ્ટમ (UL-174 certified by IEC) ની આજે અમદાવાદમાં તહેવારોની ઓફર તરીકે રજૂઆત કરવામાં આવી હતી.

એફએફએબી ક્રિએશન્સ પ્રાઈવેટ લિમિટેડએ અમદાવાદમાં પોતાના એક્સક્લૂઝિવ સ્ટોરનાં ઉદ્ઘાટન સાથે વિસ્તરણ કર્યું

અમદાવાદ

ભારતમાં પ્રીમિયમ ફેશન ફેબ્રિક્સની દુનિયામાં પ્રતિષ્ઠિત એફએફએબી ક્રિએશન્સે અમદાવાદમાં સી જી રોડ નજીક પોતાનો એક્સક્લૂઝિવ સ્ટોર ખોલ્યો છે. સ્ટોરનું ઉદ્ઘાટન અમદાવાદની જાણીતી લેખિતા, પટકથા લેખક, રેડિયો પર્સનાલિટી અને પત્રકાર સુશ્રી કાજલ ઓઝા વૈદ્યએ કર્યું હતું.

આશરે ૧૮૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળમાં ફેલાયેલા આ નવો સ્ટોર અતિ આલીશાન છે, જ્યાં પરિધાન ઉદ્યોગ અને ફેશનની દુનિયામાં નવીનતમ ચલણ અનુસાર ૫૦૦૦થી વધારે ડિઝાઈન અને ૧ લાખ મીટરથી વધારે ફેબ્રિક ડિસ્પ્લે હશે. આ જ વાત ફેશન અને ટેક્સટાઈલ ડિઝાઈનર્સ, બુટિક, હાઈ-ફેશન ગાર્મેટ ઉત્પાદકો અને નિકાસકારો અને ફેશનનાં શોખીન ગ્રાહકો માટે સ્વર્ગ બનાવે છે. આ જ સ્ટોરમાં ગ્રાહ-કોની જરૂરિયાત અનુસાર ડિઝાઈનોનું કસ્ટમાઈઝેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે અને સાથે સાથે પોતાનાં બીરબી બિઝનેસ ગ્રાહકો માટે સ્વોચેસ, ઈમેજ અને ડિઝાઈન અપેડટનો સપોર્ટ પણ કરશે. કંપનીની ડિઝાઈન લાઈબ્રેરી છેલ્લાં ૧૫ વર્ષનાં વિસ્તૃત સંશોધન દરમિયાન તૈયાર કરવામાં આવી છે, જે વિવિધ કેટેગરીનાં ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે. આ સ્ટોરમાં સિલ્ક ફેબ્રિક, સિલ્ક બ્લેન્ડ્સ, હાથથી વણેલા ફેબ્રિક અને ઉત્પાદન, માનવનિર્મિત ફાઈબરથી બનેલા ફેબ્રિક, કુદરતી ડાઈ અને પ્રિન્ટેડ ફેબ્રિક્સ, ફાઈન લેનિન અને કોટન, હેન્ડલૂમ સિલ્ક બ્રોકેટ, સાડીઓ સ્કાર્વ્સ, સ્ટોલ્સ અને દુપટ્ટા સહિત અન્ય ઘણાં ફેન્સી ફેબ્રિક પણ ઉપલબ્ધ થશે.

ઝી રિશ્તે એવોર્ડ ખાતે આર માધવન સાથે સમીક્ષા જયસ્વાલની ફન ગર્લ ક્ષણ

પોતાના ૨૫ વર્ષો દરમ્યાન, ઝી ટીવીએ એવા મજબૂત પાત્રો અને કહાણીઓનું સર્જન કરવા સાધનરૂપ બનેલ છે જે ભારતીય મધ્યમ વર્ગની વિચારસરણી સાથે સુસંગત હોય, તેઓની આશાઓ અને મહત્વાકા-ક્ષાઓનો આયનો હોય. ચેનલે માર્ગમાં, દેશને અનેક સુપરસ્ટાર્સ આપ્યાં છે જેઓએ લાખો દર્શકોના હૈયાંમાં દાખલ થવા પોતાના માટે કેડી કંડારવા દ્વારા સ્વયં તથા ઝી ટીવી માટે ગૌરવ આણેલ છે — લોકપ્રિય અભિનેતા આર માધવન આનું એક ઝળહળતું ઉદાહરણ છે!

ઝી ટીવીના ઘેલછાપૂર્ણ યુવાનો માટેના શો બનેગી અપની બાતથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર, આર માધવનનો ચેનલ સાથેનો રિશ્તો તાજેતરમાં આયોજિત ઝી રિશ્તે એવોર્ડસમાં સંસ્મરણિય રહ્યો.

જુડવા-૨ના પ્રમોશનમાં હવે વરૂણ ધવન વ્યસ્ત બન્યો

મુંબઈ

બોલિવુડના ઉભરતા સ્ટાર વરૂણ ધવને કહ્યુ છે કે સુપરસ્ટાર બનવામાં હજુ બીજા ૧૫ વર્ષ લાગી જશે. હાલમાં પોતાની જુડવા-૨ ફિલ્મને લઈને વ્યસ્ત રહેલા વરૂણ ધવને કહ્યુ છે કે ભલે તેની સાથે શરૂઆતથી લઈને હજુ સુધી સતત આઠ ફિલ્મો સફળ રહી છે પરંતુ પોતાને સુપરસ્ટાર તરીકે સાબિત કરવામાં તેને ખુબ સમય લાગનાર છે. તે હાલમાં પોતાને સુપરસ્ટાર તરીકે ગણતો નથી.વરૂણે કહ્યુ છે કે બદલાઈ રહેલા સમયની સાથે ચાલવા માટે તે તૈયાર છે. તેનુ કહેવુ છે કે રજનિકાંત, સલમાન ખાન, આમીર ખાન, અને શાહરૂખ ખાન જેવા લોકો પણ છે. તેને આ સુપરસ્ટાર જેવા બનવા માટે ખુબ સમયની જરૂર છે.

વત્સલ શેઠ હાસિલ માટે પાણીની તૈરાકી શીખે છે

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના જસ્ટ મોહબ્બત સાથે ખ્યાતિ પામનારા વત્સલ શેઠે ટેલિવિઝન ઉદ્યોગમાં પોતાનું સ્થાન બનાવ્યું છે અને ટાર્ઝન - ધ વન્ડર કાર (૨૦૦૪), હીરોઝ (૨૦૦૮) સહિતની બોલિવૂડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ટીવી કાર્યક્રમ, હાસિલમાં પાછા આવે છે. વત્સલ કબીર રાયચંદનું પાત્ર અને ઝાયેદ ખાન ઉર્ફ રણવીર રાયચંદના ભાઈનું પાત્ર ભજવે છે. તેણે મોરેશિયસમાં રોમેન્ટિક રોમાંચક કાર્યક્રમ માટે શૂટિંગ કરવાનું શરૂ કરી દીધું છે અને તે તેના તમામ ચાહકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે તેમની તમામ શક્તિઓનું રોકાણ કરી રહ્યાં છે. રસપ્રદ વાત એ છે કે, અભિનેતાના નજીકનાં સ્રોત જણાવે છે કે પાણીની તૈરાકી શીખવા માટે વાસ્તવિક શૂટીંગની અનુસૂચિ પહેલાં થોડા દિવસ પહેલાં અભિનેતા મોરિશિયસ પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં, વત્સલ એક આબેહૂબ પાત્ર ભજવે છે ત્યારથી તે પાણીની રમત કરતાં દેખાશે. જો કે, ટીવી માટે પાણીની રમતની પ્રવૃત્તિઓ કરવા માટે, વત્સલનો ઘણો અભ્યાસ થયો છે. વત્સલ શૂટ માટે અંતિમ ટેક લેવા પહેલાં તૈયારીમાં માને છે. અભિનેતાએ હવે તૈરાકીમાં ઘણો રસ વિકસાવ્યો છે અને કાર્યક્રમનાં મોરિશિયસની સુચી દરમિયાન તે ઘણું કર્યું છે.

'આંખ આડા કાન'

ઢળતી સાંજે મનસુખના પગ ઘર તરફ વળ્યા, મનસુખ નીચું માથું ઢાળીને ચાલતો રહ્યો. કદાચ જો કોઈની સાથે નજર મળતી તો તેને લાગતું કે સામેનો વ્યક્તિ મારી મજાક ઉડાવી રહ્યો છે, સામે મળતા ચહેરાઓ જાણે કે ખડખડાટ હસી રહ્યા છે ને કહી રહ્યા છે કે ભાઈ મનસુખ તે આંખ આડા કાન કરવામાં કશું બાકી જ ન રાખ્યું? મનસુખને લાગ્યું કે બજારમાં બધા મને જોઈને ખડખડાટ હસે છે મારી મજાક ઉડાવે છે. મનસુખને જમીનમાં ઉતરી જવાનું મન થઈ આવ્યું. તેને પોતાની અડતાલીસ વર્ષની ઉંમર જાણે કે પોતે અઠ્ઠાવન વર્ષે પહોંચી ગયો હોય ને જાણે કે થાક અનુભવતો હોય એવું લાગી રહ્યું. જેમ તેમ કરતો તે ઘર પહોંચ્યો. કાળું કામ કરીને આવીને પણ જેના ચહેરા ઉપર કોઈ જ શરમ કે પસ્તાવાનો અણસાર ન દેખાતો હોય એવા ચહેરા સાથે ગવરીએ મનસુખ સામે જોયા કર્યું. 'આવી ગયા તમે ?' એટલું બોલી ને તે ઘરના અંદરના ભાગમાં ઓઝલ થઈ ગઈ. ઢળતી સાંજ, સંધ્યા અને પછીનો દોર શરૂ થયો રાત નો દોર શરૂ થયો. તમરાનો અવાજને ક્યાંક દુરથી સંભળાતો ચીબરીનો અવાજ વાતાવરણમાં ગુંજી રહ્યો. દુઃખના ભાર નીચે માણસને જલ્દીથી ઉંઘ આવતી હોય છે. એ રીતે મનસુખની ઉંઘ ઘેરાવા લાગીને ફરી પાછી ઉંઘ ઉડવા લાગી. થોડીવાર સુઈને ફરી પાછો મનસુખ જાગી ગયો ને ઉંડા વિચારોમાં ખોવાઈ ગયો. જાણે કે મનસુખ પોતાની અંદર ઉતરતો જ ગયો. વિધવા મા નો એક નો એક દિકરો મનસુખ દેખાવમાં ઠીકઠાક ને ભણેલો ખાસ કાંઈ નહી. ફેક્ટરીમાં જે ફેક્ટરી ગામમાં જ હતી તેમાં મજુરી કામ કરતો ને તેમાંથી ઘર ચલાવતો. ઓરમાન માતાની દિકરી ગવરી સાથે મનસુખના લગ્ન લેવાયા. ગવરી દેખાવમાં સુંદરને મનસુખથી ચાર વર્ષ નાની ને મનસુખ કરતાં ચાલાક. કૌશીકનાં જન્મ પછી આ ચાલાક ગવરી ગામમાં લફરા કરવા લાગી હતી. કોઈ જુવાનીયા સાથે મજાક મસ્તી કરવા લાગે તો કોઈ સાથે એકાંત પણ માણી લેવા લાગી. એક વાર મનસુખે હાથ પણ ઉપાડ્યો. ચાલાક ગવરી બે વર્ષના કૌશીકને લઈ પીયર ચાલી ગઈ હતી ને ઘણા દહાડા સુધી સાસરે આવવાનું નામ ન લેતાં બાપડો મનસુખ ગવરીની માફી માંગીને ગવરીને ઘેર લઈ આવ્યો હતો. એકવાર મનસુખે પોતાના કાકા નરોત્તમને કહ્યું હતુ 'કાકા મારે મારી ઘરવાળીના લફરા કેમ કરી રોકવા ? મારે શું કરવું ?' ત્યારે જમાનાને પારખીને ઉંમર પુરી કરવા આવેલ કાકાએ કહ્યુ હતું 'બેટા મનસુખ આંખ આડા કામ હમણાં પુરતા કરી લે કાલે બીજું સંતાન થાય ને ગવરી સુધરી જાય તો તારા ભાગ્ય ગણાશે.' બાકી બળજબરીથી હવે કશું થશે નહીં. સમય સહુ સારા વાનાં કરશે ને મનસુખ આંખ આડા કાન કરવા લાગ્યો હતો. સમય વિતતો હતો બીજા સંતાનનું પણ આગમન થયું પણ ગવરીમાં ઠાવકાઈ ન આવી. અને છેલ્લે બાર મહિના પહેલાં મનસુખ જે ફેક્ટરીમાં નોકરી કરતો હતો તે જે ફેક્ટરીના માલિક સાથે લફરું કરી બેઠી હતી. ગવરીના લફરાને કારણે ફેક્ટરીનાં માલીકે મનસુખનો પગાર વધારીને બદલો વાળ્યો હતો. ગવરી પણ માલિક પાસેથી પૈસા ખંખેરતી થઈ હતી. લોકોની વાતોની અસર ગવરી ઉપર તો થતી નહી પરંતુ મનસુખના ચેહરા ઉપરથી હાસ્ય ગાયબ થઈ ગયું હતું. પહેલાનો ખુશ મિજાજી મનસુખ લગ્ન બાદ ધીરે ધીરે ગમગીન થઈ ગયો હતો. ફેક્ટરીના માલિક સાથેના લફરા બાદ મનસુખ સાવ નિર્જીવ થઈ ગયો હોય એમ લાગતું.

ને હમણાં ચાર દિવસ માટે ગવરીને ફેક્ટરીમાં માલિક કોઈને પણ જણાવ્યા વગર કોઈ હીલ સ્ટેશન ભાગી ગયા હતા. આખા ગામમાં વાત ફુટી ગઈ હતી, ફેક્ટરીના કર્મચારી વર્ગમાં બધે જે આજ વાત હતી કે ગવરીને ફેક્ટરીના માલિક ભાગી ગયા. ચાર દિવસ બાદ ગવરી આવી. ગવરીના ચહેરા ઉપર કોઈ સંકોચ ના હતો પણ આજે મનસુખની ઉંઘ ઉડી ગઈ હતી.

- સમીર બારોટ ચંડીસર

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

મોદક....

સામગ્રી - ૨૦૦ ગ્રામ મેદો, દળેલી ખાંડ ૨૦૦ગ્રામ, કોપરાનું છીણ ૨૦૦ગ્રામ, ઈલાયચીનો ભૂકો બે ચમચી, કતરેલા કાજુ બદામ અડધો કપ, કિશમિશ અડધો કપ, મોણ માટે એક ચમચો તેલ, તળવા માટે ઘી. બનાવવાની રીત - સૌ પ્રથમ મેદામાં તેલનુ મોણ નાખીને તેનો રોટલી જેવો લોટ બાંધીને અડધો કલાક માટે મૂઠી રાખો. હવે કોપરાના છીણમાં દળેલી ખાંડ, ઈલાયચીનો ભૂકો, કાજુ-બદામ કતરેલા, કિશમિશ વગેરે નાખીને તેને મિક્સ કરો. અડધો કલાક પછી લોટના એકવીસ લૂઆ કરો. દરેક લૂઆની મધ્યમ આકારની પૂરી વણો. આ પૂરીમાં ઘાંડ અને કોપરાનું મિશ્રણ ભરીને તેને મોદકનો આકાર આપો. આ રીતે બધા મોદક તૈયાર કરો. એક કઢાઈમાં ઘી તપાવો. ગેસ ધીમો કરી થોડા થોડા કરીને બધા મોદક તળી લો.

લો તૈયાર છે ગણપતિ બાપ્પાનો પ્રસાદ.

ડિપ્રેશન : માનસિક પરાવલંબન

નારી ચેતના

જેમ જેમ તમે સ્વને સાચા અર્થમાં ઓળખશો તેમ તેમ તમારા મનમાં આપમેળે પ્રક્રિયા થશે. પરિણામે તમારો વિકાસ થશે.

'હું ગ્રેજ્યુએટ થયો.તેના પછી બે વર્ષ સુધી નોકરી ના મળી લાગતું કે ભણવાની કીમત જ નથી. મારો આત્મવિશ્વાસ ઘટી ગયો. એવામાં દ્રઢ સંકલ્પ કરીને નોકરી શોધી કાઢી. માંડ માંડ નોકરી મળેલી એટલે હું સતત દબાણ અનુભવતો. મારામાં નોકરી અને ઉપરી માટે સમર્પણનું વલણ હતું. હું કોઈજ નિર્ણય જાતે ન કરતો. મારી સુઝબુઝ ઘણી ખીલતી પણ ઉપરીની આજ્ઞાથી જ કામ કરતો. જે કામ કરવા કોઈ તૈયાર ન હોય એ તમામ કામ હુ કરતો. છતાંય ત્રણ વર્ષ બાદ છ નોકરીમાંથી મને છુટો કરાયો. એક વર્ષ સુધી હું બેરોજગાર રહ્યો. એ દરમિયાન મનેમારા તમામ ગુણોમાંથી ભરોસો ચાલી ગયો. મને ફરી વખત હતાશાનો હુમલો આવેલો. આ વ્યથા રાહુલની હતી. જે તેનામાં આવી ગયેલ સમર્પણના વલણની અસર હતી. દરેક બાળક બાળપણમાં માતા પીતાથી આશ્રીત હોય, જેમ જેમ તે મોટું થાય તેમ તેમ તેનામાં સ્વાવલંબન આવે પરંતુ કેટલાક લોકો સમગ્ર જીવન સમર્પિત રહે છે. કુદરતી સમર્પિત સ્વભાવ ઘણો સારો. પરંતુ નિષ્ફળતા કે સંજોગોને પરિણામે સમર્પણ વિકૃતિ છે. જેને પરાવલંબી વ્યક્તિત્વ કહે છે. અહીં તેની વધુ ચર્ચા કરીએ. જે વાચકને સ્વને ઓળખવા મદદ કરશે તમે જેમ જેમ સ્વને સાચા અર્થમાં ઓળખશો તેમ તેમ તમારી અંદર આપમેળે પ્રક્રિયા થશે. પરિણામે તમારો વિકાસ થશે.

હવે સ્વ એટલે કે સ્વભાવને જાણો. ધ્યાનથી વાંચો ક્યાંક તમને સ્પર્શતો હશે.. જરૂર આ ચર્ચા વારંવાર વાંચો.' સાઈકોથેરાપીસ્ટ અને નારી ચેતના' માં સ્વભાવ વિશેની શ્રેણી ચર્ચાય છે.

રાહુલને નિર્ણય લેવા ઘણી વખત કોઈકને પુછવું પડતું. આ સમસ્યા મહિલાઓમાં ખુબ જ નોંધાઈ છે. આવી વ્યક્તિ સ્વને નબળી સમજે છે. કોલેજમાં ભણતી વેળા મનોરોગ થયો, ગ્રેજ્યુએટ થયા બાદ બે વર્ષ બેરોજગાર થયો. તેથી રાહુલ સ્વને નબળી કે નકામી સમજે તે નોકરી કે સંસ્થામાં જોડાય ત્યારે જ સ્વને સંતુષ્ટ સમજે, એવુ જ સંબંધમાં છે. આવા લોકો સન્માનીત, સફળ અને કાળજી રાખનાર વ્યક્તિના સંબંધમાં હોય ત્યારે સકીય અને ઉત્પાદક રહે છે. તેથી તેની બુદ્ધિ ચાલતી હોવા છતાં તે વિચારે `નહીં, તે સાથી, સ્નેહી, માતા પિતા, ભાઈ-બહેન કે ઉપરીને પુછીને જ નિર્ણય લેવો યોગ્ય સમજે,કેટલાંક કિસ્સામાં કોઈક ઘટના, સંબંધ ગુમાવવાનો અપરાધ ભાવ, કોઈક નિર્ણય લેવાની ભુલ જેવા કારણોથી પણ નિર્ણય શક્તિનો ભરોસો ગુમાવે છે.

જાણકારીના અભાવને કારણે ઘણી વાર કોઈકની મદદ લેવી પડે .બાળપણથી જ વદ્ધિરૂપ બુદ્ધિ ચલાવવાની વંચિત રહ્યા હોય, મનોરોગીઓ વધુ સમય નિષ્ક્રીય રહેવાથી રોજીંદા જરૂરીયાતની માહિતીથી વંચિત રહે છે. માતા પિતા, સાથી કે સગાએ વહેવારૂ જવાબદારી આપી ના હોય, તેથી ખરીદી, બેંક, મિલ્કત, નાના નાના વહીવટી, ઘરમાં રીપેરીંગ કરાવવાના કામ, બહારગામ જવા માટે રેલ્વે કે બસમાં બેસવાને લગતા, શહેરમાં રસ્તા શોધવા જેવી જાણકારી ના હોય. જાણકારીનો અભાવ તેની સુઝબુઝને બુઠ્ઠી કરે છે. પરિણામે તે જાતે માર્ગદર્શન વિચારવાને સ્થાને મદદ પર નિર્ભર રહે છે.

આવી વ્યક્તિ મહદઅંશે સ્વેચ્છાએ જવાબદારી લેતા નથી. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ સુચવે તો જ જવાબદારી છે.

અનુસંધાન પાના નં.૬

લેટનાઇટ પાર્ટી કલ્ચર અને ઇન્ડિયન પરિવાર

બાળ ઉછેર

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માતમાં મોત થયું અથવા નશામાં ફૂટપાથ પર સુતેલા લોકો પર ગાડી ચઢાવી દીધી. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળ આવી લેટ નાઈટ પાર્ટીઓમાં જ હોય છે

લેટ નાઈટ પાર્ટીઓ અને મસ્તી યુવાનોનોને ખૂબ ગમે છે. જેમ જેમ રાત વધુ થાય છે તેમ તેમ યુવા વર્ગ વધુ ને વધુ ખીલે છે. તેઓ તેમના મમ્મી-પપ્પાને ખરાબ લાગે છે કે સારૂ તે નથી વિચારતા પરંતુ યુવાનો તો આ શોખને વળગી જ રહે છે. સવાલ એ છે કે આવી યુવા પેઢી સાથે માતા-પિતા કેવી રીતે તાલમેલ બેસાડે, કેમ કે આવી પરિસ્થિતિમાં તેમને રોકવા તે પણ મુશ્કેલી પેદા કરી શકે તેમ છે. તેઓ તેમના સંતાનોને કંઈ કહેવા જાય તો સંતાનો તેમને જૂના જમાનાના શું કરવું તે જ માતા-પિતાને ખબર નથી પડતી.

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માત થયો અથવા નશામાં ફૂટપાથ પર સુતેલ લોકો પર ગાડી ચઢાવી દીધી. આવા સમાચારો આપણે ખૂબ વાંચતા હોય છે. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળમાં આવી લેટ નાઈટ પાર્ટીઓ થતી જ રહે છે આના ઘણા કારણો છે. મનો વૈજ્ઞાનિકો મુજબ રાતનું મનોવિજ્ઞાન સ્વભાવિક મિત્રવર્તુળ વગેરે કોઈનું પણ ટેન્શન તે સમયે નથી હોતું રાત પૂરી રીતે પતાવવી હોય છે, ફુલ મસ્તીનું વાતાવરણ હોય છે તેથી યુવાવર્ગને રાત ગમે છે. દિવસમાં કોઈ અને કોઈ પ્રકારનું કામ કે જવાબદારી મગજમાં સવાર રહે છે. જો વિદ્યાર્થી હોય તો ભણવાની તલવાર લટકતી હોય છે. નોકરીકર્તા હોય તો બોસનું ટેન્શન, જ્યારે રાત આ પ્રકારના તનાવથી મુકત હોય છે તેથી યુવા વર્ગ આને મન ભરી માણી શકે છે. રાત્રે રસ્તાઓ પર ભીડ નથી હોતી. અને ચારે તરફ સુમસાન હોય છે, તેથી યુવાનોને રાત ગમે છે.

પરંતુ માતા-પિતાને જેમ જેમ રાત વધે તેમ તેમ ચિંતા વધતી હોય છે. આજ કારણે જ ફકત એવા ઘરોમાં નહી જયાં બાળકો રાત્રે ફરી નથી શકતાં પરંતુ એવા ઘરોમાં પણ તનાવ હોય છે જયાં આ પ્રકારની રાત્રે ફરવાની આઝાદી આપવામાં આવે છે. આનું સીધી મોટું કારણ એ છે કે માતા-પિતા પોતાના બાળકોની આઝાદીને લઈને હંમેશા અસમંજસની પરિસ્થિતિમાં રહે છે. તે દુનિયાની પ્રગતિ જોઈને બાળકોને આઝાદી પણ આપવા માંગે છે તો બીજી તરફ તેઓ અસુરક્ષિતતાના માહોલને કારણે બાળકને આઝાદી નથી આપવા માંગતો પરિણામ એ આવે છે કે તેઓ પોતે પણ કન્ફયુઝ થઈ જાય છે. જો પોતાના સંતાનનો આવવાનો ટાઈમ રાતના અગિયાર કે બાર વાગ્યા સુધીનો છે તો તેઓ બહુ ખાસ ચિંતા નથી કરતાં પરંતુ જો તેઓ રાત્રે ત્રણ કે ચાર વાગે આવે તો ગુસ્સાથી લાલચોળ થઈ જાય છે. વાસ્તવમાં માતા-પિતાના આવા વર્તનથી બાળકો પણ કન્ફયુઝ થઈ જતાં હોય છે. તેઓને પણ એ ખબર નથી પડતી કે માતા-પિતા તેમને આઝાદી આપવા માંગે છે કે નહી આ દુવિધા બંન્નેને તનાવ-ગ્રસ્ત કરે છે. કાઉન્સીલર રૂપાનું માનવું છે કે બાળકોને રાત્રે બહાર નીકળવાની અનુમતી આપવી જોઈએ કે ન આપવી જોઈએ. વચ્ચેની સ્થિતિમાં રહી કન્ફયુઝન પેદા ન કરવું જોઈએ. ધ્યાન રાખો કે બાળક જોડે રાત્રે બે કે ત્રણ વાગે થઈ શકે તે રાત્રે દસ કે અગિયાર વાગે પણ થઈ શકે જો બાળક રાત્રે કોઈ ખોટું કામ કરી

અનુસંધાન પાના નં.૬ ઉપર

રસથાળ

પાલક મગદાળ સબ્જી

સામગ્રી : ઝીણી સમારેલી પાલક ત્રણ કપ, મોગરદાળ પોણો કપ, તેલ ચાર ચમચી, જીરું એક ચમચી, હિંગ ચપટી, હળદર એક ચમચી, ટામેટાં સમારેલા અડધી કપ, આદું-મરચાંની પેસ્ટ બે ચમચી, ગરમ મસાલો એક ચમચી, મીઠું સ્વાદ મુજબ, લીંબુ રસ અડધી ચમચી, લાલ મરચું બે ચમચી

રીત : કડાઈમાં તેલ ગરમ કરવું. તેમાં જીરું સાંતળી સમારેલી પાલક નાખો. મોગરદાળ પોણીને અડધો કલાક પલાળીને પણ પાલક જોડે ઉમેરવી. હળદર, મીઠું નાખવા. ડૂબાડૂબ પાણી ઉમેરી ધીમા તાપે પાલક તથા દાળને ધીમા તાપે ચડવા દો.ચડી ગયા બાદ સમારેલા ટામેટાં તથા કાંદા, લસણ અને બાકીના મસાલા ઉમેરવા અને પાંચથી સાત મિનિટ ધીમા તાપે રાખવું. ત્યાર બાદ ગેસ બંધ કરી ગરમ ગરમ સર્વ કરવું.

ચોકલેટ ઢોંસા

સામગ્રી : કોકોનેટ મિલ્ક ૧ કપ, કેળા ૧ નંગ, ભુરું ખાંડ ૧-૪કપ, બેકીંગ સોડા ૧-૨ ટીસ્પૂન,મેંદો ૩ ટી. સ્પૂન, તેલ ૨ ટી.સ્પૂન, ચોકલેટ જરૂરીયાત પ્રમાણે, પાઈનેપલ સ્લાઈસ ૩થી ૪ નંગ, ભુરું ખાંડ ૧ ટી સ્પૂન, કોકો પાઉડર ૧ ટી.સ્પૂન, ફુદીનાનાં પાન ૨ થી ૩ નંગ.

રીત : બ્લેન્ડરમાં કોકોનટ મિલ્ક, ભુરૂં ખાંડ, બેકીંગ સોડા, મેંદો મિક્સ કરી ઢોંસાનું મિશ્રણ તૈયાર કરો. નોનસ્ટીક પેનમાં ખીરૂ `પાથરી સહેજ તેલ લગાવીને ઢોસાને ગોલ્ડન બ્રાઉન થવા દો. ચોકલેટનીચીપ્સ બનાવી તેને ઢોંસાની વચ્ચે પાથરી તેને વાળી લો. ઢોંસા ઉતરી જાય એટલે તેને સર્વીંગ પ્લેટમાં મુકી તેના ઉપર ચોકલેટ સીરપ રેડો.

પાઈનેપલની સ્લાઈસને ઢોંસા ઉપર મુકી ગાર્નિશ કરો. હવે ભુરૂં ખાંડ તથા કોકો પાઉડર તેના ઉપર ભભરાવી ફુદીનાનાં પાનમુકી ઢોંસાને ગાર્નિશ કરો.

બદામ પિસ્તાં બરફી

સામગ્રી : ઘી ૧ ટે.સ્પુન, બદામની પેસ્ટ ૧ બાઉલ, ખાંડ ૧ બાઉલ, પાણી જરૂર મુજબ. પિસ્તાં ૧ ટે.સ્પુન, ક્રીમ ૧ ટે.સ્પુન,માવો ૧ ટે.સ્પુન,ચાંદીનો વરખ ગાર્નીશીંગ માટે.

રીત : બદામ પિસ્તાં બરફી માટે એક પેનમાં ઘી ગરમ કરી તેમાં બદામની પેસ્ટ નાખી પકવો. ત્યાર પછી તેમાં ખાંડ નાખી હળવા હાથે હલાવતા રહો. મિશ્રણ ઘટ્ટ થઈ જાય એટલે એક પ્લેટમાં પાથરી દો. હવે એક પેનમાં ખાંડ ગરમ કરી તેની એક તારની ચાસણી બનાવી તેમાં પિસ્તાની કતરણ, ક્રેશ ક્રીમ અને માવો મીકસ કરી મિકચર બનાવો. તેને બદામના મિશ્રણની ઉપર તૈયાર કરેલું પીસ્તાનું મિશ્રણ પાથરી દો. ત્યારબાદ તેની ઉપર ચાંદીનો વરખ લગાવી તેને ઠંડુ થઈ જાય એટલે તેના પીસ કરી સર્વ કરો.

જિંદગી રે જિંદગી

આગ ભીતર ભીતરની — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

નાના હતા.રખડવાની મજા આવતી.રોજ કોઈને કોઈ જગ્યા ઝપટે ચડી જતા. ત્યાં પહોંચી જતા અને રમવા માંડતા.વચ્ચે વચ્ચે કોઈ નાની બાબતે વળી રીસાઈ જતા અમારી રીસ આકાશી વાદળ જેવી રહેતી હતી. ઘડીકમાં છવાઈ જાય અને ઘડીકમાં વિખેરાઈ જાય. પાછા બુચ્ચા થઈ જતા. જેમ ઈંદ્રા કરવામાં આનંદ હતો એનાથી બેવડો આનંદ બુચ્ચામાં હતો પછી બિલાડી બાગે પહોંચી જતા. અમારા ગામનો એ બાગ બિલાડી બાગના નામે ઓળખાતો હતો જોકે ત્યાં માંડ એકાદ કોઈ બિલાડી હશે.એ મામલે અમોએ બાગના રખેવાળ એવા માળીને પુછેલુ 'રાધે શ્યામજી..' બિલાડી બાગના રખેવાળ માળીનું નામ રાધે શ્યામજી...'આ બાગનું નામ બિલાડી બાગ કેમ છે.?' અહીં તો એકેય બિલાડી દેખાતી નથી.કાયમ ગરમ ટોપી પહેરી રાખતો રાધેશ્યામજી હસતો. અમને જવાબ આપતો નહી. પણ એની પત્નિ જાનકી અમોને વઘારેલા મમરા અને ચણા આપતી. પછી કહેતી 'અબ જાવ..ઝુલે પે જાકર ઝુલો..' જાનકીએ આપેલા મમરા લઈ ઝુલે હિંચકે જતા અને ઝુલવા માંડતા. જુની થઈ ગયેલી સાંકળો..કડાં..એવા અવાજ કરતા કે આખાય બિલાડી બાગમાં ઘુમરાઈ વળતાં. એ અવાજને સાંભળી રાધેશ્યાનજી એના ખાટલામાં પડ્યો પડ્યો ત્યાંથી જ બુમ પાડતો...સાલે..ગીરોગે...મરોગે... પણ અમે જીવતા હતા. બિલાડી બાગમાં બે-ત્રણ કલાકની ધમાધમી રહેતી. પછી ઘાસમાં આવતા પંખીઓ જોતા. ક્યાંક લક્કડખોદ ઝાડના સુકા થડને એની ચાંચથી કાણુ પાડવા પ્રયાસ કરતો તો ન જોણે ક્યા ઝાડ પરથી તુક..તુક..તુક...તુક..પંખીન ો અવાજ આવતો. અમે ઘટાદાર વૃક્ષોમાં નજરના અશ્વને છુટા મુકતા પણ એ અવાજ કરનારું પંખી પકડાતું નથી. બગીચામાં અમે ઘણાય દિવસો સુધી એ પંખીને પકડવાનો પ્રયાસ કર્યો પણ..

પણ કુવારા પાસેના પાણીમાં પાંખો ફફડાવી સ્નાનમાં લિપ્ત થયેલા કબુતર જોવા મળી જતા. અક્કડ-ફક્કડ એવી કાબર.. અમને કોઈ ધનવાન શેઠાણી જેવી લાગતી. ઘણીવાર કહેતા 'જો જો શેઠાણી આવ્યા છે. અમોને ઠસ્સો જો જો...' અમને કબુતર કરતા કાબર શેઠાણીમાં વધુ રસ પડતો હતું.અમને થતુ અમારા ચાલે તો ભણવાની બધી ચોપડીઓ ગામમાં આવેલા ધૂળપું તળાવમાં પધરાવી આવત એ પછી કિનારે બેસીને શોક કરત..ભિલ્લકુલ સ્મશાનમાં કોઈ ખેલ કરે છે એવો પણ એતો અમારી રોજની કલ્પના હતી.ભણવાની બાબત પર ગુસ્સો... ચોપડીઓની જળસમાધી પછી નિશાળનો એ સમય યાદ આવી જતો ના માઈક ના ઢોલ કે ના કોઈ હોર્મોનિયમ..પ્રાર્થના ગવાતી વંદે માતરમ ગવાતુ.શાળાના રઈબહેન પટેલ સમાચારની ચાર લાઈનો કહેતા. બાદમાં શિસ્તબધ્ધ રીતે દાદરેથી ઉપર જતા. આ દરમિયાન કોઈ કાંઈ શરારત કરતું નહીં.જો શરારત કરી હોય તો દેવાની બહેન શાહની ચશ્માની બીજી પારે આવેલી ચકોર આંખ પકડી પાડતી અને ગુનેગારને બે ફુટપ્રહીનો માર હાથ પર ઝીલવો પડતો. ચુપચાપ વર્ગમાં જઈને જગ્યા નિર્ધારિત હોય ત્યાં બેસી જતા.

શાળામાં રચલો પ્રાર્થનાઓ સરસ ગાતો તેથી અમને તેની પર અદેખાઈ આવતી.ક્યાંક એને સાઈકલની ટ્યુબે મારવાની ઈચ્છાઓ જાગી આવતી પણ એકતો એ સાહેબોનો પ્યારો હતો. સાહેબોને જી જી કરતો રહેતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રચલો છવાઈ જતો. આચાર્ય સાહેબની ખુરશી પાસે એને ઉભા રહેવા મળતું. ગાવા મળતું. અમે ચારે એને જોઈને દાઝે બળતા પણ પણ ક્શું વળતું નહી. અમને મારનો ડર હતો.એમાંય દેવયાની બહેનનો તો ખાસ, અમે તો એમને જોતા કે જાણે આઘાપાછા થઈ જતા.

શાળા જીવનમાં અમારી છાપ રેઢીયાળની હતી.વર્ગમાં કશુંક આડું અવળું થાય તો સીધી જ આંગળી અમારી સામે આવતી. અમારી સચ્ચાઈની

અનુસંધાન પાના નં.૬ ઉપર

પ્રાણી-પક્ષીઓની વાર્તાઓ : લાંબી પૂંછડીનો વટ

આપણું બાળ સાહિત્ય આમ તો દાદા-દાદી દ્વારા કહેવાતી મૌખિક વાર્તાઓની પરંપરામાંથી ઉતરી આવ્યું છે. તેમાં મૌખિકરૂપે એક પેઢી બીજી પેઢીને વાર્તાઓ કહેતી તેથી એ વાર્તાઓનો સમયગાળો કે તેના લેખકો વિષે ચોક્કસ કંઈ માહિતી પ્રાપ્ત થઈ શકતી ન હતી. દેશકાળ અને પરિસ્થિતિઓ મુજબ તેમાં કંઈને કંઈ નવું ઉમેરાતું ગયું. આ વાર્તાઓનો હેતુ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવાનો અને તે દ્વારા નૈતિકતા અને માનવતાના ગુણો જેવા સંસ્કારો આપવાનો હતો.

લગભગ ૨૫૦૦ વર્ષો પહેલાં અમરકિર્તી નામે એક રાજા થઈ ગયો. તેના ચાર પુત્રોનું ભણવામાં મન ચોંટતું ન હતું.તેથી રાજાએ તેમને ભણાવવા, સદાચાર અને નિતીનું જ્ઞાન આપવા પંડિત વિષ્ણુરામ શર્મા નામના વિદ્વાનને જવાબદારી સોંપેલી તેમણે વન્ય પશુપક્ષીઓને વાર્તાના પાત્રો બનાવી ચાર રાજકુમારોને નૈતિકતા અને સામાજીક સંબંધો વિષે બોધ આપ્યો, પંડિત વિષ્ણુ શર્માની એ વાર્તાઓ 'પંચતંત્ર ની વાર્તા' ના રૂપે સંસ્કૃત ભાષામાં 'હિતોપદેશ' નામે સાહિત્યમાં લિખિત રૂપે આવી. અત્યારે તો 'પંચતંત્ર' ની વાર્તાઓ અનેક ભાલ્યાનોમાં બજારમાં ઉપલબ્ધ છે.

તે ઉપરાંત 'ઈસપની વાતો' બાલ સાહિત્યમાં ખુબ પ્રસિધ્ધ છે. ઈસપ યુનાનનો એક ગુલામ હતો. તે પશુ-પક્ષીઓની વાર્તાઓ મૌખિક રૂપે સંભળાવતો જેને યુનાનના વેત્રિયસ્ત નામના વિદ્વાને સંગ્રહિત કરેલી. અને રોમના રાજા ક્રાપ્ટ્રસે 'ઈસપની વાર્તાઓનો લેટિન ભાષામાં અનુવાદ કરાવ્યો. એજ રીતે 'સિંહાસન બત્રીસી' અને 'વેતાલ પચ્ચીસી' જેવી વાર્તાઓ કાળક્રમે અનુવાદરૂપે આવી અને પુસ્તકરૂપે ઉપલબ્ધ થઈ .

જો કે ગુજરાતીમાં બાળ સાહિત્ય ખેડનાર નિખર્ષું ગિજુભાઈના સમયથી. વળી મિશનરીઓએ શિક્ષણ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા ત્યાંથી બાળસાહિત્ય શરૂ થયું. ટુંકમાં બાળ સાહિત્ય એ અર્વાચીન કાળની નીપજ છે એમ કહી શકાય ત્યારે આજે લખાતા બાળ સાહિત્યમાં પણ વિષય, સંદર્ભ અને કહેવાની રીત ભલે બદલાઈ હોય છતાં પરંપરાગત બાળસાહિત્યની ઝાંપ તેમા અનુભવાયા વિના રહેતી નથી.

આજે મારે તેમને તાજેતરમા પ્રગટ થયેલાં એવા જ એક બાળ સાહિત્યના પુસ્તકની વાત કરવી છે.

શબ્દ સમીપે - નટવર હેડાઉ

અનુસંધાન પાના નં.૬ઉપર

શું પુરૂષ માત્ર સ્ત્રીના સૌંદર્યથી જ આકર્ષાય છે ?

નારી

યુવક અને યુવતી વચ્ચે જે ચીજ આકર્ષણ ઊભું કરે છે તેમાં જોઈએ તો તેના રૂપરંગ, વેશભૂષા, તેની રીતભાત, તેનું વ્યક્તિત્વ. વ્યક્તિત્વમાં જોઈએ તો તેના શણગાર, પહેરવા ઓઢવાની રીત ચાલચલગત,વાતચીતની મીઠાશ, હાવભાવ બધું જ આવી જાય

હવે જમાનો એવો આવી ગયો છે કે વડીલો અને પંડિતો દ્વારા થતાં લગ્નોની પ્રથા ધીમેધીમે લુપ્ત થતી જાય છે. હવે તો છોકરો અને છોકરી જ્યારે એકબીજા તરફ આકર્ષિત થાય ત્યારે જ તેમના લગ્નની વાત વિચારવામાં આવે છે. ખરી રીતે તો તે માટે પહેલેથી કોઈક તૈયારીઓ કરવી જરૂરી છે. યુવતીઓ પોતાનો મોટા ભાગનો સમય પોતાના વ્યક્તિત્વને આકર્ષક બનાવવામાં ગાળે છે.સ્ત્રી માટે તો પોતાનું રૂપ, સૌંદર્ય અને આકર્ષક વ્યક્તિત્વ એક મજાનો છે. માતાપિતાએ પણ અત્યારના સમય પ્રમાણે પોતાના બાળકોને ગૃહસ્થજીવનની જવાબદારી બરોબર સંભાળી શકે તે માટે યોગ્ય જ્ઞાાન આપીને તેમને લાયક બનાવવા જોઈએ. જીવનસાથીની પસંદગીની બાબતમાં છોકરાઓ શું વધારે પસંદ કરે છે અને પોતાના જીવનસાથીમાં કંઈ યોગ્યતાઓની અપેક્ષા રાખે છે તે બાબત અંગે વિચાર કરવો ખૂબ આવશ્યક છે. યુવક અને યુવતી વચ્ચે જે ચીજ આકર્ષણ ઊભું કરે છે તેમાં જોઈએ તો તેના રૂપરંગ, વેશભૂષા, તેની રીતભાત, તેનું વ્યક્તિત્વ. વ્યક્તિત્વમાં જોઈએ તો તેના શણગાર, પહેરવા ઓઢવાની રીત ચાલચલગત,વાતચીતની મીઠાશ, હાવભાવ બધું જ આવી જાય.

કોઈપણ પુરુષને પ્રભાવિત કરવા માટે સ્ત્રીમાં આ બધુ હોવું જરૂરી છે. જો કે ચહેરાનો દેખાવ એ તો કુદરતી બક્ષિસ છે છતાં પણ તેને સૌંદર્ય પ્રસાધનોથી વધુ પ્રભાવિત બનાવી શકાય. માત્ર ચહેરો જ સ્ત્રીને સુંદર નથી બનાવી શકતો. ખરી સુંદરતાં તો તેના સપ્રમાણ શરીરને લીધે હોય છે. કોઈ રૂપાળી યુવતિ કદમાં જાડી કે ઠીંગણી હોય તો કોઈ યુવક તેના પ્રત્યે આકર્ષિત થતો નથી. સૌ યુવકો ઈચ્છતા હોય છે કે પોતાની પત્ની સુંદર હોય અને તેનું શરીર પણ સપ્રમાણ હોય. આ બાબતમાં યુવતીઓએ જ નહી પણ તેમની

અનુસંધાન પાના નં.૬ ઉપર

શેમ્પુ કયાં, કયારે અને કેટલું ?

રૂપના રખોપા

શેમ્પુ કયાં લગાવું, કયારે લગાવવું, કેટલું લગાવવું ? શેમ્પુને લઈને આ સવાલ હંમેશા મનમાં ઉઠતાં રહે છે. આમાં શેમ્પુની યોગ્ય બોટલ તમારા વાળ હંમેશા માટે ગીચ, સ્વસ્થ અને ચમકદાર કરી શકે છે.

કેટલું શેમ્પુ લગાવવું જોઈએ ? તમે વાળ સારી રીતે ધોઈ લો છો એટલે વધારે શેમ્પુનો ઉપયોગ તો આમ પણ નથી થઈ શકતો. વાળની લંબાઈ પરથી નક્કી કરી શકાય છે કે કેટલું શેમ્પુ વાપરવું જોઈએ ? લેધર શેમ્પુ વાળને કોરા બનાવે છે પણ એ બધા વાળમાં તરત લાગી જાય છે એટલે ઉપયોગમાં સારૂં રહે છે.

પાણી કેટલું ઠંડુ-ગરમ હોવું જોઈએ ?

થોડુંગરમ પાણી વાળમાંકમાલ કરે છે. એનાથી શેમ્પુ વાળમાં ભળી જાય છે. જેનાથી વાળ પણ સારી રીતે સાફ થાય છે. બહુ વધારે ગરમ પાણીથી વાળ નિસ્તેજ થઈ જાય છે. જ્યારે વાળ ભીના થઈ જાય ત્યારે અંતીમ વાર એને ઠંડા પાણીથી ધુઓ.

શેમ્પુ પણ એકસ્ટ્રાપાયર થાય: વધારે પડતાં શેમ્પુની સેલ લાઈફથી બેથી ત્રણ વરસની હોય છે. બહુ જુનું શેમ્પુ તમારા વાળને કોઈ નુકશાન તો નહીં પહોંચાડે.

કેટલા દિવસે વાળ ધોવા જોઈએ :

જો તમારા વાળ બે મોંઢાવાળા ન હોય કે તુટેલા ન હોય તો એને રોજ ધોવામાં કોઈ ખરાબી નથી. વાળને ભીના કરવા, સુકવવા અને પછી હેરસ્ટાઈલ બનાવવામાં બધું મોઈશ્ચરાઈઝર નીકળી જાય છે. એટલે વાળ ધોવાના અમુક નિયમ છે.

જો તમારા વાળ ચીકણા હોય, તમે પ્રદુષિત શહેરમાં રહો છો, તમે રોજ કામ કરવા માટે બહાર નીકળો છો અથવા તમે એવાશહેરમાં રહો છો જ્યાંનું વાતાવરણ ભેજવાળું હોય છે એને રોજ ધુઓ.

જો તમારા વાળ સામાન્ય છે અથવા તો વાળના મુળ તેલીય અને વાળના છેડા કોરા હોય તો એને એક દિવસ છોડીને ધુઓ.

જો તમે એવી જગ્યાએ રહો છો જ્યાંનું વાતાવરણ શુષ્ક છે વાળ કોરા છે તો એમને બે ત્રણ દિવસના અંતરે ધુઓ.

શું કન્ડીશનરની જરૂરત છે ? કન્ડીશનર બહુ જ જરૂરી હોય છે શેમ્પુ જે કામગીરી શરૂ કરે છે એને એ એના પરિણામ

અનુસંધાન પાના નં.૬ ઉપર

ડીસા, થરાદ અને ...

પાના નં.૧ ચાલુ

જેના કારણે ધાનેરાના કેટલાક મોટા તબીબોમાં પણ ફફડાટ ફેલાઇ જવા પામ્યો હતો. મંગળવારના રોજ સાંજના સુમારે આઇ.ટી. વિભાગની ૧૦ જેટલી ટીમો દ્વારા ધાનેરાના અગ્રણી ડોક્ટર એમ.એસ.અગ્રવાલ તેમજ હરેશ આચાર્યના ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે સર્ચ ઓપરેસન મોડી રાત સુધી ચાલુ રહ્યુ હતુ. જ્યારે બીજી તરફ આ ઘટનાની જાણ અન્ય લોકોમાં થતા બીલ્ડરો અને મોટા વેપારીઓ પણ ભુગર્ભમાં ઉતરી ગયા હતા.

બનાસ ડેરીને ...

પાના નં.૧ ચાલુ

બનાસડેરીની ઝલક...

બનાસડેરી દ્વારા દૂધ સિવાયની તમામ ખરીદી ઓનલાઈન કરવામાં અંદાજીત વર્ષે રૂા.૨૦૦ કરોડનો ફાયદો.

૨૦૧૫ - ૧૬ વર્ષની સરખામણીમાં ૨૦૧૬-૧૭ ના વર્ષમાં દૂધ સંપાદનમાં વાર્ષિક ૬.૫ % નો વધારો.

વેચાણ ટર્ન ઓવરમાં ગત વર્ષની સરખામણીમાં ૨૩.૫૭% નો વધારો

બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને ભાવફેરની ૫૧૪.૭૯ કરોડની ચુકવણી

ડેરી ઉદ્યોગનો દૂધ સંપાદનનો છેલ્લા દશ વર્ષમાં સરેરાશ વૃધ્ધિ દર દુનિયાનો ૨%, ભારતનો ૪%, ગુજરાતનો ૫% જ્યારે બનાસડેરીનો ૧૩.૭ % છે.

બનાસડેરી દ્વારા દૂધ સંપાદનના ૧૦૦ પૈસામાંથી ૮૨ પૈસા ખેડૂતને વળતર જે વિશ્વમાં સર્વાધિક

બૃહદ બનાસકાંઠા જિલ્લામાં દૂધ મંડળીઓની સંખ્યા - ૧૪૩૮ અને પ્રતિદિન ૪૦ લાખ લિટરથી પણ વધારે દૂધ સંપાદન

બનાસકાંઠા જિલ્લામાં ૧૨૫૦ ગ્રામ્ય દૂધ મંડળીઓમાં ઓનલાઈન સેવા માટે કોમન સોફ્ટવેર પ્રસ્થાપિત કર્યા.

ઉત્તર પ્રદેશમાં મિલ્ક કલેક્શન સેન્ટરોની સંખ્યા ૧૭૩૯ અને પ્રતિદિન ૩.૨૫ લાખ લિટર દૂધ સંપાદન

બનાસડેરી દ્વારા આપવામાં આવતી ૨૪ કલાકની પશુસારવાર સેવા માટે વેટરનરી ડોક્ટરોની સંખ્યા - ૧૫૬

વેટરનરી સેવાઓ - દૂધ ઉત્પાદક પશુપાલકોને પશુના ખીલે બિમાર પશુની ૨૪ કલાક સેવા, પશુ વંધ્યત્વ નિવારણ, પશુ ઓલાદ સુધારણા અને કાંકરેજ ગાયનું સંવર્ધન, દામા સીમેન સ્ટેશન ખાતે ઉચ્ચ વંશાવલી વાળા ડોઝનું ઉત્પાદન અને વિતરણ

બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરીની ૧૯૬૯ સ્થાપનાથી માંડી ૨૦૧૫ - ૧૬ વર્ષ સુધી લુઝ દૂધનું વેચાણ ૧૫ લાખ લિટર હતું જે ગત વર્ષ ૨૦૧૬ - ૧૭ માં વધીને ૨૨ લાખ લિટર થયેલ.

બનાસડેરી દ્વારા દૂધ ઉત્પાદક પશુપાલકોને માસિક રૂા.૪૦૦ કરોડ અને વાર્ષિક રૂા.૪૮૦૦ કરોડની ચૂકવણી

દૂધ અને દૂધની બનાવટો :- અમુલ પ્રવાહી દૂધ, અમુલ એ-૨ દૂધ (દેશી ગાયનું દૂધ), અમુલ છાશ, અમુલ મસ્તી દહી, અમુલ બટર, અમુલ કુલ, અમુલ / સાગર ઘી, અમુલ પનીર, અમુલ યુએચટી મિલ્ક (ટેટ્રો પેક), અમુલ ચીઝ, અમુલ્યા પાવડર, અમુલ હોલ મિલ્ક પાવડર, અમુલ એસ.એમ.પી. પાવડર, અમુલ સ્પ્રે.(બેબી ફુડ) પાવડર, અમુલ આઈસ્ક્રીમ, વ્હે.પાવડર, બનાસ મધ, બટાકાની જુદી જુદી વેલ્યુએડેડ ફ્રોઝન પ્રોડક્ટ

ડીસાના..

અનુસંધાન ૩ નુ ચાલુ..

હિતેશ લક્ષમીચંદ મોદી, સાગર લાલભાઈ મોદી (બંને રહે- રિસાલા બજાર,ડીસા) ને પકડી લીધા હતા.

જ્યારે અંકુર દિલીપભાઈ મોદી, તૈયાબા મુસલમાન, પિરાભાઈ પરખાભાઈ રબારી, મહેન્દ્ર રાઠોડ,રાહુલ મુકેશભાઈ મોદી અને કાળુ ઠાકોર ભાગી ગયા હતા.

પોલીસે તમામ વિરુદ્ધમાં ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

થરાદના..

અનુસંધાન ૩ નુ ચાલુ..

નખાવીને ભાચર ગામના ખરાબામાંથી મોટું તળાવ બનાવી તેમાં નિકાલ કરવામાં આવશે. તેમ જણાવી વધુમાં ટી.ડી.ઓ. અને મામલતદારે જણાવ્યું કે કેસડોલમાં અને પાક નિષ્ફળ (જમીન ધોવાણમાં) સરપંચ અને ડેપ્યુટી સરપંચ ફોર્મમાં સહી કરવામાં ખેડૂત સાથે જે જે ગેરરીતી આચરી હતી તેની સામે ખાસ ટીમ ગોઠવી તેની પણ ખાસ તપાસ થશે. અને સરપંચ અને ડેપ્યુટી સરપંચ વિરૂધ્ધ પગલા લેવાશે તેમ કહી લેડાઉ ગામના લોકોને આશ્વાસન આપ્યું હતું.

મગફળીના..

અનુસંધાન ૩ નુ ચાલુ..

આડેધડ ભેલાણ કરી ખેડુતોની મહેનત ઉપર પાણી ફેરવી નાખે છે તો ખેતર ફરતે કાંટાળી વાડ માટે સહાય આપવી, પેટ્રોલ- ડીઝલના ભાવ વધ્યે જાય છે ત્યારે સરકારે ફુવારા સહિતના ખેતીના સાધનો ઉપર ડોકેલ જી.એસ.ટી. રદ કરવો, મગફળી જ નહીં તમામ પાકોના પોષણક્ષમ ભાવ જાહેર કરવા અને એક વર્ષ સુધી વિજ બિલ માફ કરવાની માંગ કરી હતી. હાલમાં સરકારની ખેડુત વિરોધી નીતિઓથી ખેડુતો કંટાળી ગયા છે. તેથી ખેડુતોના ઉપરોક્ત પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો અગામી ચૂંટણીમાં ખેડુતો ભાજપને ભગાડશે. તેવો દાવો કર્યો હતો.

દીઓદરમાં..

અનુસંધાન ૩ નુ ચાલુ..

કેશ રૂમ,ટ્રે રૂમ,ઉપહાર ગૃહ, સ્ટોલ,પાર્સલ રૂમ, ઈલેક્ટ્રીક રૂમ,વોટર રૂમ,લેડીઝ રેસ્ટ રૂમ (શૌચાલય સહીત) સાથે સાઉન્ડ સીસ્ટમ અને અદ્યતન ઈલેક્ટ્રીફીકેશન સાથે વિકલાંગ વ્યક્તિઓ માટે સ્લોપીંગ રેમ્પ વીથ રેલીંગની સુવિધા કરવામાં આવશે.આ નવિન બસ સ્ટેન્ડ બનતાં પ્રજાની સુખાકારીમાં વધારો થ ા શ ે .

ડીસામાં લાયસન્સ...

પાના નં.૮ ચાલુ

પોલીસ અધિક્ષક હરદેવસિંહ વાઘેલા દ્વારા ડીસા દક્ષિણ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે સોલંકીની ટીમને સાથે રાખી મંગળવારે તમામ જગ્યાઓ પર લાયસન્સની ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં બારમાસી લાયસન્સ ધરાવતા ફટાકડાના વેપારીઓ સિવાય અન્ય વ્યાપારીઓ પાસે ફટાકડા વેચાણ કરવાનો કોઈપણ પ્રકારનો પરવાનો નહોતો. વેપારીઓએ પોલીસને જણાવ્યું હતું કે,'અમે ફટાકડા વેચાણ માટેના લાયસન્સ ની ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ખાતે માગણી કરેલ છે પરંતુ હજુ સુધી અમને લાયસન્સ આપવામાં આવ્યું નથી.' જેથી પોલીસે લાયસન્સ વગર ધંધો કરતા છ વેપારીઓની દુકાનો સીલ કરી દીધી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ દ્વારા અચાનક દુકાનો સીલ કરાતા ફટાકડાના વેપારીઓમાં દોડધામ મચી હતી અને લાયસન્સ મેળવવા એસડીએમ કચેરી ખાતે દોડી આવ્યા હતા. જોકે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે કચેરી દ્વારા ફટાકડાના લાઈસન્સ માત્ર એક માસ માટે અપાય છે જેથી દશેરા બાદ દેવ દિવાળી સુધીના સમય ગાળાના લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે. કેટલાક વેપારીઓએ લાયસન્સ આવ્યા અગાઉ દુકાનો શરૂ કરી દેતા પોલિસ દ્વારા તેમની દુકાનો સીલ કરવામાં આવી હતી.

થરાદના દાંતીયામાં ...

પાના નં.૮ ચાલુ

હતા. આ વખતે ગોગ મહારાજના મંદીર પાસે ગામના પટેલ ધનાભાઇ હરદાસભાઇ, નાનજીભાઇ માવાભાઇ પટેલ, શીવરામભાઇ વાઘાભાઇ પટેલ તથા હાજાભાઇ નાનજીભાઇ પટેલ હાથમાં કુહાડી,ધારીયું તથા પાઇપ અને લાકડી જેવા હથીયારો સાથે ધસી આવી વસંતભાઇને ટાયરના નક્કી કરેલા કરતાં વધારે પૈસા કેમ લીધા તેમ કહીને આડેધડ હુમલો કરી ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.આથી હોબાળો થતાં ચારેય શખ્સો ટ્રેક્ટર પર નાસી છુટ્યા હતા.ઈજાગ્રસ્ત વસંતભાઇને શહેરની સરકારી હોસ્પીટલમાં સારવાર બાદ ફ્રેક્ચર જણાતાં વધુ સારવાર માટે ગઢવી હોસ્પીટલમાં ખસેડાયો હતો.ભરતભાઈની ફરીયાદના આધારે પોલીસે ચારેયની સામે ગુનો દાખલ કર્યો હતો.

છેડતી કરી ...

પાના નં.૮ ચાલુ

કાન્તીભાઈ ધર્માભાઈ પરમાર (દલિત), તથા બળવંતભાઈ કાનજીભાઈ પરમાર (દલિત)(મૂળ રહે.ભાચલવા, તા.ડીસા)ની વિરૂધ્ધમાં પુરાવા રજુ થતાં જજે ૧૫ સપ્ટેમ્બરના રોજ આ બન્ને આરોપીઓને એક વર્ષની સજા અને રૂા.૧૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

થરાદ - ડીસા...

પાના નં.૮ ચાલુ

પાયલોટ ભરત માળી અને ઈએમટી હિના સિપાઈ દોડી ગયાં હતાં. જોકે ખાનગી વાહનમાં ઈજાગ્રસ્તોને શહેરની ગઢવી હોસ્પીટલમાં ખસેડાયા હતા.આ બનાવની પોલીસ દફતરે કોઇ નોંધ થવા પામી ન હતી.પરંતુ અક્સ્માત ટ્રકની ઓવરટેક કરવા જતાં થયો હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

રૂપના રખોપા..

અનુસંધાન ૫ નું ચાલુ

સુધી પહોંચાડી શકે છે. જેમ કે વાળને સંભાળવા લાયક બનાવવા, બે મોઢાવાળા વાળનું રીપેરીંગ, વાળ દરેકના ખરાબ હોય છે. કોઈના વધારે, હા પોતાના માટે યોગ્ય કન્ડીશનરની પસંદગી માટે પહેલા તમારે ઘણા બધા કન્ડીશનર તમારા હેરસ્ટાઈલને સારી રીતે જાળવી રાખે, એ જ સહુથી સારૂં રહેશે.

-કુ.અંજના સોનકર

આગ ભીતર ભીતરની..

અનુસંધાન ૫ નું ચાલુ

પરખ વગર જ વહેયારે માર રૂપી નફો મળતો અમારા ચાર પૈકીનો જૈંતિયો વાસ્તવમાં એનું નામ જયંતી હતું અમે જૈંતિયો કહેતા એ અમને કહેતો ''આ શાળાના એક એક માસ્તરના ટાંટીયા તોડી નાખીશ...'' અમે એની સામે જોતા. એના ચહેરા ઉપર ઉભી થયેલી આક્રોશની આંધી અમે બરોબર રીતે પામી જતા પણ..આભમાં ઉભી થયેલી આંધી-કુદરતી રીતે જ વિખેરાઈ જાય છે એમ જૈંતિયામાં ઉભી થયેલી આંધી વિખેરાઈ જતી.

અમારી શાળાના એક એક સાહેબ અમને બરાબરના ધોતા.ધૂણયું તળાવના પથ્થર પર કોઈ ધોબી મેલાં કપડાનો મેલ કાઢવા પછાડતો હોય એમજ..અમને ધોબી ..જેને અમે ધોબો કહેતા હતા અને અમારા સાહેબોમાં કશો ફેર લાગતો નહી.ધોબી જેમ એની દાઝ કપડા પર કાઢતો. સાહેબો અમારી પર..પણ અમે રીઢા ગુનેગાર બની ગયા હતા. માર મારવો સાહેબને મન આનંદ હતો. અમારી મજબુરી અમારાથી ના શરારત છુટતી ના અમે માર ખાવામાંથી બચતા..અઠવાડિયામાં ગમે ત્યારે અમારામાંથી ગમે તેનો નંબર આવી જતો.

અમે ચારે જણા રેઢીયાળ કહેવાતા. માર ખાવાના માસ્ટર પીશ હતા. શરારતમાં અમારું નામ અવ્વલ હતું. શાળા છુટે એટલે ઝાંપો પહેલા પાર કરી દેવામાં શિવાજી હતા. રઘલો જ્યારે પ્રાર્થના ગાતો હોય ત્યારે એક આંખ ખોલીને પડખેના છોકરાની દશા જોવી જાણે અનિવાર્ય હતી.ગુનો કરીને પકડાતા...ક્યાંક આચાર્ય સાહેબ પાસે જતા તો... હા સાહેબ...હા..સાહેબ કહીને માથુ નમાવાના તો અમે બેતાજ બાદશાહ હતા. અમારા આચાર્ય સાહેબ કહેતા આમને કંઈ કહેવાનો, શિખામણ આપવાનો કશો અર્થ નથી. પથ્થર પર પાણી ત્યાર બાદ આચાર્ય સાહેબના ઓરડામાંથી જેવા બહાર આવતા કે પટાવાળો શંકરીયો અમારી સામે કતરાતા કતરાતા કહેતો 'મારું ચાલે તો મારી મારીને ગધેડો બનાવીને ઓરડામાં પુરી દઉ...'

શંકરિયો અમારો વેરી હતો.પહેલા વેરી અમારા સાહેબો, બીજો વેરી શંકરિયો..એ ઘણીવાર અમારી ચડ્ડીના ખિસ્સા પર રેડ પાડતો એમાંથી કોઠા પકડાતા, કાતરા પકડાતા, લખોટીઓ તો ઓલ ટાઈમ ખીસ્સામાં રહેતી.વળી લખોટીઓ અમને પ્રાણપ્રિય હતી.શંકરિયો ક્યાંક અમારી લખોટીઓ પણ ચંપત કરી જતો. કોઈ વાઘ પોતાના ઢોરને ઉપાડીને લઈ જતો હોય...ભરવાડ જોઈ રહેતો હોય એવી અમારી દશા થતી ઉપરથી શંકરિયો એના ડોળા કાઢતો અમે ચાલ્યા જતા.

અમને યાદ છે ઢોરોનું દવાખાનું ધૂણયું તળાવ પાસે આવેલું.ઢોરોના દવાખાનામાં દિવસે નામ માત્રના ઢોર આવતા એમાં એક ડોક્ટર..એક કંપાઉન્ડર અને ચોકીદાર રહેતા હતા.કંપાઉન્ડમાં ત્યાં આંબલીના ખુબ ઝાડ હતા.એના પર કાતરા લટકતા જોતા. ખાવાનું મન તો રોજ થતું અને પ્રયાસ કરતા આંબલીના ઝાડ અને રસ્તા વચ્ચે સહેજ ઉંચી પાળ હતી.ક્યાંક પાળે ચડીને તો ક્યાંક રસ્તા પરથી આંબલી ઝાડ પર પથ્થર ફેંકતા કાતરા નીચે પડી પડતા પણ એ કાતરા કંપાઉન્ડમાં પડ્યા હોય અને અમે આ તરફ.. જો કે કશોય ડર રાખ્યા વગર પાળી ચડીને અંદર પડી કાતરા લઈ આવતા પણ ...

પણ એક દિવસ ભારે થઈ પથ્થરો ફેંક્યા, કાતરા પડ્યા એ લેવા જવા અંદર પડ્યા કે ન જાણે વીજળીનો મોટો ગોળો ભમ કરતો ફુટ્યો કે અમે ભટક્યા ભાગવા ગયા એ પહેલા જ ચોકીદાર આવી ગયો.અમને પકડી લીધા.પછી ચોકીદાર કહે 'સાલે..તુમરી રોજાણી આદત હો ગઈ હૈ, અબ તો મૈ પુલીસ બુલાઉંગા ઔર દંડે મરવાકર જેલ ભેજુંગા...'

પોલીસ અને સાથે જેલ શબ્દને સાંભળી અમે ફફડી ગયા હતા.શિકારીએ કોઈ પંખીને પકડ્યુ હોય અને એ ધ્રુજતું હોય એવી દશા હતી.પણ નશીબ પાંસરુ કે પટાવાળો શંકરિયો બહારના રોડ પરથી સાઈકલ પર જતો હતો. એ અમને જોઈ ગયેલો..સાઈકલ ઉભી રાખીને પુછી બેઠેલો 'એલા જૈંતિયા હું થયું ?'

અને એને જાણ થયેલી પહેલા તો ત્યાંજ ગુસ્સો કરતા કહેલું 'હાહરા ઓ, આંય આગળ પણ હખણા રહેતા નથી...'

પણ શંકરિયોએ અમને છોડાવ્યા હતા..એ દિવસે અમને એ શંકરિયો નહી પણ શંકરભાઈ લાગ્યો હતો.

એમ ચાર જણામાં એક જૈંતિયો હતો, બીજો જય કિચન, ત્રીજો હું અને ચોથો દિનેશ હતો. જય કિશન જે જેકલો..દિનેશને દિનીયો એ પછી હું બારોટ એટલે મને બારી કહેતા પણ એનો કોઈ રંજ ન હતો.

અમારી ટોળકી જે કહો તે... રખડવામાં શરારત કરવામાં અવ્વલ હતી. જાણે અમને કોઈ સારું કામ સૂઝતું નહી.

સમયને પાંખે જિંદગીમાં આગળ વધતા હતા. પણ શરારતમાં સહેજે ફેર પડ્યો ન હતો. ઘરવાળાનું આસપડોશીનું, શાળાના સાહેબોનું કહેવું માનવું નહી એ જાણે અમારો જન્મસિધ્ધ હક બની ગયો હતો.

એક દિવસ હા, રામદેવપીરજીનો મેળો હતો. ચારે જણા મેળે જવા નીકળ્યા. જૈંતિયો કહે મારા કપડામાંથી યાર ખુબ વાસ મારે છે. હું હમણા તળાવમાં ડૂબકી મારીને આવું છું...અમે એને કોઈ કહીએ એ પહેલા જ જૈંતિયો એક ભેખડ પર ચઢ્યો અને તળાવના તળાવના પાણીમાં મગર છુપાઈને બેઠો હતો. જેવો જૈંતિયો પડ્યો કે એણે પગ પકડીને ખેંચ્યો, જૈંતિયાથી રાડ નીકળી ગઈ. ઓ બાપા રે..અમે એનો વવલાટ જોઈ રહ્યા. ગામમાં ગયા અને ખબર આપી પણ બધું પુરું થઈ ગયું હતું. એક મિત્ર ગયો.

બીજા મહિને જયકિશન સાઈકલ ચલાવતો હતો.. એય પાછો છુટા હાથે..એનું બેલેન્સ ગયુ રસ્તા પર પટકાયો, પથ્થર બરાબર માથામાં વાગ્યો, પેસી પણ ગયો એને દવાખાને લઈ ગયા પણ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા. ચાર મિત્રોમાંથી એની બાદબાકી થઈ ગઈ.

બે રહ્યા.

એક દિવસ દિનેશે આવીને કહ્યુ, 'મારા મામા મને શાળાએથી ઉઠાડી મુકીને બીજે ગામ મોકલવા વાત કરી. દિનેશ કશુંય કરી ન શક્યો. હું એને રેલ્વે સ્ટેશને મુકવા ગયો. ગાડી ઉપડે ત્યાં સુધી અમે બે ખામોશ રહ્યા. છેક આગળ જ્યાં એંન્જિન ઉભું હતું. ત્યાની લાલ લાઈટ લીલી થઈ. ખખડી ગયેલા એન્જિનની વિચિત્ર વ્હીસલ સંભળાઈ. દિનેશ ડબ્બામાં ગયો ધીમો એક ધક્કો આવ્યો.

ગાડી ઉપડી.

'લે..નયન..હવે..'

આમતો એ મને કાયમ બારી કહેતો, પણ એ દિવસે મારા નામથી બોલાવ્યો. એ રડી પડ્યો.

હું રડી પડ્યો.

ગાડી ગતિમાં આવી ગઈ હતી.

જોત જોતામાં છેલ્લો ડબ્બો આવી ગયો.

ગાડી છુટી ગઈ.પ્લેટફોર્મ પરની ચહલપહલ ઓછી થઈ ગઈ હું એકલો રહ્યો.જિંદગી હતી, અમે ચાર હતા. પણ..પણ.. વરસાદ છે, વાદળ છે, પવન છે, વિજળીનાં તોફાન છે, ધુણયું તળાવ છે, આંબલીના લીલા કાતરા છે, આંખોમાં એ યાદો છે.

પરંતુ એ બાળપણ નથી. મારા પુત્રો ઘણીવાર કહે છે 'પપ્પા તમારી વાત કહોને..'

મારી પત્ની રેણું કહે છે 'કહોને...'

પણ...

રેણુ વિષ્ણુકુમાર બારોટ
અમદાવાદ

નારી ચેતના..

અનુસંધાન ૫ નું ચાલુ

ઉપરોક્ત અભ્યાસ આ ચિન્હનને લાગુ પડે છે. તે સંબંધી પર આધીન છે. કોઈક એટલે કે તેના સંબંધમાં છે તે વ્યક્તિઓ, સગા, સંબંધી કે મિત્ર સુચવે તો આવી વ્યક્તિને સ્વ પર ભરોસો થાય છે. તેવે વખતે તે કરી શકે તેવો વિશ્વાસ અનુભવે છે. એવે વખતે એને કામ યોગ્ય લાગે છે.એવે વખતે તેની બુદ્ધિ ચાલે છે. કોઈકના સુચન પર આશ્રીત રહેવાની આદત પડે છે. તેથી સમર્પિત વ્યક્તિને સ્વપ્રેરણા થતી નથી. તેને સ્વેચ્છાએ કોઈપણ જવાબદારીની સુઝ પડતી નથી.ઘણી વખત આવી વ્યક્તિ સામાજીક પ્રસંગે નિષ્ક્રીય જોવા મળે છે. તે બધાની વચ્ચે મુંઝાયેલ રહે છે. સગાની બીમારી વખતે સમય આપીશકે પણ કંઈ મદદ કરતાં આવડે નહીં.

સમર્પિત વ્યક્તિ સંબંધ જાળવવા નમે છે. ખાસ તો પ્રેમના સંબંધમાં ઝુકવાનું રાખે છે. મહદ અંશે સ્ત્રીઓ પ્રેમીની જીદ સામે અયોગ્ય માંગણી સંતોષે છે. દિકરીવાળા પુત્રીની સગાઈ જાળવવા દહેજની માંગણી સંતોષે છે. સ્ત્રી લગન પહેલાં જાતીય સંબંધથી તૈયાર નથી છતાંય પ્રેમીની માંગણી સંતોષે છે. પતિ કોઈપણ હદે ખરાબ વર્તન કરે, પતિ ભ્રષ્ટાચાર , ગુનો કે પાપની કમાણી કરે, તો તેવા પતિનો સંબંધ જાળવવા પત્ની પતિના પક્ષમાં ખોટું બોલે. સમર્પિત સ્ત્રી પતિ જેવું વિચારે તેવું જ બોલે છે. વર્ષો પહેલાં અસલી નકલી ફિલ્મની ગીતનું મુખડું સમર્પિત કે આશ્રીત વ્યક્તિને લાગુ પડે છે.

'તેરા મેરા પ્યાર અગર, ફિર ભી મુઝકો લગતા હૈ ડર,
મેરે જીવનસાથી બતા, દિલ કયું ધડકે રૂક રૂક કર..'

માતા પુત્રનો પક્ષ લેવા સંબંધી સ્નેહીનો પક્ષ લેવા ખોટું બોલે, જો કોઈ પ્રશ્ન ઉભે તો સગાના પક્ષમાં સત્યથી વેગળા રહે એ આપણે જોઈએ છીએ.

નોકરીના સ્થળે જે કામ કોઈ જ કરવા તૈયાર નથી એવા કામ કરવા રાહુલ હંમેશા તૈયાર રહેતો. રાહુલ એક સંસ્થામાં જોડાયો. તેવે વખતે આ લાગુ પડતું. કેટલીક સ્ત્રીઓ કામ મેળવવા કે નોકરી ટકાવવા કે લક્ષ્ય મેળવવા વ્યભિચારને સ્વીકારે છે. પ્રેમી કે પતિના લાભ માટે બળાત્કારને સ્વીકારતી નારીના કિસ્સા બન્યા છે. એ દરેક ત્યાગ ઉપરોક્ત ચર્ચાને સાંકળે છે.

આવી વ્યક્તિ નિષ્ણાંતની સલાહ લે તે ચર્ચા દ્વારા ઉકેલ મેળવે તોય માર્ગદર્શનનો અમલ કરે નહીં. અમલ કરવામાં દ્વિધા અનુભવે તે ક્રિયા કરવામાં મુંઝાયેલ, ડરેલ કે ગુંચવાયેલ રહે. પરિણામે નિષ્ક્રીય કે આળસુ જોવા મળે. આ ચિન્હ સૌથી મહત્વની વિકૃતિ છે. સ્વને નબળા સમાજીને જીવવાથી તે પરાવલંબી રહેલા સમય જતાં જેના પર આધાર હતો એ વ્યક્તિ ચાલી ગઈ. અથવા એ સંબંધ તુટી ગયો કે સાથી કે ભરોસાપાત્ર વ્યક્તિ સાથેના જોડાણથી અનિશ્ચિતતા અનુભવી. નાસીપાસ થવાથી પ્રયાસો પરનો ભરોસો ઉઠી ગયો. એવી માનસિક અસરના પરિણામે આવી વ્યક્તિમાં વિલંબવૃત્તિ કે લાસરીયાપણાનો વિકાર અનુભવે છે.

ગરીબે કે પછાત વર્ગમાં પત્નીના વર્તનમાં ઠેલન વૃત્તિ કે આળસ નોંધાય, એવી સ્ત્રી નોકરી કરે ત્યાં રૂપીયા મળે તો જ પ્રોત્સાહન અનુભવે. સગા કે સંબંધીને સાચવવામાં આવી વ્યક્તિ નોકરીમાં રજા પાડે એ ચિન્હો ઉપરોક્ત ચર્ચાને સાંકળે છે.

નોકરી કરતી મહિલાઓમાં દર સોમાંથી તેત્રીસ સ્ત્રી ઉપરોક્ત સ્વભાવ ધરાવે છે. જે મહત્વની ખામી છે એવી વ્યક્તિ તરછોડાવાનો જ ડર અનુભવે છે. તે એકલતામાં તાણ અનુભવે છે. સંબંધ વિના તે લાચારી અનુભવે છે.

નારી..

અનુસંધાન ૫ નું ચાલુ

માતાઓએ પણ સજાગ રહેવાની જરૂર છે. કારણકે માતાને જોઇને યુવકો અંદાજ બાંધે છે કે એ યુવતી પ્રૌઢાવસ્થામાં કેવી લાગશે! આમ સંસારની ઘરેડમાં ૪૫ની ઉંમર સુધી પહોંચતા પુરુષ પોતાના ધંધા-રોજગારમાં બરોબર જામી ગયા હોય છે. તેની સામાજિક પ્રતિષ્ઠા અને આર્થિક પરિસ્થિતિ સુરક્ષિત બની જાય છે અને એ સમય તેના જીવનનો અગત્યનો સમય હોય છે આવે વખતે ચાલીસની ઉંમર સુધી પહોંચેલી પત્ની જો ફુવડ અને બેડોળ દેખાતી હોય તો તે પતિનો અડધો આનંદ ઓછો થઇ જાય છે.

સ્ત્રીની સુંદરતા, સ્વભાવની મીઠાશ અને વ્યવહારકુશળતાથી પુરુષ જેટલો આકર્ષિત થાયછે તેટલો તેની બુદ્ધિથી આકર્ષિત થતો નથી. પોતાનાથી વધારે ભણેલીગણેલી યોગ્ય યુવતીને પોતાની જીવનસાથી બનાવવાનું તેને ઓછું મન થાય છે. જે યુવતી પોતાનાં પહેરવેશ, વાતચીત, હાવભાવ, રુચિ અને આદર્શમાં પૂર્ણરૂપે નારીત્વનું પ્રદર્શન કરે છે તે જ પુરુષને પોતાના તરફ આકર્ષિત કરી શકે છે. વાચાળ, નિર્ભય, સાહસિકા અને ગમે તેમ બોલનારી સ્ત્રીઓ તરફ પુરુષો આકર્ષિત થતા નથી. પોતાની પ્રેમિકા કે પત્ની પોતાના પર નિર્ભર રહે અને પોતે તેનો રક્ષક બને એ ભાવનાથી પુરુષનો અહંભાવ સંતોષાય છે. ઘરમાં પુરુષ સ્ત્રીની વાત માની લે છે પણ બહાર એ કદી પસંદ કરતો નથી કે સ્ત્રી તેને સલાહ આપે કે તેની પર રોફ જમાવે. જે સ્ત્રી વ્યવહારકુશળ નથી હોતી તે પોતાની લોકપ્રિયતા પણ ગુમાવે છે. પુરુષોને સુંદર અને સ્માર્ટ સ્ત્રીઓ પસંદ હોય છે. જે સ્ત્રી પોતાના પહેરવેશમાં સંસ્કારી હોય અને જે શૃંગારને વધારે મહત્વ ન આપતી હોય. પરંતુ પોતાની સાદાઇમાં પણ સ્માર્ટ લાગતી હોય અન જેને સમય પ્રમાણે રુચિપૂર્ણ વેશભૂષા કરતાં આવડતી હોય તેને પુરુષ વધારે પસંદ કરે છે. પુરુષ માટે સ્ત્રી પ્રેરણાના ઝરણાસમી છે. પુરુષ ઇચ્છે છે કે સ્ત્રીની વ્યવહાર કુશળતા અને સહયોગથી તેને પોતાનું વ્યક્તિત્વ વિકસાવવામાં પોતાના વ્યવસાયમાં પોતાની ઉન્નતિ કરવામાં તથા પોતાના અહંમને સંતોષવામાં પ્રેરણા મળતી રહે. સ્ત્રી જો પુરુષની રુચિ, નિર્બળતાઓ અને ખૂબીઓને સમજીને વ્યવહાર કરે તો પુરુષ તેનો દાસ બની જાય છે. જીવનસંગિની ભણેલીગણેલી તો હોય પણ સાથેસાથે તેનામાં કલાપ્રિયતા પણ હોવી જોઇએ. જેથી તે ઘરને વ્યવસ્થિત અને સુઘડ રાખી શકે.પૈસાદાર કુટુંબની ઘણા જ લાડમાં ઉછરેલી યુવતી સાથે લગ્ન કરનારા મોટા ભાગના યુવકોને પોતાના સાસરેથી મળનારી મિલકતનું જ આકર્ષણ હોય છે. મોટાભાગની ભણેલી યુવતીઓ એમ જ માનતી હોય છે કે લગ્ન મોજ કરવા માટે જ છે. યોગ્ય રીતે સજાવેલું ઘર હોય, નોકરચાકર હોય, કાર હોય, બંગલો હોય, આધુનિક યુગની સગવડો હોય, પતિ સારું કમાતો હોય અને પોતાની કમાણી પત્ની માટે સારા પ્રમાણમાં વાપરતો હોય એવું કેટલીક યુવતીઓ ઇચ્છતી હોય છે. પરંતુ સ્ત્રીઓએ સમજવુ જોઇએ કે જિંદગીની બાજી એટલી આસાન નથી. યોગ્ય તાલીમ વગરની યુવતી જ્યારે પરણીને સાસરે જાય ત્યારે અકળાતી હોય છે. '' મેં તો મારા ઘરમાં પાણીનો ગ્લાસ પણ નથી ભર્યો અને અહીં મારે રસોઇ કરવાની ? કોણ જાણે કેટલી જવાબદારી માથા પર આવી પડશે, મારું જીવન તો ગાડાને જોડેલા બળદ જેવું થઇ ગયું !'' આવી માન્યતા ધરાવનારી યુવતીઓ ગૃહસ્થાશ્રમની જવાબદારીને સંભાળવાને માટે તૈયાર થઇને આવતી નથી, પછી દાંપત્યજીવન કેવી રીતે સુખી બને ? એ યાદ રહે કે પત્નીના રૂપમાં પુરુષ જીવનસહચરી ઇચ્છે છે. લગ્નનો અર્થ એ નથી કે લયલા મજનુ બનીને સિનેમાના દ્રશ્યોની માફક રોમાંસમાં રચ્યાપચ્યા રહેવું. જે છોકરીઓ આ જાતના સ્વપ્ન સેવીને લગ્નજીવનમાં પ્રવેશ કરે છે તે વાસ્તવિકતાનો ખ્યાલ આવતાં નિરાશ બની જાય છે.

ખાસ કરીને જે યુવતીઓ પાશ્ચાત્યસંસ્કૃતિના રંગે રંગાયેલી હોય છે તથા આદર્શવાદ, વાસ્તવિકતા અને વ્યવહારકુશળતાથી અપિરિચિત હોય છે તેનું જીવન ઘણું દુઃખી બને છે. કલબ, પાર્ટી, અને પાનાં રમવામાં જ તેનો સમય પસાર થઇ જાય છે. તે કદી સફળ ગૃહિણી નથી બની શકતી. આજકાલના મોંઘવારીના જમાનામાં દરેક પુરુષ ઇચ્છે છે કે પોતાને એવી પત્ની મળે જે તેની આર્થિક, સામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બને. ઘર સંભાળવા ઉપરાંત, જો તે થોડું કમાઇ પણ શકે તો વધુ સારું ગણાય. જો એમ ન બને તો રસોઇ કરવામાં, ઘરને વ્યવસ્થિત રાખવામાં તેમજ ઘરની અન્ય જવાબદારીઓ સંભાળવામાં કાબેલ હોય તે જરૂરી છે. જો તે પતિના કામમાં મદદરૂપ ન બને તો કાંઇ નહીં પરંતુ તેને પ્રેરણા આપતી રહે, તો પણ વધારે સારું. સમયસર સારી રસોઇ તૈયાર મળે અને સુખ-સગવડ મળતી રહે તો પતિને વધારે પરિશ્રમ કરવાની શક્તિ અને હિંમત મળે છે. નોકરી ન કરનારી સ્ત્રીઓ પણ ઘરના પત્રવ્યવહારનો, સામાજિક કામો,બેંકનું કામ, ઘર માટેની ચીજોની ખરીદી વગેરે જવાબદારીઓ પોતે સંભાળીને પતિને એ બધી જ જવાબદારીમાંથી મુક્ત કરી શકે છે. આમ તો અત્યારની યુવતીઓ દરેક બાબતમાં પાશ્ચાત્ય સ્ત્રીઓની નકલ કરવાનું ઇચ્છે છે. પરંતુ તે ભૂલી જાય છે કે પશ્ચિમના દેશોમાં ઘરનું તમામ કામ પત્ની જાતે જ કરે છે. હવે એવો સમય આવી રહ્યો છે કે આપણા દેશમાં કામ કરવા માટે નોકરો નહી મળે, બધું કામ ગૃહિણીએ જાતે જ કરવું પડશે. લગ્ન માટે યોગ્ય બનેલા યુવકો આ બધી બાબતો વિચારીને જ જીવનસાથીની પસંદગી કરવાનું ઇચ્છે છે. એ વાત દરેક યુવતીએ યાદ રાખવી જોઇએ.

શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

'લાંબા પૂંછડીનો વટ' નામે પુસ્તકમાંથી પસાર થતાં તેમાં ૨૧ જેટલી વાર્તાઓ આપણને મળે છે. તેમાં ઘણી બધી વાર્તાઓમાં પ્રાણીઓ-પક્ષીઓને વાર્તાના પાત્રોરૂપે લીધેલ જોવા મળે છે. 'લાંબી પૂંછડીનો વટ' વાર્તામાં વટમલજી વાંદરો અને વન પરીની વાત સાથે લેખિકાએ આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરી સરસ રીતે વાર્તા મુકી આપી છે. વાંચે ગુજરાતની સરકારી યોજનાની વાત પણ કોયલ, પોપટ, મેના અને કબુતર સાથે જોડીને ગધ્ધાજીને વાંચનનું મહત્વ બનાવી તે દ્વારા ઉપદેશ અપાયો છે. મૂંડા મંકોડાની મોટાઈ, અનોખી વેશભુષા, યુક્તિએ અપાવી મૂક્તિમાં પતંગિયાએ યુક્તિના આધારે ગરોળીથી પોતાના બધા સાથીઓના જીવ કઈ રીતે બચાવ્યા તેની વાત છે તો 'અર્જૂનની ફરીયાદ' મહાભારતની પૌરાણિક કથા પર આધારિત છે. 'સાચી મિત્રતા' માં વાચકના સંવાદ દ્વારા લેખિકાએ પોતાની વાત રજૂ કરી છે. ફોસી બકરીની ચાલાકી હોય કે 'છીંકારો સિંહને ફોસીસવાળી બકરી' વનના પંખીઓના સંપ દ્વારા બાળકોને સંપીલાને રોજ દિવાળીનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કાગડાને પુરી મોળી લાગી...માં બાળકોને કાગડા જેવા પણી તરફના પ્રેમને ઉજાગર કરવામાં આવ્યો છે. જિરાફ અને ઉંટની અકડાઈ વાર્તામાં વિનાશકને વિપરીત બુધ્ધી કહેવતને સાકાર કરી અહંમ ન રાખવાનો બોધ અપાયો છે તો આંખા ડાળે સાપ સંગ્રહની ખાસી લાંબી વાર્તા હોવા છતાં તેનો ઉદ્દેશ્ય બરાબર સિધ્ધ થતો હોય તેમ લાગતું નથી. છેલ્લે હે 'મારા કામ .... જેવી વાર્તા બાળકને મનોરંજન સાથે ભૌતિક તરફ ખેંચી જાય છે. તે કયો બોધ આપવા લખાઈ હશે તે સમજાય નહીં તેવું જ છે. છતાં વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓ બાળકોને તેના ચિત્રો, સંવાદો અને રજૂઆતથી જરૂરથી આકર્ષે તેમ છે જે માટે નિરાબેનને ધન્યવાદ પાઠવું છું.' પ્રથમ આવૃત્તિ ૨૦૧૪ લાંબી પૂંછડીનો વટ(બાળ કિશોર વાર્તા સંગ્રહ)

નટવર હેડાઉ

બાળ ઉછેર...

અનુસંધાન ૫ નું ચાલુ

શકે છે તો તે દિવસે પણ કરી શકે છે જો તમે તમારા બાળકોને દિવસે બહાર નીકળવાની અનુમતી આપો છો તો રાત્રે પણ અનુમતી આપવી જોઇએ. જો તમે તમારા બાળકોને રાત્રે દસ-અગિયાર સુધી નીકળવાની છૂટ આપો છો તો રાત્રે ત્રણ વાગ્યા સુધી બહાર રહે તેમાં કોઇ ખતરો નથી. આમ કહેવાનો અર્થ એ છે કે બાળકને રાત્રે બહાર નીકળવાની બાબતમાં માતા-પિતાએ સ્પષ્ટ હોવું જોઇએ. વક'ગ માતા-પિતાએ આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. પરંતુ જ્યાં માતા-પિતાએ સ્પષ્ટ હોવું અને સમજોતો કરી લેવો જોઇએ તો બીજી તરફ યુવા વર્ગે પણ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઇએ. આજના યુવાવર્ગને લાગે છે કે માતા-પિતાની હા માં હા મિલાવીએ તો પોતાનું અસ્તિત્વ જ નહી રહે. આ સાચી માનસિકતા નથી. યુવા વર્ગે સમજવું જોઇએ કે તેમના માતા-પિતા તેમના માટે જે નિર્ણય લે છે તે તેમના સારા માટે જ લે છે. જો તમને લાગે છે કે તમારા માતા-પિતા તમારા માટે વધુ પડતા પ્રોટેકટીવ છે તો આ બાબતે તેમની સાથે વાત કરો પરંતુ તેમના વિરોધમાં થઇ જવું અને તેઓ જે કાંઇ કહે તેમાં ના પાડવી તેમની વિરૃધ્ધ થવું આ સારી માનસિકતા નથી. આ બાબતે સૌથી સરળ રસ્તો એ રહેશે કે માતા-પિતા બાળક સાથે બેસી રાત્રે બહાર રહેવાની સમય મર્યાદા નક્કી કરી લો. કેટલા વાગ્યા સુધી બહાર રહેવાની પરમિશન છે તેનો સ્પષ્ટ દિશા નિર્દેશ નક્કી કરી દો. સાથે સાથે મા-બાપ અને બાળકોએ એ પણ ક્ષુ કે તે બંનેની માનસિકતા સમજવામાં ગ્રસિત ન રહે, આ રીતે ભ્રમમાં ન રહો કે તેને તમારી રીતે સમજી જાવ છો. આ એટીટયુડ ગેરસમજ ઉભી કરે છે, કેમ કે વાસ્તવમાં એવું હોય છે ઘણી વાર એવું બને છે કે તમે જેવું વિચારતા હો તેવું ન હોય પરંતુ તમે જેવી કલ્પના કરી હોય તેવું તમને દેખાતું હોય છે. આનાથી બંન્ને તરફ ગેરસમજ થાય છે કે બીજા તેની વાત નથી માનતા. આવી સ્થિતિથી બચવું જરૂરી છે.લેટનાઇટ પાર્ટીઓની બાબતમાં માતા-પિતા અસમંજસભરી પરિસ્થિતિમાં હોય છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે ફાલ્ગુનકુમાર પરમાર

પિતા-જશવંતલાલ
માતા-પુષ્પાબેન
જ.તા.૨૭/૯/૧૯૯૦
ઉ.વર્ષ-૨૭
મુ - જગાણા,
ઉમગણીશેરી,
વણકરવાસ,
તા.પાલનપુર,
જિ.બ.કાં.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

રાધનપુરના દેવમાં હિમજા માતાજીને શ્રીપરણીના પાનનો શણગાર

રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે છસ્સો વર્ષોથી પણ વધુ પૌરાણિક ગણાતા હિમજા માતાજીના મંદિરે માતાજીને નવરાત્રીના નવ દિવસ દરમ્યાન રોજેરોજ અલગ-અલગ આકર્ષક શણગાર કરવામાં આવે છે, મંગળવારે છઠના દિવસે માતાજીને માતાજીને અત્યંત પ્રિય સાક્ષાત લક્ષ્મીજી સ્વરૂપ શ્રીપરણીના પાનનો શૃંગાર કરવામાં આવ્યો હતો, જેમાં માતાજીનું દૈદિપ્યમાન સ્વરૂપ જોવા મળ્યું હતું, ભાવિકોએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો તેમ પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.

મહેસાણા શહેર અને જિલ્લામાં નવલા નોરતાની ધૂમ : ખેલૈયાઓએ રંગ જમાવ્યો

વિસનગર

મહેસાણા શહેર અને જિલ્લામાં નવરાત્રિની શરૂઆતથી જ ગરબા રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓ મન મૂકી નવરાત્રિમાં રંગ જમાવ્યો છે. મહેસાણા શહેર હોય કે અન્ય શહેર કે ગામ ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસ પહેરી ગરબાની રમઝટ બોલાવી છે. શહેરના પાર્ટી પ્લોટ ખેલૈયાઓથી ઉભરાઇ રહ્યા છે. વિસનગરમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં મા અંબાના આરાધનાના પર્વ નવરાત્રી મહોત્સવ થનગનાટ -૨૦૧૭નું આયોજન કરાયું છે. ૨ દિવસ ચાલનારા મહોત્સવનો શુભારંભ ધારાસભ્ય ઋષિકેશ પટેલ, સર્વોદય સેવા ટ્રસ્ટના સોમાભાઇ મોદી તેમજ સાંકળચંદ યુનિ.ના ચેરમેન પ્રકાશભાઇ પટેલે કરાવ્યો હતો. પ્રથમ દિવસે ખ્યાતનામ કલાકારોએ ગરબાની રમઝટ બોલાવી હતી. મહોત્સવના અંતે ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

ધી ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ. કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

મહેસાણા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા અને જે.સી.આઈ, મહેસાણાના સંયુક્ત ઉપક્રમે તા.૧૧-૯-૨૦૧૭ ના રોજ "સ્ત્રી-સશક્તિકરણ અને આત્મ વિશ્વાસ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજિત વ્યાખ્યાનમાં જે.સી.આઈ., મહેસાણાના અશ્વિનભાઈ સોની(ટ્રેઈનર), પ્રશેષ દિક્ષીત(પ્રેસિડેન્ટ), અશ્વિનભાઈ સોની(સેક્રેટરી)અને જિજ્ઞેસ બારોટ(ડાયરેક્ટર)ઉપસ્થિત રહ્યા હતા. અશ્વિનભાઈ સોનીએ પોતાના વ્યાખ્યાનમાં સ્ત્રી સબળતા માટે આત્મવિશ્વાસ કેળવવા પર ભાર મુકી, આત્મવિશ્વાસ સંદર્ભે ડેમોસ્ટ્રેશન અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરી સ્ત્રીઓને સમાજમાં સશક્ત બનવા પર ભાર મુક્યો હતો. ઉપસ્થિત વક્તાશ્રીઓનો શાબ્દિક પરિચય અને આવકાર કોલેજના પ્રિ.ડો.એમ.કે.પટેલે રજૂ કર્યો હતો. સંચાલન ડો.લતાબેન શર્માએ અને આભારવિધિ પ્રા.કમલેશભાઈ ગોહિલે રજૂ કરી હતી.

વિવિધ બજાર ભાવ

ડીસા		**ધારેરા**	
એરંડા	૮૯૯-૯૯૧	બાજરી	૨૨૩-૨૧૫
રાયડો	૧૪૦-૧૪૧	મગ	૦૧૯-૧૦૪૩
બાજરી	૨૩૫-૨૪૫	ચોળા	૧૧૦-૬૦૧
મગ	૮૧૧	ગવાર	૧૪૫-૭૦૫
ચોળા	૧૭૧-૭૧૮	રાયડો	૧૨૦-૧૫૭
રાજગરો	૭૪૦-૮૦૧	એરંડા	૮૭૦-૯૯૨
પાલનપુર		ઈસ.	૧૮૦૦-૨૦૦૦
ઘઉં	૩૦૦-૩૫૫	જીરૂ	૩૧૪૧-૩૨૦૦
બાજરી	૧૭૧-૨૩૭	તલ	૮૪૫-૧૦૦૦
એરંડા	૮૮૨- ૯૯૦	મેથી	૫૨૯-૫૫૦
રાયડો	૧૫૦-૧૫૧	સુવા	૧૦૦-૧૧૯
મગફળી	૪૭૫-૭૧૦	વરીયાળી	૧૧૦-૯૯૦
રાજગરો	૭૭૦-૮૧૧	રાજગરો	૭૪૧-૭૭૯
લાખણી		રજકો	૨૨૦૦-૨૨૦૧
રાયડો	૧૩૯૮૧૪૭	અન્ય	૭૫૧-૮૪૦
એરંડા	૮૧૧-૮૮૭	**થરા**	
બાજરી	૨૩૫-૨૪૫	જીરૂ	૩૦૦૦-૩૪૪૧
ગવાર	૧૭૧-૧૯૦	એરંડા	૯૯૦-૯૯૧
સરસવ	૮૦૯	રાયડો	૧૨૫-૧૩૧
રજ.બા.	૨૧૫-૨૮૭	ગવાર	૧૪૦-૧૭૧
ઘઉં	૨૭૦	ઘઉં	૨૯૮-૩૧૭
ચીકુડી	૧૫૧-૭૩૧	બાજરી	૨૧૫-૨૩૧
થરાદ		મગ	૭૭૧-૮૫૦
જીરૂ	૨૭૦૦-૩૫૧૫	રજકો	૨૧૦૦-૨૭૨૫
એરંડા	૮૭૦-૮૯૦	ચીકુડી	૮૦૦-૯૦૫
બાજરી	૨૩૦-૨૪૦	**પાટણ**	
ઈસ.	૧૮૫૦-૨૦૦૦	જીરૂ	૩૧૦૦-૩૧૯૦
રજકો	૨૪૦૦-૨૧૫૦	વરીયાળી	૭૦૧-૯૪૧
મગ	૧૫૦-૯૪૦	મેથી	૪૦૦-૫૦૫
ગવાર	૧૫૦-૧૯૯	સુવા	૭૦૦-૯૭૮
વરીયાળી	૭૮૨-૮૦૦	રાયડો	૧૦૦-૧૧૦
મેથી	૪૧૫-૫૦૦	એરંડા	૮૫૦-૯૯૯
અજમો	૮૫૦-૧૨૯૧	તલ	૯૭૦
રાયડો	૧૪૦-૧૭૦	અજમો	૪૦૦-૮૫૦
રાહ		ઘઉં	૨૯૦-૩૪૩
રાયડો	૧૫૦-૧૪૭	બાજરી	૨૦૦-૨૪૫
એરંડા	૮૭૦-૮૭૫	મગ	૧૪૧-૯૦૦
બાજરી	૨૨૫-૨૫૫	અડદ	૫૦૦
ચીકુડી	૮૦૦-૮૪૦	ગવાર	૧૦૨-૧૯૧
વાવ		**સિદ્ધપુર**	
જીરૂ	૩૩૦૨-૩૫૦૦	રાયડો	૧૨૦-૧૫૧
એરંડા	૮૯૫-૯૯૧	એરંડા	૮૫૦-૯૦૦
ગવાર	૧૧૭-૧૯૦	મગ	૧૦૦-૯૦૦
મગ	૮૨૫-૮૫૦	ગવાર	૧૪૫-૧૮૫
વડગામ		ચોળા	૪૫૦-૧૧૪
ઘઉં	૨૮૧-૨૩૫	ઘઉં	૩૦૧-૩૩૪
બાજરી	૨૦૫-૨૨૮	બાજરી	૧૭૦-૨૫૪
એરંડા	૮૯૧-૯૯૩	જુવાર	૫૧૧
ગવાર	૧૮૧		

રાધનપુરના મહેમદાવાદમાં દલિત સમાજના ચેકો આપવામાં ગલ્લા-તલ્લાં : પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદમાં ભારે વરસાદ અને પૂરના કારણે વ્યાપક નુકશાન થવા પામ્યું હતું, ઘરવખરીની સહાય માટે સરકારી તંત્ર દ્વારા ગામમાં સર્વે કરવામાં આવ્યું હતું અને ફોર્મ પણ ભરવામાં આવ્યા હતા, જેમાં દલિત સમાજના ઘરવખરીના ફોર્મ પણ ભરાયા હતા, જેની સહાયના ચેક પણ બની ગયા હતા અને ગામમાં મોટાભાગના લોકોને ચેક આપી દેવામાં આવ્યા હતા,પરંતુ દલિત સમાજના લોકોએ તપાસ કરતા ચેક બની ગયા હતા પરંતુ અનન્ય કારણોસર એ ચેક હજુ સુધી ગરીબ દલિત સમાજના લોકોને અપાયા નથી જેથી મંગળવારે ગામના દલિત સમાજના લોકોએ પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવાને આવેદનપત્ર આપીને રજુઆત કરી ઉપવાસ ઉપર બેઠા હતા,પરંતુ પ્રાંત અધિકારીએ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી ઉચ્ચારતા ઉપવાસનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો.દલિત સમાજના લોકોએ જણાવ્યું હતું કે તેમના સમાજના ૨૦ જેટલા ચેકો લખાઈને પડ્યા છે પરંતુ દલિતવિરોધી નીતિના કારણે ચેકો અપાયા નથી.

કમલ ચકવર્તી

પાયોનિયર સ્કૂલમાં પાટણ જિલ્લાનું ૧૯મું વિજ્ઞાન-ગણિત- પર્યાવરણ પ્રદર્શન યોજાયુ

પાટણ

પાટણ સ્થિત ગ્રીન કેમ્પસ કે.સી.પટેલ વિદ્યાસંકુલ પાયોનિયર સ્કૂલમાં આજરોજ જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, જિલ્લા શિક્ષણાધીકારીશ્રીની કચેરી, પાટણ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રીની કચેરી પાટણના સંયુક્ત ઉપક્રમે આયોજીત પાટણ જીલ્લાનુ ૧૯મું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન "ટકાઉ વિકાસ માટે નાવીન્યતા" વિષય પર યોજાયું. જેમાં સમગ્ર પાટણ જિલ્લામાંથી પસંદગી પામેલ માધ્યમિક શાળાની ૪૦ કૃતિઓ તથા પ્રાથમિક શાળાની ૪૫ કૃતિઓ મળી કુલ ૮૫ કૃતિઓએ ભાગ લીધો જેનું આજરોજ ઉદઘાટન પાયોનિયર સ્કૂલમાં કરવામાં આવ્યું જેમાં કાર્યક્રમના મુખ્ય અતિથી ડેપ્યુટી ડી.ડી.ઓ શ્રી ચૌહાણ સાહેબ, જિલ્લા શિક્ષણાધીકારી શ્રી વ્યાસ સાહેબ, નિરંતર શિક્ષણાધીકારી શ્રી સુરેશભાઈ પટેલ, નાયબ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધીકારી શ્રી બીપીનભાઈ પટેલ, તથા ડાયર પ્રાચાર્ય શ્રી બી.પી.ચૌધરી તથા વિજ્ઞાન સલાહકાર દેવાંગીભેન તથા શૈક્ષિક મહાસંઘના ગુજરાતના મહામંત્રીશ્રી ભીખાભાઈ પટેલ, ગુ.રા.શિક્ષકસંઘના કોષાધ્યક્ષ શ્રી જગદીશભાઈ પટેલ ઉપરાંત સંસ્થા ટ્રસ્ટીશ્રી વિવેકભાઈ પટેલ તથા હેમંતભાઈ તન્ના તથા શ્રી આર.સી.પટેલ વગેરે મહાનુભાવો આ ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડાયર પ્રાચાર્ય શ્રી ચૌધરી સાહેબ સમગ્ર કાર્યક્રમનુ મહત્વ સમજાવી જણાવ્યુ કે કલાસરૂમ શિક્ષણ કરતાં પણ પ્રાયોગીક શિક્ષણ થી વિદ્યાર્થીઓની ક્ષિતિજો વધુ ફેલાય છે.

ઉપરાંત જિલ્લા શિક્ષણાધીકારીશ્રી વ્યાસ સાહેબ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યુકે આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીનું સાચુ ઘડતર થાય છે. વિજ્ઞાન ગણિત જેવા ગહન વિષયો સરળતાથી વિદ્યાર્થીઓ શીખી શકે છે. જેમાંથી આવતકાલનો વૈજ્ઞાનિક ઘડાય છે. ઉપરાંત વધુમાં તેઓ એ જણાવ્યુ કે સાંસ્કૃતિક ભારતીય ઉજ્જવળ વૈજ્ઞાનિક પરંપરા ને સમગ્ર જગતે સ્વીકારયું છે ત્યારે આપણે વિજ્ઞાન ક્ષેત્રમાં આવા કાર્યક્રમમાંથ્ઘી ફરીથી એ ગૌરવ પ્રાપ્ત કરી શકીએ છીએ. તથા નાયબ ડી.ડી.ઓ સાહેબશ્રીએ જણાવ્યુકે ૧૯ વર્ષથી આવા વિજ્ઞાન મેળાઓ દ્વારા શિક્ષણમાં ધીમે ધીમે સકારાત્મક પરીવર્તન આવ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી માં આપણી આવનારી પેઢી તાલ મેળવી શકે તે માટે પણ આ પ્રકારનો કાર્યક્રમ તેમાં પૂરક બને છે.

આજે આ ઉદઘાટન સમારોહ પછી તમામ મહાનુભાવોએ વિજ્ઞાન ગણિત પ્રદર્શન સૌની સામે ખુલ્લુ મુકયુ હતુ જે પ્રદર્શન દિન ૨૬/૨૭ સપ્ટેમ્બર એમ બે દિવસ સતત ચાલુ રહેવાનું છે. જેમાં જિલ્લાની તમામ શાળાઓ અને વિજ્ઞાન-ગણિત પ્રેમીઓ માટે પણ જોવા આવવા નિમંત્રણ પાઠવું હતુ.

રાધનપુરમાં નગરપાલિકા કચેરી પાસે જ ગંદકીનું સામ્રાજ્ય

રાધનપુર

રાધનપુર શહેરમાં દિવાળી જેમ નજીક આવી રહી છે તેમ વિકાસકાર્યો પણ જોશભેર આગળ ધપી રહ્યા છે, પરંતુ શહેરના અનેક વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે, તે દૂર થવાનું નામ લેતું નથી.પટણી દરવાજા પાસે આવેલ નગરપાલિકા કચેરીની દીવાલને અડીને જ આવેલા સરદાર કોમ્પ્લેક્સમાં છેલ્લા ઘણા સમયથી મુતરડીની ગંદકીથી વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે, આ શોપિંગ સેન્ટરના બીજા માળે ચડવા માટેની સીડીની બાજુમાં જ મુતરડી છે, જેની ગંદકી સીડી અને રસ્તા સુધી આવી જવાથી વેપારીઓ તો વેપારીઓ પણ આ કોમ્પ્લેક્સમાં આવતા ગ્રાહકો પણ ત્રાહિમામ પોકારી ગયા છે,એક વેપારીના જણાવ્યા મુજબ પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રશાંત સોનીને આ બાબતે અવાર-નવાર રજૂઆતો કરવા છતાંય ઉડાઉ જવાબો આપે છે, જો પાલિકાને અડીને આવી ગંદકી જોવા મળતી હોય તો શહેરના બીજા વિસ્તારોની તો વાત જ શું કરવી તેવા સવાલો વેપારીઓમાં ઉઠી રહ્યા છે.આ ગંદકી દૂર થાય તેવું વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

કમલ ચકવર્તી

ચેક રિટર્ન કેસમાં મહેસાણાના રહીશને એક વર્ષની સજા

વિજાપુર

ચેક રિટર્ન કેસમાં વિજાપુર કોર્ટે મહેસાણાના શખસને એક વર્ષની સાદી કેદ અને રૂ.૫૦ હજાર ૩૦ દિવસમાં ચૂકવી આપવા આદેશ કર્યો હતો. વિજાપુરના દુધિયાપરા કોલવડાના પટેલ નીતિનકુમાર વિષ્ણુભાઈએ વર્ષ ૨૦૧૬માં મહેસાણા દેસાઈ નગરમાં રહેતા મેમન મ્યુદીન જાનમહંમદને રૂ. ૫૦ હજાર ઉછીના આપ્યા હતા.

જે પેટે સામે ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં રકમ નહી પરત કરતાં મ્યુદીન મેમન સામે કેસ કરાયો હતો. આ કેસ વિજાપુર સેકન્ડ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) જે.જે. આહુજાની કોર્ટમાં ચાલી જતાં તેમણે આરોપી મેમન મ્યુદીન જાનમહંમદને એક વર્ષની સાદી કેદ તેમજ રૂ.૫૦ હજાર ૩૦ દિવસમાં ચૂકવવા હુકમ કર્યો હતો. ફરિયાદી પક્ષે એડવોકેટ રસિક પ્રજાપતિએ દલીલો કરી હતી.

પાટણ સિનિયર સિટીજન કાઉન્સિલ ખાતે હાસ્ય દરબાર કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ સિનિયર સિટીઝન કાઉન્સીલ ખાતે હાસ્ય દરબાર કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે ખાસ મહેસાણાના હાસ્ય સમ્રાટ સુરેશભાઈ આર. નાયડુ દ્વારા મનોરંજન પિરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરેશભાઈએ કાર્યક્રમની શરૂઆત માતાજીની સ્તુતિ દ્વારા કરી હતી. તથા માતાજીના નવરાત્રીને વંદન કરી હાસ્યથી સિનિયર સીટીઝન સભ્યોને તરબોળ કરી દીધા હતા. હાસ્ય એ શરીરને તંદુરસ્ત રાખનાર રામબાણ ઈલાજ છે. સદા હસતા રહો અને હસાવતા રહો તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાને આર્થિક ભેટ આપનાર ચૌધરી પરમાનંદભાઈ તેજાભાઈ તથા નાસ્તાના દાતા પટેલ પોપટલાલ અંબાલાલ (ન્યુ સંતોકબા હોલવાળા)નું પણ સંસ્થા દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. તથા આગામી મીટીંગ ૮/૧૦/૧૭ ના રોજ રાખવામાં આવેલ છે. તેમ જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે આવેલ મહેમાનોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ શંકરભાઈ કે.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમનું સંચાલન રમણભાઈ પટેલ મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. તથા આભારવિધિ મુળશંકરભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી.

રાધનપુરની બી.એડ.કોલેજમાં નવરાત્રિ મહોત્સવની રમઝટ જામી

રાધનપુર

શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે.ગઢવી બી.એડ.કોલેજ રાધનપુર ખાતે માં આદ્યશક્તિના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ માતાજીની આરતી કરવામાં આવી હતી. મહોત્સવમાં તમામ તાલીમાર્થીઓ ભાતીગળ સંસ્કૃતિના વેષ પરિધાનમાં સજ્જ થઈ ગરબે ઘુમ્યા હતા. આનંદ ઉલ્લાસ સાથે રાસ-ગરબાની રમઝટ તમામ તાલીમાર્થીઓએ જમાવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી લીંમ્દાનભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સાથે આચાર્ય ડો.મનીષાબેન વ્યાસ, પ્રો.દિલીપભાઈ પ્રજાપતિ, પ્રો.શૈલેષભાઈ યોગી, પ્રો.અમિતકુમાર સોલંકી, પ્રો.સ્નેહલબેન કાપડીયા, પ્રો.જીગ્નાબેન ઠક્કર, પ્રો.કૌશલભાઈ વ્યાસ, ગ્રંથપાલ રામજીભાઈ પટેલ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અંતે તાલીમાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડો.મનીષાબેન વ્યાસે સર્વને નવરાત્રી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

કોડાય ગામે જિનશાસન રક્ષકદેવશ્રી મણિભદ્ર વીરદાદાનો હવન યોજાયો

તાલુકા પ્રતિનિધિ થરા

કચ્છની પાવન ધન્યધરાએ આવેલ કાશી નગરે કોડાય ગામે તપાગચ્છાધિષ્ઠાયક જિનશાસન રક્ષક શ્રી માણીભદ્રવીરદાદાનો હવન-પુજન યોજાયેલ. આસો સુદ ૫ ના લગભગ ભારતભરમાં શ્રી માણીભદ્રવીર દાદાનો હવન યોજાય છે. ત્યારે કોડાય ગામે પણ માણીભદ્ર વીર દાદાનો હવન પુજન સવારે ૯:૦૦ કલાકે શ્રી ભક્તિ પાર્શ્વનાથ જિનાલય મધ્યે પૂ.મુનિ વિદ્યાચંદ્ર વિ.મ.સા. પૂ.મુનિ પાર્શ્વયશચંદ્રજી મ.સા. પૂ.મુનિ નયશેખર વિ.મ.સા. પૂ.બાલમુનિ શૌર્યશેખર વિ.મ.સા. આદિઠાણા ૪, પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ ની પાવનકારી નિશ્રામાં આ માણીભદ્ર વીરનું હવન તથા પૂજન યોજાયેલ. આ હવન પૂજન દરમ્યાન શ્રી માણીભદ્ર વીર દાદાની અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ ૧૦૮ આહુતિ વિધાન સાથે આપવામાં આવેલ. આ હવન પૂજનના વિધિકારક કેવલભાઈ સાવલાએ કરેલ. સંગીતની રમઝટ કિશોરભાઈ એન્ડ પાર્ટીએ જમાવેલ. આ પ્રસંગે માંડવી મુંદ્રાના ધારાસભ્ય તારાચંદજી છેડા ઉપસ્થિત રહેલ.

આ પુજનના લાભાર્થી હરખચંદભાઈ ગાલા પરિવાર આ પ્રસંગે પૂ.મુનિ નયશેખર વિ.મ.સા.એ જણાવેલ.

ઉજ્જૈની નગરીમાં ધર્મપ્રિયશ્રેષ્ઠી અને જિનપ્રિયા હતા. તેઓને એક પુત્ર થયો તેનું નામ માણેકચંદ નાનપણથી ધર્મના સંસ્કારોનું સિંચન થયેલ. મોટા થતા પૂ.હેમવિમલસૂરિ મ.સા.ના પરિચયમાં આવતા જિનપૂજા- જિનભક્તિમાં ઓતપ્રોત બન્યો. એક વખત વેપાર અર્થે આગ્રા જવાનું થયું. ત્યાં પૂ.હેમવિમલસૂરિ બિરાજમાન હતા. તેમની નિશ્રામાં ચાતુર્માસ રહેવાનું નક્કી કર્યું. વ્યાખ્યાનમાં શત્રુંજય મહાત્મ્ય ગ્રંથ ઉપર વિવેચન ચાલ્યું. શત્રુંજયનો મહિમા સાંભળવા મળ્યો જાણી આનંદ થયો. આચાર્ય ભગવંતે સર્વને જણાવ્યું બ્રહ્મચર્ય પાલન-એકાસણા વ્રત- ભૂમિ શયન-સચિત્ત ત્યાગ આવશ્યક પ્રતિક્રમાદિ ક્રિયા આ પાંચ વિશેષતાઓ સાથે જે ભાગ્યશાળી અડવાણા પગે ભાલી તીર્થાધિરાજની યાત્રા કરે તેના પુણ્યનો કોઈ પાર ન રહે. આ સાંભળી માણેકચંદ શાહે ભર સભામાં ઉભા થઈ પ્રતિજ્ઞા આપવા વિનંતી કરી કે કાર્તિક પુનમ પછી હું આ રીતે નવકાર અને સિદ્ધાચલના ધ્યાનમાં યાત્રા કરવા જઈશ. આસો સુદ પાંચમના દિવસે જ પ્રતિજ્ઞા સ્વીકારી. કાર્તિક પૂર્ણિમાના દિવસે પૂ.ગુરુદેવ પાસે મંગલાચરણનું શ્રવણ કરી ગિરીરાજ સિદ્ધાચલ ભણી શુભ પ્રયાણ આદર્યું. આગ્રાની છેલ્લી વિદાય લઈ નવકારમંત્રના સ્મરણ કરતા અન્નજળ વગર તીર્થયાત્રા પ્રારંભ કરી. ઘણો પંથ કાપ્યા પછી ગુજરાતમાં પ્રવેશ કર્યો. પાલનપુરની નજીક મગરવાડાની પાસે આવેલા વન્ય પ્રદેશમાં ઝડપભેર આગળ વધી રહ્યા હતા. ચોર- ડાકુ- લુંટારાનો ભય હતો. તેઓ તો નવકારના ધ્યાનમાં હતા. ચાર લુંટારાઓએ પડકાર ફેંક્યો. તેઓને થયું આવા ગાઢ જંગલમાં એકલો વ્યક્તિ જાય છે. જરૂર તેની પાસે સારી મિલ્કત હશે એમ વિચારી માણેકશાહનો રસ્તો રોક્યો અને ચારેય જણ માણેક શાહ પર તુટી પડ્યા. તડ- તડ-તડ તલવારો ઝીંકાઈ. ''જય શત્રુંજય'' ના નિર્ઘોષ સાથે માણેકશાહની કાયા ઢળી પડી. માણેક શાહનું પ્રાણ પંખેરુ ઉડી ગયું. શરીરના ત્રણ ભાગ થયા મસ્તક ધડ- પગ- શુભ ધ્યાન અને મંગલ ભાવના અંતરમાં રમાતી હોવાને કારણે મૃત્યુ પામીને માણેક શાહને વ્યંતર નિકાય યક્ષ જાતિના ઈન્દ્ર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. યક્ષોના ઈન્દ્ર માણીભદ્ર દેવ તરીકે ઉત્પન્ન થયા. તપાગચ્છના અધિષ્ઠાક દેવ થયા. આજે જિનશાસનમાં શાસનદેવ તરીકે શ્રી માણીભદ્ર વીરની પૂજા થાય છે. સમ્યકદૃષ્ટિ દેવ છે. માણીભદ્ર વીરનું શરીર શ્યામ વર્ણનું છ ભુજા યુક્ત છે. તેમના જમણા હાથમાં ૩મરૂ મુદ્રગર રત્નમાળા છે. અને ડાબા હાથમાં અંકુશ નાગપાશ ત્રિશુળ છે. વાહન તરીકે શ્વેતરંગનો સાત સુંઢવાળો ઐરાવત હાથી છે. ૯૦૦૦ ઐરાવત હાથી જેટલુ તેમનામાં બળ છે. ૬૪ યોગિની, ભાવન વીર, ૨૦,૦૦૦ સામાનિક દેવ, બટુક ભૈરવ- કાળા ભૈરવ ઘંટાકર્ણ વીર આદિ દેવોના તે સ્વામી છે.

માણીભદ્રવીરજી વીરનાં પોતાના કથન મુજબ મુખ્ય ત્રણ સ્થાનો છે. ઉજ્જયિની નગરીમાં તેમનો જન્મ થયો હોવાથી ક્ષિપ્રા નદી કિનારે તેમનું મસ્તક પુજાય છે. (૨) ઉત્તર ગુજરાતમાં વિજાપુર સમીપ આગલોડ ગામમાં તેમનું ધડ પુજાય છે. (૩) પાલનપુર પાસે મગરવાડા ગામે તેમની પગની પિંડી પુજાય છે. તપાગચ્છની પાટે જે જે નૂતન આચાર્યો થાય તે આ સ્થાને આવી અઠ્ઠમ તપ કરે છે. તેઓની સેવામાં રહી ધર્મકાર્યમાં વિશેષ સહાય કરે છે. આસો સુદ પાંચમના દિવસે તેમણે શત્રુંજય યાત્રાની પ્રતિજ્ઞા લીધી હોવાથી તે તેમનો પ્રાગટ્યદિન છે. તે દિવસે હવન- પુજન ખાસ થાય છે. આ પ્રસંગે શ્રાવક- શ્રાવિકાઓ ઉપસ્થિત રહી પુજનનો લાભ લીધેલ.

યશપાલસિંહ ટી.વાઘેલા

ડીસામાં લાયસન્સ વગર ચાલતી ફટાકડાની દુકાનો પર પોલીસની રેડ

લાયસન્સ વગરની છ દુકાનો સીલ કરી : ડીવાયએસપી દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ : વ્યાપારીઓએ લાયસન્સ માંગેલ છે પણ હજુ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ઇશ્યુ કરાયું નથી

ડીસા

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ડીસાને શહેરમાં ઠેરઠેર ફટાકડાની દુકાનો પરવાના વગર ખુલી જતા મંગળવારે ડીસાના વિભાગીય પોલીસ અધિક્ષક દ્વારા લાઈસન્સ સકાસણી માટે અચિંતી રેડ કરાતાં વ્યાપારીઓ પાસે ફટાકડા વેચવાનું લાઈસન્સ ન હોઈ છ દુકાનો સીલ કરાઈ હતી. વ્યાપારીઓએ લાયસન્સ મેળવવા કાર્યવાહી કરેલી છે પરંતુ હજુ એસ ડી એમ કચેરી દ્વારા લાઈસન્સ ઈશ્યુ થાય તે પહેલાં વેપારીઓએ કોઈપણ પ્રકારની સેફ્ટી વગર ધંધો શરૂ કરી દેતાં પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ડીસા શહેરમાં કુલ ૧૧ વ્યાપારીઓએ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સમક્ષ ફટાકડાનો ધંધો કરવા પરવાનગી માંગી છે. જ્યારે કેટલાક વેપારીઓ ફટાકડાનો ધંધો કરવાનું બારમાસી લાઈસન્સ ધરાવે છે. ત્યારે હજુ દિવાળીને ૨૫ દિવસ બાકી હોવા છતાં ડીસાના મુખ્ય બજાર, ગાંધી ચોક, રીસાલા બજાર,લાયન્સ હોલ રોડ પર ઠેરઠેર ફટાકડાની દુકાનો કોઈ પ્રકારની સેફટી વગર ખુલી જતા ડીસાના વિભાગીય નાયબ

અનુસંધાન પાના નં.૬

છેડતી કરી મહિલા પર હુમલો કરનારા બેને એક વર્ષની સજા

ડીસા

ડીસા તાલુકાના ડાવસ ગામે મહિલાની છેડતી કરી માર મારતાં તે અંગેની ફરીયાદ મહિલાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જે કેસ ડીસા સિવિલ કોર્ટમાં ચાલી જતાં જજે બે શખ્સોને એક વર્ષની સજા અને રૂા.૧૦૦૦ નો દંડ કર્યો હતો. ડીસા તાલુકાના ડાવસ ગામે ૧૩-મે-૨૦૧૬ ના રોજ બે શખ્સોએ મહિલાની છેડતી કરી માર માર્યો હતો. જેથી મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જે અંગેનો કેસ ડીસા સિવિલ કોર્ટમાં ડીસાની સેકન્ડરી એડી. જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ એસ.વી. મુદલીયારની કાર્ટમાં ચાલ્યો હતો. જેમાં ડાવસના

અનુસંધાન પાના નં.૬

થરાદના દાંતીયામાં સામાન્ય બાબતે યુવક પર જીવલેણ હુમલો

કુહાડી, ધારીયા અને પાઇપ જેવા હથીયારો વડે ઇજાઓ કરાતાં ફ્રેક્ચર

(પ્રતિ.) થરાદ

થરાદના દાંતીયા ગામમાં સામાન્ય બાબતે ચાર વ્યક્તિઓએ મળીને એક પર જીવલેણ હથીયારો વડે હિચકારો હુમલો કરી ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચાડ્યાની ફરીયાદ નોંધાવા પામી હતી.

થરાદના દાંતીયા ગામનો વસંતભાઈ રવજીભાઈ પટેલ પોતાના પિતરાઇ ભરતભાઇ રવજીભાઇ પટેલ સાથે ૨૫/૦૯/૧૭ના રાત્રિના સાડા દશ વાગ્યાના સુમારે ગામમાં ગરબા જોઈને પરત આવી રહ્યા

અનુસંધાન પાના નં.૬

ગતિશીલ ગુજરાતમાં વિકાસ ગોથે ચડયો..!!!

પાલનપુરના ગામ નકશામાં ૨૦૦૦ જેટલી મિલ્કતો ગાયબ

પાલનપુર

ભાજપ શાસિત ગતિશીલ ગુજરાતમાં વિકાસ કેવો ગોથે ચડ્યો છે તેની પ્રતીતિ કરાવતી અને સરકારી બાબુઓની ગુન્હાહિત બેદરકારી દ્વારવતી ખળભળાટ મચાવતી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં પ્રમોલીગેશન થયા બાદના પાલનપુરના ગામ નકશામાં અસંખ્ય ત્રુટીઓ બહાર આવી છે. ખુદ જિલ્લા કલેક્ટર કચેરી સહિતની સરકારી કચેરીઓ સહિત અંદાજે ૨૦૦૦ જેટલી મિલ્કતો જ ગાયબ હોવાના ચોંકાવનારો અહેવાલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

પાલનપુરના ગામ નકશામાં ભૂલોની પરંપરા સર્જવામાં આવી છે. અરે જિલ્લાની વાત કરીએ તો અંદાજે ૨૦૦૦ જેટલી મિલ્કતો નકશામાંથી ગાયબ થઇ ગઈ હોવાના અહેવાલ મળ્યા છે.

પાલનપુર ગામ નકશો પ્રમોલીગેશન થયા બાદ નાયબ કલેક્ટર દ્વારા તા. ૦૧-૦૭-૧૭ થી અધિકૃત રીતે અમલમાં આલ્યો છે. જેમાં એરોમા સર્કલથી હનુમાન ટેકરી સુધીનો નેશનલ હાઈવે જ નથી. અમદાવાદ હાઈવે રેલ્વે પાટા પછી શરૂ થાય છે. લડબી નદી, એગોલા રોડ, આર્કેસણ રોડ, હનુમાન ટેકરી ચાર રસ્તા, કલેક્ટર કચેરી, જોરાવર પેલેસ, બેચરપુરા, જિલ્લા પંચાયત, એસ.ટી. કોલોની, લાજવંતી, વેવેઈટ, નેશનલ, એમ.એ.માસ્ટર, કર્ણાવતી, સરકીટ હાઉસ, સિવિલ હોસ્પિટલ, પાલનપુર નગરપાલિકા, વિષ્યામંદીર સહિતની જાહેર અને ખાનગી મિલ્કતો તથા અનેક સોસાયટીઓ આ નકશામાં દેખાતી ન હોવાના અહેવાલ ટોક ઓફ ધ ટાઉન બન્યા છે.

ચૂંટણી ટાણે મતદારોના નામ મતદાર યાદીમાંથી મોટાપાયે ગાયબ થઈ જવાના બનાવો તો સાંભળ્યા છે, પરંતુ અહી તો પાલનપુર સહિત જિલ્લાભરની ૨૦૦૦ જેટલી મિલ્કતો જ નકશામાંથી ગાયબ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. જો કે, આ ક્ષતિપૂર્ણ નકશાના કારણે પાલનપુરવાસીઓ સહિત જિલ્લાવાસીઓની મિલકતોને લઈને ઘણા કાયદાકીય અને ટેકનિકલ પ્રશ્નો ઉભા થવાની સાથે અનેકો વિવાદ થાય તેવી પ્રબળ શકયતાઓ વર્તાઈ રહી છે. લડબી નદીના વહેણ પાસેનો વિસ્તાર પણ બાજુની મિલ્કતોમાં ભેળવી દેવાની સાથે લોકેશન બદલાઈ જતા માલિકી હકો અંગે વિવાદ થવાની શકયતા વચ્ચે ખરીદનાર લોકો છેતરાય તેવી સંભાવનાઓ પ્રબળ બની છે.

સરકારને બદનામ કરવાનો કારસો

આગામી વિધાનસભાની ચૂંટણી ઋિતિજે ડોકાઈ રહી છે. ત્યારે પાલનપુરના ગામ નકશામાં રહેલી અસામાન્ય ત્રુટીઓ જોતા લોકો દ્વારા ઠોબાળો થાય અને લોકમત સરકાર વિરુદ્ધ થાય તે માટે સરકારી બાબુઓ દ્વારા આ સમગ્ર કવાયત ભાજપ સરકારને બદનામ કરવાના કારણરૂપે દર્શાઈ રહોવાની શકા-કુશંકાઓ વ્યકત થઈ રહી છે. જ્યારે અન્ય એક મત મુજબ, બિલ્ડરોના ઈશારે નકશાઓની દ્વારા જાણે-અજાણે તૈયાર થયેલા ગામ નકશાને પગલે લોકોની મિલ્કતોના લોકેશન બદલાઈ જવાની સાથે મિલ્કતો ગાયબ થઈ જવાના બનાવને પગલે સામાન્ય લોકોને ભારે હાલાકીઓ ભોગવવાનો વારો આવે તેમ છે. ત્યારે વિકાસ ગાંડો થયો, ભાજપ-કોંગ્રેસ-પપ્પુ કે અન્ય મુદ્દાઓ પર વોટ્સપિયુ જ્ઞાન પીરસનાર શહેરીજનો પોતાની મિલ્કતની ખરાઈ કરે તે ઈચ્છનીય છે. જ્યારે રિક્ષિટ વાંધુ મૂરતીયાએ સહિત કહેવાતા લોકનેતાઓ પણ આ જાહેરહિતને લગતા પ્રશ્ને અંગત રસ દાખવી પ્રજાજનોની વ્હારે ચડે તે સમયની માંગ છે.

ગામ નકશો પુનઃ બનાવવાની માંગ

સરહદી બનાસકાઠા જિલ્લામાં નબળી નેતાગીરીના પાપે અમદાવાદથી વહ્યો પ્રજાજનો કેવા પીસાઈ રહ્યા છે. તેની પ્રતીતિ કરાવતા આ ગામ નકશા અંગે પ્રજાના હામી હોવાનો ડોળ કરતા એક પણ સેવકસામેનો અવાજ ઉઠાવતો નથી. જો કે, પાલનપુરના એક જાગૃત નાગરિકે આ અંગે કલેક્ટરને રજુઆત કરી ગામ નકશામાં રહેલી અસંખ્ય ત્રુટીઓ પરત્વે ધ્યાન દોરી તેમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવાની માંગ સાથે આ ગામ નકશો રદ કરી નવેસરથી ગામ નકશો બનાવવાની માંગ કરી છે. વળી, ડી. આઈ. એલ આર. કચેરી દ્વારા રજૂ કરાયેલ નકશાની રેકર્ડ ચકાસણી કર્યા વિના તેના પર મંજુ મારી ગુન્હાહિત બેદરકારી દાખવનાર નાયબ કલેક્ટર સહિતના જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવા તથા આ નકશો બનાવનાર એજન્સીનું પેમેન્ટ અટકાવવાની દાદ માંગવામાં આવી છે.

કલેક્ટર કચેરી સહિત જિલ્લા સેવાસદન જ ગાયબ : અસંખ્ય ત્રુટીઓ : ભવિષ્યમાં પેચીદા પ્રશ્નો સર્જાશે

પૂ.આ.શ્રી. વિજય બોધિરત્ન સુરીશ્વરજી મ.સા. કાલધર્મ પામ્યા

ડીસા

તપાગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજીમહારાજ ના સમુદાય વર્તિ વાત્સલ્યમુર્તિ પ.પૂ. આ.શ્રીમદ વિજય બોધિરત્ન સુરી શ્વરજી મહા રાજ (ઉમર વર્ષ ૮૩) દીક્ષા પર્યાય ૪૩ વષ ને પાળી આજે આસો સુદ ૬ના સાંજે ૬.૦૫કલાકે અમદા વાદ પાલડી મુકામે ગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ.સા. તથા તેઓ શ્રીમદ્‌ના શિષ્યરત્નો (પુત્ર રત્ન) પ.પૂ.આ. વિજય તપોરત્ન સૂ. મ.સા. અને પ.પૂ.આ. શ્રી વિજય કુલરત્ન સૂ. મ.સા.આદિ અનેક આચાર્ય ભગવંતો અનેક પદસ્થો તેમજ વિશાલ શ્રમણ શ્રમણી ભગવંતોની ઉપસ્થિત માં સુંદર રીતે નિર્યામણા પુર્વક, અત્યંત સમાધિ પૂર્વક કાલના ધર્મને પામ્યા છે.તેઓ શ્રી કર્મસાહિત્ય નિષ્ણાત, પ.પૂ. આ. શ્રીમદ્ વિજય પ્રેમ સુરી સ્વરજી મહારાજના પ્રશિષ્ય રત્ન હતા. ૫૦ થી અધિક શિષ્ય પ્રશિષ્યના ગુરુ મહારાજ હતા.ઓ પ.પૂ.મુનિરાજશ્રી મતિધન વિજયજી મ.સાના પરમ વિનયી શિષ્યરત્ન હતા.૫૦ થી અધિક શિષ્ય પ્રશિષ્યના ગુરુ મહારાજ હતા. ૫૦ થી અધિક શિષ્ય પ્રશિષ્યના ગુરુ મહારાજ હતા. તેઓના દીકરી મહારાજ પણ સંયમજીવનની સુંદર આરાધના કરી રહેલ છે. તેઓએ સમગ્ર પરીવાર સાથે દીક્ષા અંગીકાર કરેલ. પૂજયશ્રીની પાલખી આજે આસો સુદ ૭ ને બુધવારના તા.૨૭/૯/૨૦૧૭ ના રોજ સવારે ૮.૦૦ કલાકે થારદાનગર સોસાયટી, પાલડીથી નીકળશે અને પાલખીની બોલીઓ ૬.૩૦ કલાકે બોલાશે.

થરાદ - ડીસા રોડ પર ચાર વાહનો વચ્ચે અકસ્માતમાં બેને ગંભીર ઇજા

ટ્રકે ઓવરટેક કરવા જતાં બે બાઇક અને ગાડીને અડફેટે લીધા

થરાદ

થરાદ ડીસા રોડ પર માળી ફાર્મના પાટીયા પાસે સર્જાયેલા ત્રિપલ અક્સ્કમાતમાં બે બાઈકસવારોને ઈજાઓ થતાં સારવાર માટે શહેરની ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા. જોકે પોલીસ દફતરે કોઇ નોંધ થવા પામી ન હતી.

થરાદ ડીસા રોડ પર આવેલા માળીફોર્મના પાટીયા પાસે મંગળવારની બપોરના સુમારે એક ટ્રક ઓવરટેક કરવા જતાં બે બાઈક અને GJ 08 AP 6836 નંબરની બોલેરો વચ્ચે અક્સ્માત થવા પામ્યો હતો. જેમાં બે બાઈક સવાર સહિત ચારથી પાંચને ઈજાઓ થવા પામી હતી. આ બનાવની જાણ કરાતાં થરાદ ૧૦૮ના

અનુસંધાન પાના નં.૬

સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત
મહેસાણા જિલ્લામાં સિંચાઈ અને
તળાવો ભરવા માટેની પાઈપલાઈન યોજનાઓનો
શિલાન્યાસ અને લોકાર્પણ સમારોહ

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ઉદ્‌ઘાટક
શ્રી એમ.વેંકૈયા નાયડુ
ઉપરાષ્ટ્રપતિ, ભારત

સમારંભના અધ્યક્ષ
શ્રી ઓ.પી.કોહલી
રાજ્યપાલ, ગુજરાત

પાઈપલાઈન યોજનાઓની વિગતો

ક્રમ	પાઈપલાઈનનું નામ	લાભિત ગામો અને વિસ્તાર	લોકાર્પણ/ શિલાન્યાસ
૧.	પીયજ થી ઉણાદ	૬૨ ગામો અને ૧૪૭૦૦ એકર વિસ્તાર	શિલાન્યાસ
૨.	ધાંધુસણ થી રેડલક્ષ્મીપુરા	૩૦ ગામો અને ૫૦૦૦ એકર વિસ્તાર	શિલાન્યાસ
૩.	ભાસરીયા થી સામેત્રા	૪૭ ગામો અને ૧૦૩૮૦ એકર વિસ્તાર	શિલાન્યાસ
૪.	ફુડા થી ભીમપુર	૨૦ ગામો અને ૭૪૧૦ એકર વિસ્તાર	શિલાન્યાસ
૫.	ખેરવા થી વિસનગર	૧૫ ગામો અને ૭૪૦૦ એકર વિસ્તાર	શિલાન્યાસ
૬.	કરણનગર થી ધાંધુસણ	૨૧ ગામો અને ૧૦૭૫૦ એકર વિસ્તાર	લોકાર્પણ

વિશેષ ઉપસ્થિતિ
શ્રી ભરતસિંહજી ડાભી
સંસદીય સચિવ

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ
શ્રીમતી આનંદીબેન પટેલ
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

શ્રીમતી જયશ્રીબેન પટેલ, સંસદસભ્ય
શ્રી નારાયણભાઈ પટેલ, ધારાસભ્ય
શ્રી રજનીકાંત પટેલ, ધારાસભ્ય
શ્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય

શ્રી દિલીપકુમાર ઠાકોર
મંત્રી, શ્રમ અને રોજગાર

શ્રી નાનુભાઈ વાનાણી
જળસંપત્તિ રાજ્યમંત્રી

તા.૨૭-૯-૨૦૧૭, બુધવાર, સમય : બપોરે ૨.૦૦ કલાકે, સ્થળ : મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મહેસાણા